૭૭ પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ

વર્ષ : ૬૬ ■ અંક : 3 ■ તા.૧-૨-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

વંચિત વિકાસ વિશેષ









## નવરચિત વાવ-થરાદમાં યોજાયો

# સંવિધાન, સંકલ્પ અને સ્વાભિમાનનો ઉત્સવ





# ગુજરાત પાક્ષિક / ગુજરાત રોજગાર સમાચાર
# ONLINE પેમેન્ટ કેવી રીતે કરશો?


**STEP - 1** https://onlinesbi.sbi.bank.in/sbicollect/

SBI Collect પોર્ટલ ખોલ્યા બાદ Type of Institutionમાં પસંદ કરો.

**DIRECTOR OF INFORMATION**





**STEP - 2** ગુજરાત પાક્ષિક / ગુજરાત રોજગાર સમાચાર

જે લવાજમ ભરવાનું છે તે સિલેક્ટ કરો.

**STEP - 3** પેમેન્ટ વિગતો દાખલ કરો

Enter Payment Detailsમાં તમારું નામ, મોબાઈલ નંબર, સરનામું જેવી જરૂરી વિગતો દાખલ કરો અને દાખલ કરેલી તમામ માહિતી ધ્યાનથી ચકાસી લો

I have read and agreed to the Terms & Conditions પર ☑ ટીક કરી Proceed પર ક્લિક કરો

**STEP - 4** હવે, Complete Paymentમાંથી પસંદ કરો

- Net Banking
- Debit / Credit Card
- UPI
- NEFT / RTGS
- Branch Payment

**STEP - 5** રસીદ ડાઉનલોડ કરો

પેમેન્ટ થયા બાદ

Print Receipt / Reference Number મળશે

તેને ડાઉનલોડ કરીને સાચવી રાખો.

**મહત્ત્વની સૂચના**

OTP / PIN કોઈને ન આપશો • માત્ર ઓફિશિયલ વેબસાઈટનો જ ઉપયોગ કરવો

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ■ Issue : 3 ■ Date : 1 - 2 - 2026

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : ગીતા દેસાઇ, દામિની ચૌહાણ, મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ઈ-મેલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**64 + 4 Cover = Total 68 Pages**


આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- વાવ-થરાદ જિલ્લો સૌર ઊર્જામાં અગ્રેસર બને એ રાજ્ય સરકારનો દૃઢ નિર્ધાર છે.
- વિકસિત વાવ-થરાદના રોડમેપ દ્વારા વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સરકાર કટિબધ્ધ છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને આત્મનિર્ભર બનાવવા દરેક સેક્ટરમાં હૉલિસ્ટિક ઍપ્રોચ સાથે રિફોર્મ્સ લાવ્યા છે.
- સુગમ્ય ભારતથી દિવ્યાંગજનોના કલ્યાણની દિશામાં મોટું કાર્ય વડાપ્રધાનશ્રીએ કર્યું છે.
- દેશને સંભવિત મહામારીઓ સામે સુરક્ષિત બનાવવાનો BSL-4 લેબ પ્રકલ્પ વડાપ્રધાનશ્રીના હેલ્થ કેર ફોર ઓલ અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનું વિઝન છે.
- ભાવનગરમાં શિપ બ્રેકિંગ, શિપ રિસાઇકલિંગ યાર્ડ તેમજ દેશના પ્રથમ સી.એન.જી. ટર્મિનલ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સાકાર થયા છે.
- ગુજરાત પોતાની ખનિજ સંપદાઓ દ્વારા વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતથી વિકસિત ભારત@2047નો સંકલ્પ સાકાર કરવામાં યોગદાન આપવા પ્રતિબદ્ધ છે.
- રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં ૪ લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપીને રૂ. ૮૨૦ કરોડથી વધુની સહાય આપી છે.
- સમરસ, સંવેદનશીલ અને સમૃદ્ધ ગુજરાત થકી સમૃદ્ધ-વિકસિત ભારત બનાવીએ.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**


## આકર્ષણ

૬ પ્રતિભાવ




૭ સંવાદ



૩૬ ફોટોફિચર



૩૮ વિકાસ દર્પણ



૪૧ સાફલ્યગાથા




૫૬ સમાચાર વિશેષ

૮ કવર સ્ટોરી



૨૦ પુનરુત્થાન



૨૬ જનસુખાકારી



૨૯ વિકાસયાત્રા



૩૪ ઉત્સવ



૪૨ વંચિત વિકાસ



૫૭ સ્વદેશી

૫૮ ગૌરવ

૫૯ નિર્ણય

૬૦ પ્રાકૃતિક કૃષિ

૬૧ અવનવું

૬૨ ઝૂમ-ઈન

૬૩ પ્રેરણા

૬૪ ક્વિઝ કોર્નર

૬૫ જાણકારી

૬૬ શબ્દ યાત્રા

# સપનાં પૂર્ણ કરવાના સંકલ્પનું પર્વ : ૭૭ મું પ્રજાસતાક પર્વ



ભારત માટે ૨૬ જાન્યુઆરી એ ઈતિહાસના પાને અંકિત તારીખ નહીં પરંતુ ભારતીય એકતા, અખંડિતતા અને બંધુત્વનો ઉદ્‌ ઘોષ છે. આજે ભારતની પવિત્ર માટીના કણેકણમાં આપણા સંવિધાનની સુવાસ પ્રસરી છે. આભને આંબતો ત્રિરંગો ૧૪૦ કરોડ ધબકતા હૃદયનો અણમોલ ભરોસો છે. સિદ્ધિઓના શિખરો સર કરવાના દ્રઢ સંકલ્પોનું ગૌરવવંતું પ્રતિબિંબ નવરચિત વાવ-થરાદ જિલ્લામથકે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઝીલાયું. નવાં સપનાં પૂર્ણ કરવાના સંકલ્પ સાથે રાજ્યભરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ તો નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક પરેડમાં ગુજરાતના ટૅબ્લોને ‘વંદે ભારત’ થીમ સાથે રજૂ કરવામાં આવ્યો, જેને 'પોપ્યુલર ચોઇસ એવોર્ડ' કેટેગરીમાં સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો.

આ જ દિવસ ગુજરાતના ઈતિહાસમાં ભૂકંપરૂપી કરુણાંતિકાની યાદ છોડી ગયો છે. બરાબર ૨૫ વર્ષ પહેલાં કચ્છમાં આવેલા મહાવિનાશક ભૂકંપે કચ્છ જ નહીં, ગુજરાતની કમ્મર તોડી નાખી હતી. પરંતુ વિસર્જનમાંથી સર્જનની પ્રક્રિયાને ગુજરાતે બહુ ઝડપથી બેવડાવી. ભૂકંપની આફતમાં ગુજરાતે દેશ અને દુનિયા સમક્ષ આપત્તિ વ્યવસ્થાપનનું એક સફળ મૉડેલ જીએસડીએમએના માધ્યમથી પ્રસ્તુત કર્યું. વાઇબ્રન્ટ સમિટ અને રણોત્સવ જેવા કાર્યક્રમોથી માત્ર કચ્છ જ નહીં, સમગ્ર રાજ્યના વિકાસને નવું બળ મળી રહ્યું છે. કચ્છ અને ગુજરાતના લોકોના ખમીર અને ખુમારીના પ્રતાપે રાજ્ય આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ(WEF)ની વાર્ષિક બેઠક યોજાઇ હતી. ૫૮થી વધુ યોજાયેલી આ બેઠકો થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે ભારતના સૌથી વિશ્વસનીય અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું હતું.

રાજ્યની કાર્યપ્રણાલી ગુજરાત મૉડલ તરીકે અન્ય રાજ્યો માટે અનુકરણીય બની છે. બોટાદ જિલ્લાને રાષ્ટ્રીય મતદાતા દિવસે મતદાન જાગૃતિના ટૅક્નોલૉજી આધારિત પ્રયાસને લીધે રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયું. ગુજરાતની પ્રથમ અદ્યતન બાયો-કન્ટેઇનમેન્ટ ફૅસિલિટી “બાયો સેફ્ટી લેવલ-૪” લૅબ તેમજ “એનિમલ બાયો-સેફ્ટી લેવલ” સુવિધાનો ગાંધીનગરમાં શિલાન્યાસ કરાયો. આ લેબ જીવલેણ વાઇરસો સામે લડવા માટે ભારતનું અભેદ સુરક્ષા કવચ અને જૈવ સુવિધાનો મજબૂત કિલ્લો પુરવાર થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘મેક ઇન ઇન્ડિયા-મેઇડ ફોર ધ વર્લ્ડ’ના ધ્યેયને સાકાર કરવા ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નક્કર પ્રગતિ સાધી છે. મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ ખોરજમાં રૂ. ૩૫ હજાર કરોડના રોકાણ સાથે વિહિકલ મેન્યુફેક્ચરિંગના નવા પ્લાન્ટની સ્થાપના કરશે. આ પ્લાન્ટથી પ્રત્યક્ષ ૧૨ હજારથી વધુ લોકોને જ્યારે પરોક્ષ રીતે અંદાજિત ૭.૫૦ લાખથી વધુ રોજગારીની તકોનું નિર્માણ થશે.

આ સાથે વર્તમાન અંકમાં વંચિત વિશેષાંકની સાફલ્યગાથા સહિત જ્ઞાનવર્ધક જાણકારી, નીતિ નિર્ધારણ સહિતની માહિતી વાચકોને વાંચવી ગમશે તેવો મને વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

આગામી અંક માટે વાચકોએ **વસંતોત્સવ** વિષય પર પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી અથવા બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે.

**"ઝૂકે નહીં જેનું શીશ, એવું સોમનાથનું ધામ, વીરોએ આપ્યા બલિદાન, જ્યાં ગુંજે શિવનું નામ."**

'સોમનાથ સ્વાભિમાન પર્વ' એ ભારતની સાંસ્કૃતિક ચેતના અને અજેય મનોબળનો ઉત્સવ છે. આ પર્વ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના એ ઐતિહાસિક સંકલ્પને વંદન કરવાનો અવસર છે, જેમણે આઝાદી પછી સોમનાથના પુનઃ નિર્માણનો પાયો નાખી ભારતનું સ્વાભિમાન પુનઃ સ્થાપિત કર્યું હતું. આ પર્વના મૂળમાં એ વીરોનું સમર્પણ છે જેમણે મંદિરની રક્ષા માટે લોહી રેડ્યું છે. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે મંદિર પર સંકટ આવ્યું, ત્યારે હમીરજી ગોહિલ જેવા શૂરવીરોએ લગ્નમંડપ છોડી સોમનાથની રક્ષા કાજે બલિદાન આપ્યું હતું. તેમનું આ શૌર્ય આજે પણ પ્રત્યેક શ્રદ્ધાળુના હૃદયમાં જીવંત છે. સરદાર પટેલના આ સ્વપ્નને સાકાર કરવામાં જામનગરના રાજવી જામ સાહેબ દિગ્વિજયસિંહજીએ જે મક્કમ સાથ અને ઉદારતા દાખવ્યાં તેના કારણે જ આજે સોમનાથનું ભવ્ય શિખર ગર્વથી આકાશને આંબી રહ્યું છે. વર્ષ ૨૦૨૬માં આ સ્વાભિમાન પર્વની ઉજવણી નવી પેઢીને આપણા ભવ્ય ઇતિહાસ અને આ મહાપુરુષોના ત્યાગનો પરિચય કરાવે છે..

**- હર્ષરાજસિંહ જાડેજા** (મોરબી)

સનાતન ધર્મભૂમિ પર આવેલ ૧૨ જ્યોતિર્લિંગમાંનું સૌથી પૌરાણિક એટલે સોમનાથ. વિશ્વની પ્રાચીનતમ સભ્યતાઓ કરતાં પણ પ્રાચીન એટલે સોમનાથ. વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવું સ્થળ હશે જે અનેકવાર નાશ પામ્યા બાદ આજે પણ એ જ ભવ્યતા સાથે અડીખમ ઊભું હોય. પૌરાણિક માન્યતા અનુસાર પ્રભાસપાટણની આ જ પવિત્ર ધરતી પર મહાદેવે ચંદ્રદેવને શાપ મુક્ત કર્યા હતા. બસ, એ જ ચંદ્ર સમાન ઝળહળતું સોમનાથનું આ ભવ્ય મંદિર ભારતીયોની વીરતા, બલિદાન અને અદમ્ય સાહસનું પ્રતીક છે.

**– હરદિપસિંહ ચૌહાણ** (સાણંદ)

સોમનાથ મંદિર પર ગઝનવીથી લઈને ઔરંગઝેબ સુધી અનેક આક્રમણકારોએ હુમલા કર્યા, પરંતુ તેઓ સનાતન પરંપરાના મૂળ આત્માને સમજી ના શક્યા. વર્ષ ૧૦૨૬થી ૨૦૨૯ સુધીનાં આ વીરતા, સ્વાભિમાન, સંઘર્ષ અને શ્રદ્ધાનાં ૧૦૦૦ વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો આ સંદેશ આવનારી પેઢીને માટે પોતાની સંસ્કૃતિની ગાથાને પુનર્જીવિત કરવાની પ્રેરણા આપે છે. દેશની અમૂલ્ય ધરોહર સમા સોમનાથ મંદિરના રક્ષણ માટે શહીદી વહોરનારા વીર હમીરજી ગોહિલ અને ભગ્ન મંદિરનો જીર્ણોદ્ધાર કરાવનાર અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને યાદ કરવાનું આ પર્વ છે. આ સ્વાભિમાન પર્વ આપણા સૌ દેશવાસીઓને એકતા અને સ્વાભિમાન તેમજ શૌર્યથી જીવવાની પ્રેરણા આપે છે.

**– સૂર્યદીપ સિંહ જાડેજા (જામનગર)**

સોમનાથ સ્વાભિમાન પર્વ એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ ભારતની અસ્મિતા, સંઘર્ષ અને પુનરુત્થાનનું પ્રતીક છે. ૧૧ મે, ૧૯૫૧ના રોજ જ્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે સોમનાથ મંદિરની પુનઃપ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી, તે ક્ષણ આધુનિક ભારતના ઇતિહાસમાં 'સ્વાભિમાન પર્વ' તરીકે અંકિત થઈ ગઈ. સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી આપણને આપણા ભવ્ય વારસાનું જતન કરવાની અને રાષ્ટ્રહિત માટે સમર્પિત રહેવાની પ્રેરણા આપે છે.

**– પ્રદીપસિંહ જાડેજા (મહેસાણા)**

સૌરાષ્ટ્રની સુંદર અને નિર્મળ ભૂમિમાં, અર્ધ ચંદ્રાકારથી શોભતું તેજોમય જ્યોતિર્લિંગ એટલે સોમનાથ. સોમનાથ સ્વાભિમાન પર્વ એ કરોડો વીરોનાં સ્વાભિમાન અને શૂરવીરતાની ગાથા છે, વિનાશ પર સર્જનની જીત છે. જેનું એક જ કારણ છે કે, સોમનાથ એ ભારતના આત્માનું શાશ્વત પ્રતીક છે. આક્રમણકારો ગઝનીથી ઔરંગઝેબ સુધી આવ્યા અને તેને લૂંટ્યુ-તોડ્યું પણ મંદિર વર્તમાનમાં પણ અડીખમ ઊભું છે. સોમનાથ એ મંદિર છે કે જે સદીઓ પહેલાથી સ્થાપિત છે જ્યાં બાણ સ્તંભ દિશા સૂચવી રહ્યું છે તે મંદિરને તેમજ શહીદ થયેલા વીરોને શતશત નમન !

**- વૈષ્ણવીબા જાડેજા** (રાજકોટ)



# મન કી બાત
## જાન્યુઆરી ૨૦૨૬

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### 'રાષ્ટ્રીય મતદાર દિવસ'

જ્યારે કોઈ વ્યક્તિ ૧૮ વર્ષની થાય ત્યારે તે મતદાર બની જાય છે, જેને જીવનનો સામાન્ય પડાવ માનવામાં આવે છે, પરંતુ હકીકતે આ અવસર કોઈ પણ ભારતીયના જીવનનું સીમાચિહ્ન છે. આથી આપણે દેશમાં વૉટર બનવાનો ઉત્સવ ઊજવીએ. કોઈ યુવા પહેલી વાર મતદાર બને તો તેને અભિનંદન આપી મીઠાઈ વહેંચવામાં આવે. તેનાથી લોકોમાં મતદાન પ્રત્યે જાગૃતિની સાથે જ એ તેની મતદાર થવાની ભાવના સશક્ત થશે. દેશમાં જે પણ લોકો ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા છે તે સર્વેની હું પ્રશંસા કરું છું.

### સ્ટાર્ટ અપ ઈન્ડિયા

આપણા યુવાન સાથીઓ સ્ટાર્ટ અપ ઈન્ડિયાની યાત્રાના નાયકો છે. ભારતમાં દુનિયાની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટિમ બની ચૂકી છે. આજે એઆઇ, અંતરિક્ષ, પરમાણુ ઊર્જા, સેમિ કન્ડક્ટર, મોબિલિટી, ગ્રીન હાઈડ્રૉજન, બાયૉટેક્નોલૉજી જેવાં ક્ષેત્રમાં કામ કરતું જોવા મળે છે. હું તે બધા યુવા સાથીઓને નમન કરું છું જે સ્ટાર્ટ અપ સાથે જોડાયેલા છે. કાપડ હોય, ટૅક્નોલૉજી કે પછી ઈલેક્ટ્રૉનિક્સ, ભારતીય ઉત્પાદનનો અર્થ જ બની જવો જોઈએ - ઉચ્ચ ગુણવત્તા.

### જન-ભાગીદારી

ઉત્તરપ્રદેશના આઝમગઢમાંથી પસાર થતી તમસા નદીને લોકોએ નવજીવન આપ્યું છે. અયોધ્યાથી નીકળીને ગંગામાં સમાતી આ નદી ક્યારેક સ્થાનિક લોકોના જીવનનો આધાર હતી, પરંતુ પ્રદૂષણે નદીના પ્રવાહને રોકી દીધો હતો. અહીંના લોકોએ તેને નવું જીવન આપવાનું અભિયાન શરૂ કર્યું. નદીની સફાઈ કરવામાં આવી અને તેના કિનારા પર છાયાદાર, ફળદાર વૃક્ષો લગાવ્યાં. સ્થાનિક લોકોની મદદથી નદીનો પુનરુદ્ધાર થયો. આંધ્ર પ્રદેશના અનંતપુરનાં અનેક ક્ષેત્રોમાં લાંબા સમય સુધી વરસાદ પડતો નથી. આ સમસ્યાના સમાધાન માટે સ્થાનિક લોકોએ જળાશયોને સાફ કરવાનો સંકલ્પ કર્યો. પછી સરકારના સહયોગથી 'અનંત નીરુ સંરક્ષણમ્ પ્રૉજેક્ટ'ની શરૂઆત થઈ. આ પ્રયાસ હેઠળ ૧૦થી વધુ જળાશયોને જીવનદાન મળ્યું છે. આ જળાશયોમાં હવે પાણી ભરાવાની સાથે ૭,૦૦૦થી વધુ વૃક્ષો ઉછેરવામાં આવ્યાં છે.

### ભજન ક્લબિંગ

આપણા દેશમાં ભજન અને કીર્તન સદીઓથી આપણી સંસ્કૃતિનો આત્મા રહ્યાં છે. આ વિચારસરણીથી એક નવું સાંસ્કૃતિક ચલણ ઊભરીને સામે આવ્યું છે. અલગ-અલગ શહેરોમાં મોટી સંખ્યામાં યુવાનો એકત્ર થઈ રહ્યા છે. અહીં જે ગાવામાં આવે છે તે પૂરી તન્મયતાની સાથે, પૂરી લગન સાથે, પૂરા લય સાથે ભજનની ગુંજ હોય છે. આ ચલણને આજે 'ભજન ક્લબિંગ' કહે છે અને ખાસ તો, જેન ઝી વચ્ચે તે ઝડપથી લોકપ્રિય થઈ રહ્યું છે. એ જોઈને સારું લાગે છે કે આ આયોજનોમાં ભજનની ગરિમા અને પવિત્રતાનું પૂરું ધ્યાન રાખવામાં આવે છે.

### મન કી બાતમાં ગુજરાત

ગુજરાતના બેચરાજીના ચંદનકી ગામની પરંપરા જાણીતી બની છે. અહીંના લોકો પોતાનાં ઘરોમાં જમવાનું નથી બનાવતા જેનું કારણ છે ગામનું સામુદાયિક રસોડું (community kitchen). આ સામુદાયિક રસોડામાં એક સાથે સમગ્ર ગામનું ભોજન બને છે અને લોકો સાથે બેસીને ભોજન કરે છે. ગત પંદર વર્ષથી આ પરંપરા નિરંતર ચાલી રહી છે. જો કોઈ વ્યક્તિ બીમાર પડે તો ટિફિન સેવા એટલે કે હૉમ ડિલિવરીની પણ વ્યવસ્થા છે. ગામનું આ સામૂહિક ભોજન લોકોને આનંદથી ભરી દે છે. આ પહેલથી લોકો પરસ્પર જોડાય છે તેની સાથોસાથ સામુદાયિક ભાવનાને પણ પ્રેરણા મળે છે. કેટલાક દિવસ પહેલાં યુએઈના રાષ્ટ્રપ્રમુખ મહામહિમ શૈખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન ભારત આવ્યા હતા. તેમણે જણાવ્યું કે યુએઇ વર્ષ ૨૦૨૬ને પરિવારિક વર્ષ (Year Of Family) તરીકે ઊજવી રહ્યું છે.



### નવ રચિત વાવ-થરાદમાં યોજાયો

# સંવિધાન, સંકલ્પ અને સ્વાભિમાનનો ઉત્સવ

૨૬ જાન્યુઆરી...

એ માત્ર એક તારીખ નહીં, પણ એકતા અને બંધુતાનો દિવસ છે. આ એ દિવસ છે. જ્યારે ભારતે પોતાને ઓળખ્યું,પોતાને સ્વીકાર્યું. ભારતવાસીઓ આજે જે સ્વતંત્રતાનો શ્વાસ લે છે તેનાં મૂળમાં અનેક શહીદોએ આપેલી પ્રાણોની આહુતિ છે. આજે ભારતમાં સંવિધાનની સુગંધ છે અને લોકશાહીનો લય છે. જ્યારે ધ્વજ લહેરાય છે, ત્યારે કરોડો સપનાં, કરોડો આશા, કરોડો સંકલ્પો પવનમાં ઝૂલતાં હોય છે. પ્રજાસત્તાક પર્વ એ માત્ર ઉજવણી નથી, આ તો ભારત માતાને સન્માનવાનો દિવસ છે. ગુજરાતની ધરતીએ કનૈયાલાલ મુનશી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈ જેવા અનેક બંધારણ ઘડવૈયાઓ આપ્યા છે અને આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ બંધારણીય મૂલ્યોને દેશના વિકાસમાં ચરિતાર્થ કરી રહ્યા છે.




પ્રજાસત્તાક પર્વને માત્ર પાટનગર પૂરતું સીમિત ન રાખતાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જિલ્લાઓ સુધી ઉજવણી પહોંચાડવાની પ્રેરક શરૂઆત કરી. આ પહેલ દ્વારા પ્રજાસત્તાક પર્વ દરેક નાગરિકના આંગણે અને દરેક જિલ્લાવાસીઓના હૃદયમાં પહોંચ્યો. જિલ્લા સ્તરે યોજાતી ઉજવણીઓએ સ્થાનિક સંસ્કૃતિ, યુવાનોની



ભાગીદારી અને સામાન્ય નાગરિકોના ગૌરવને નવી દિશા આપી. ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંવિધાનિક મૂલ્યો પર આધારિત જિલ્લા સ્તરની ઉજવણી દ્વારા લોકશાહીનું સાચું સ્વરૂપ છેક છેવાડાનાં માનવી સુધી પહોચ્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ પહેલ પ્રજાસત્તાક પર્વને એક ઔપચારિક દિવસમાંથી જનજનના ઉત્સવમાં રૂપાંતરિત કરતી ઐતિહાસિક દિશા બની ગઈ છે. આ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ૭૭ મા પ્રજાસતાક પર્વની ઉજવણી નવ રચિત વાવ-થરાદમાં થઈ.

૭૭મા પ્રજાસત્તાક દિન- ૨૦૨૬ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત નવીન રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ થરાદના મલુપુર ખાતે “સરહદનો સાદ - નૂતન વાવ-થરાદ” મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વાવ-થરાદ નવો જિલ્લો બન્યા બાદ પ્રથમ વખત અહીં પ્રજાસત્તાક પર્વની આટલી ભવ્ય અને દિવ્ય ઉજવણી થઈ રહી છે, જે બદલ સમગ્ર જિલ્લાવાસીઓ અભિનંદનને પાત્ર છે. "ગુજરાતમાં રાજ્યપાલ તરીકેના મારા કાર્યકાળ દરમિયાન મેં અનેક ભવ્ય કાર્યક્રમો જોયા છે, પરંતુ અહીંની જનતામાં જે શાલીનતા, સભ્યતા અને સરળતા જોવા મળી છે તેવી મેં અગાઉ ક્યારેય જોઈ નથી. અહીંના લોકો ખૂબ જ ભલા અને સંસ્કારી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે નવીન રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં ૭૭માં પ્રજાસત્તાક પર્વે પ્રથમ ધ્વજવંદન સાથે રાજ્યકક્ષાની ઉજવણી યોજાઈ રહી છે - એ સૌ માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે.

આ જિલ્લાની જનતામાં જે ઉમંગ, ઉત્સાહ અને દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે, તે આ ઐતિહાસિક પળને વધુ યાદગાર બનાવે છે. તેમણે જણાવ્યું કે, ૧૯૪૭માં આપણે અંગ્રેજોની ગુલામીમાંથી સ્વતંત્રતા મેળવી, ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા સંવિધાન થકી આપણને લોકશાહીનો માર્ગ બતાવ્યો અને પ્રજાસત્તાક પર્વ ઉજવવાનો અધિકાર આપ્યો. પ્રજાસત્તાક પર્વ એ ૧૪૦ કરોડ ભારતીયોના લોકશાહી પરના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે.

આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો જિલ્લો સુરક્ષા દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ સમયે અહીંની જનતાએ જે















શૌર્ય અને સાહસ દાખવ્યું, તે આજે પણ સૌ માટે પ્રેરણારૂપ જણાવી રણછોડ પગી જેવા વિરલ દેશભક્તોને વંદન કર્યાં હતાં.

વાવ-થરાદ જિલ્લામાં ગ્રામીણ પંચાયત વિભાગના વિકાસ માટે ૫૯ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી. જિલ્લાના ખેડૂતોને ઊભા પાકના નુકસાન બદલ ૩૯૫ કરોડ રૂપિયાની સહાય અપાઈ છે. પાણીનાં વિકાસકામો માટે ૨૫૦૦ કરોડ રૂપિયાનો વિશેષ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે જે અંગે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાવાસીઓને માહિતી આપી હતી.

થરાદ નગરપાલિકાને એ-ગ્રેડમાં ઉન્નત કરવામાં આવી છે, જેના પરિણામે હવે તેને વાર્ષિક ૧૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળશે. આ ડબલ એન્જિન સરકારમાં વિકાસની ગતિ પણ ડબલ થઈ છે અને સ્કિલ પણ ડબલ થઈ છે. રાધા નેસડા અને મસાલી ગામોએ જિલ્લાને ગ્રીન એનર્જીમાં આગવી ઓળખ અપાવી છે. આવનારા સમયમાં વાવ-થરાદ જિલ્લો સોલાર એનર્જીમાં અગ્રેસર બને એ સરકારનો દૃઢ નિર્ધાર છે તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રજાસત્તાક પર્વના યજમાન બનેલા વાવ-થરાદ જિલ્લાને આર્થિક, સામાજિક અને માળખાકીય રીતે વધુ મજબૂત બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ

## રાજ્યપાલશ્રી દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી

*વિકાસ, વિશ્વાસ અને વિરાસતનું પ્રતીક વાવ - થરાદ જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. થરાદના મલુપુર પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહીને ધ્વજવંદન સમારોહની ભવ્યતામાં વધારો કર્યો હતો.*

*આ વેળાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ માર્ચ પાસ્ટનું નિરીક્ષણ કર્યું હતું. તેઓની સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા હતા. વાયુદળે હેલિકૉપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરીને તિરંગાની આન, બાન, શાનને ઉજાગર કરી હતી. માર્ચ પાસ્ટના માધ્યમથી શૌર્ય અને સમર્પણને ઉજાગર કરતા પોલીસ જવાનોની વિવિધ ૨૨ ટુકડીમાં કુલ ૮૧૦ જવાનોએ રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પોલીસ બેન્ડની મધુર સુરાવલિ સાથે પોલીસના જવાનોની શિસ્તબદ્ધ પરેડ-માર્ચ-પાસ્ટ યોજાઈ હતી. ચેતક કમાન્ડો, મરીન કમાન્ડો, એસઆરપીના જવાનો, પોલીસના વિવિધ સંલગ્ન મહિલા-પુરુષ પ્લાટૂન, એસપીસી, સૈનિક સ્કૂલ, એનસીસી, એનએસએસના કેડેટ્સની આ પરેડની ઉપસ્થિત સૌએ વધાવી હતી.*

*આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રૂફ વાહનોનું નિદર્શન (ટેબ્લો), દિલધડક મોટર સાઈકલ સ્ટંટ શો તેમજ રાજ્યના ગૌરવવંતા ગુજરાત શ્વાનદળ, ગુજરાત અશ્વદળના અદ્ભુત કરતબોની પ્રસ્તુતિ દ્વારા સૌ કોઈ રોમાંચિત થયા હતા. આ અવસરે પોલીસ વિભાગ દ્વારા રાજ્યોના વિવિધ પરંપરાગત નૃત્યની પ્રસ્તુતિ સાથે વીરરસથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ આધારે કૃતિઓ રજૂ કરી હતી. પરેડમાં શિસ્ત અને અનુશાસનની અદ્વિતીય ઝલક નિહાળતાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ જવાનોના શ્રેષ્ઠ પ્રદર્શન અને સમર્પણની ભાવનાની પ્રશંસા કરી હતી.*

ચૌધરીએ જણાવ્યું હતું કે, વાવ - થરાદ જિલ્લાની રચના બાદ માત્ર સાડા ત્રણ મહિનામાં કલેક્ટર કચેરીના ભૂમિપૂજન સાથે રૂ. ૨૦૭ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ થવાં એ ઐતિહાસિક ક્ષણ છે. GIDC થકી સ્થાનિક ખેડૂતો ઉદ્યોગ સાહસિક બને અને કૃષિ ઉત્પાદનોના એક્સપોર્ટને વેગ મળે તેવો દૂરંદેશી અભિગમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાકાર કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.





આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને નોંધપાત્ર યોગદાન આપનાર જિલ્લાની ૧૬ વિશિષ્ટ વ્યક્તિઓનું રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું, જે જિલ્લા માટે ગૌરવની ક્ષણ બની રહી હતી. આ પ્રસંગે વિકાસ, વિરાસત અને વિશ્વાસનું પ્રતીક વાવ-થરાદ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રી જે.એસ પ્રજાપતિએ સ્વાગત પ્રવચન કરતાં સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને વિકાસકાર્યો માટે રૂ.૨.૫૦ કરોડના ચેક અર્પણ કર્યા હતા. આ પ્રસંગે રૂ. ૨૩.૨૩ કરોડના ખર્ચે પૂર્ણ થયેલાં ૬ વિકાસકામોનું લોકાર્પણ તેમજ રૂ. ૧૮૪.૩૨ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧૯ નવાં કામોનું ખાતમુહૂર્ત કરી જિલ્લાને રૂપિયા ૨૦૭ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપવામાં આવી હતી.

રાજ્યપાલશ્રી તથા મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમ દ્વારા નૃત્ય, સંગીત અને નાટકના ત્રિવેણી સંગમથી નવરચિત વાવ-થરાદ જિલ્લાની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોક પરંપરાઓ તથા સરહદી વિસ્તારની દેશભક્તિપૂર્ણ ભાવનાનું જીવંત અને ભાવસભર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આધુનિક મલ્ટિમીડિયા પ્રસ્તુતિઓ સાથે રજૂ થયેલો કાર્યક્રમ દર્શકો માટે યાદગાર અને પ્રેરણાદાયી અનુભવ બની રહ્યો હતો.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વાવ-થરાદ જિલ્લાના દુધવા ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ૯૯.૨૩ એકર સરકારી જમીનમાં નિર્માણ થનારી ઔદ્યોગિક વસાહતનું ભૂમિપૂજન ગૌરવસભર અને ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે જણાવ્યું હતું કે,

## એટહોમ કાર્યક્રમમાં મહેમાનોનું ઉષ્માપૂર્વક સ્વાગત કરતા રાજ્યપાલશ્રી

૭૭મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ થરાદના મલુપુર ખાતે યોજાયેલા એટ હોમ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આમંત્રિત મહેમાનોને હૃદયપૂર્વક આવકાર્યા હતા. આ અવસરે પોલીસ દળ દ્વારા ગાર્ડ ઓફ ઓનર થકી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને વિશેષ ગૌરવભેર સન્માન અપાયું હતું. આ વેળાએ પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગાનની ધૂનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ખાસ અવસરે આમંત્રિત મહેમાનોને ૭૭મા પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માત્ર પાટનગર ગાંધીનગર સુધી સીમિત રાખવાને બદલે રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં ઊજવવાની પરંપરા શરૂ કરી હતી. આજે ખુશીની વાત છે કે સરકાર દ્વારા વાવ - થરાદને નવીન જિલ્લા તરીકે સ્થાપિત કરીને સરહદી વિસ્તારના નાગરિકોને મહત્ત્વપૂર્ણ ભેટ આપવામાં આવી છે. નવીન જિલ્લાના નિર્માણથી આ વિસ્તારના નાગરિકોની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે.

આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, પોલીસ મહા નિર્દેશકશ્રી કેએલએન.રાવ, ધારાસભ્યશ્રી, પદાધિકારીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા રમતવીરો, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.







GIDC ના નિર્માણ થયેથી નવા જિલ્લાના વિકાસને વેગ મળવાની સાથે 'વોકલ ફોર લોકલ'નો વડાપ્રધાનશ્રીનો ધ્યેય પાર પડશે. એટલું જ નહીં આ સરહદી જિલ્લામાં યુવાનોને વધુ રોજગારી મળે તે દિશાનું આ આગવું કદમ છે.

વિકાસ સાચા અર્થમાં જમીન પર સાકાર થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સતત માર્ગદર્શન મળતું રહે છે. રોડ રસ્તા, પીવાના પાણી, આરોગ્ય સહિત દરેક ક્ષેત્રમાં વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશના નાગરિકોની સુખાકારીની ચિંતા કરી છે અને છેવાડાના માનવીને કેન્દ્રમાં રાખીને વિકાસલક્ષી આયોજનો પાર પાડ્યાં છે. નવો રચાયેલા વાવ-થરાદ જિલ્લાનો વિકાસ પણ અન્ય વિકસિત જિલ્લાઓ સમકક્ષ ઝડપભેર થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ આપ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ખેતી માટે તલાવડીથી લઈને ડ્રિપ ઈરિગેશન જેવી આધુનિક પદ્ધતિઓનો વ્યાપક ઉપયોગ થતો જોવા મળે છે તે આનંદની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દૃષ્ટિવંત નેતા છે, કારણ કે આજે પાણી ઉપલબ્ધ છે તો આવતીકાલે પણ પાણી રહે તે માટે તેઓએ આગોતરી યોજના બનાવી છે. 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત વધારાના વરસાદી પાણીના સંગ્રહ માટે સમગ્ર દેશમાં આયોજનબદ્ધ મુહિમ હાથ ધરવામાં આવી છે, જે ભવિષ્યની પેઢી માટે આંગળી ચીંધ્યા સમાન પુણ્યકાર્ય છે. ખેતી ઉપરાંત ઉત્પાદનના મૂલ્યવર્ધન અંગે પણ વિચાર કરવામાં આવ્યો છે, વૅલ્યુએડિશન માટે નાના મોટા ઉદ્યોગો સ્થપાઈ શકે અને વોકલ ફોર લોકલ અને લોકલથી ગ્લોબલ ચરિતાર્થ થાય તે માટે આવનારા દિવસોમાં આ GIDC એસ્ટેટ મહત્ત્વપૂર્ણ બનશે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ સરહદી વિસ્તારના વિકાસ માટે આર્થિક પ્રગતિના નવીન દરવાજા ખોલી દીધા છે. આ વિસ્તારનો ખેડૂત મહેનતુ છે. દાડમ હોય કે અન્ય પાક, અહીંનું ઉત્પાદન અત્યાર સુધી પ્રોસેસિંગ માટે રાજકોટ, અમદાવાદ કે અન્ય રાજ્યો સુધી જતું હતું. પરંતુ હવે દુધવા ખાતે GIDC બનવાથી ખેતીના પાકનું 'વૅલ્યૂ એડિશન' અહીં જ થશે, જેનાથી ખેડૂતોની આવક બમણી થશે અને સ્થાનિક યુવાનોને રોજગારીની નવી તકો મળશે.



## ગૌ માતાની ભવ્ય પ્રતિમાનું અનાવરણ

વાવ-થરાદ જિલ્લાની ઐતિહાસિક અને ગૌરવસભર ક્ષણ તરીકે, પ્રજાસત્તાક પર્વ-૨૦૨૬ની પૂર્વ સંધ્યાએ થરાદ ખાતેના મુખ્ય ચાર રસ્તા પર ગૌ માતાની ભવ્ય પ્રતિમાનું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. જે સર્કલ હવે નવા વાવ-થરાદ જિલ્લામાં ગૌ-માતા સર્કલ તરીકે ઓળખાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગૌ માતાની પ્રદક્ષિણા કરી ગૌ-માતાના આશીર્વાદ મેળવ્યા હતા.





અંબાજીના ઉચ્ચ ગુણવત્તાયુક્ત શ્વેત આરસના પથ્થરમાંથી કંડારેલી આ ગૌમાતાની પ્રતિમા વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. જેમાં ૭.૨૫ ફૂટ ઊંચી ગાયમાતા તથા ૩ ફૂટ ઊંચા વાછરડાની પ્રતિમાનો સમાવેશ થાય છે. સમગ્ર પરિસરને સ્ટીલ રેલિંગ અને પુષ્પ શણગાર દ્વારા સુશોભિત કરવામાં, જેના કારણે અહીં ધાર્મિક અને સૌંદર્યસભર માહોલ સર્જાયો હતો.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગૌમાતાના સંરક્ષણ અને સંવર્ધન અંગે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી, ગૌ ભક્તો અને સંતો સાથે સંવેદનશીલ તથા પ્રેરણાદાયક સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ કાર્યક્રમ ગૌ સંવેદનાનું પ્રતિબિંબ છે. ગૌસેવા આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે અને આજના યુગમાં ગૌભક્તો દ્વારા થતી સેવા પ્રશંસનીય છે. ગૌ સંવર્ધન માટે સરકાર સંવેદનશીલ છે અને બનાસ ડેરી દ્વારા ગૌ સંવર્ધનનું કાર્ય આગળ વધારવામાં આવશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશે સર્વાંગી પરિવર્તનનો અનુભવ કર્યો છે અને તેમની દીર્ઘદષ્ટિપૂર્ણ નીતિઓથી સંસ્કૃતિ અને વિજ્ઞાનનો સુમેળ વિશ્વ સ્તરે પ્રતિષ્ઠિત થયો છે

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગને ઐતિહાસિક ગણાવી ગૌ ભક્તો અને ગૌ સેવકો વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો. તાજેતરમાં ગૌ શાળાઓ માટે રૂ. ૧૫ કરોડની સહાય ફાળવાઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે થરાદમાં 'સશક્ત નારી મેળા'

નવીન વાવ-થરાદ જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વ ૨૦૨૬ની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે થરાદ ખાતેથી 'સશક્ત નારી મેળા'નો ભવ્ય પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ મેળામાં આયોજિત સખી મંડળોના સ્ટોલ્સની મુલાકાત લઈ બહેનો દ્વારા તૈયાર કરાયેલી વિવિધ હસ્તકલા અને સ્વદેશી ચીજવસ્તુઓને નિહાળી હતી.

'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા માટે આયોજિત આ સશક્ત નારી મેળામાં વિવિધ જિલ્લાઓમાંથી આવેલી સખી મંડળોની બહેનો દ્વારા તૈયાર કરાયેલી હસ્તકલા, ભરત-ગૂંથણ, જવેલરી અને સ્વદેશી પ્રોડક્ટ્સનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવ્યું હતું, જે મહિલા સશક્તીકરણને નવી દિશા અને વેગ આપશે.



આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સખી મંડળોની બહેનો સાથે સંવાદ કરીને તેમના દ્વારા ચાલતી વિવિધ કામગીરી અંગે માહિતી મેળવી હતી તેમજ બહેનોને આર્થિક રીતે પગભર બનવા, સ્વરોજગાર વધારવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# વાવ-થરાદને મળશે અદ્યતન જિલ્લા સેવા સદન



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે થરાદ ખાતે અંદાજે રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ૩૯ એકરના વિસ્તારમાં નિર્માણ થનારા જિલ્લા સેવાસદનનું ભૂમિ પૂજન અને તકતી અનાવરણ સંપન્ન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના દૃષ્ટિકોણ અનુસાર નાગરિકોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી જિલ્લા મથકોએ જિલ્લા સેવાસદનના નિર્માણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા આ અભિગમને આગળ ધપાવતાં નવ સર્જિત વાવ-થરાદ જિલ્લામાં આ આધુનિકસેવા સદનનું નિર્માણ કરવામાં આવશે.

આ નવા જિલ્લા સેવાસદનમાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૩૦થી વધુ જિલ્લાસ્તરીય કચેરીઓ કાર્યરત કરવામાં આવશે. તેના પરિણામે જિલ્લાના નાગરિકોને એક જ સ્થળેથી સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ પ્રાપ્ત થશે અને તેમના સમય અને સંસાધનોની બચત થશે તેમજ વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે. વાવ-થરાદ જિલ્લાના આ સેવાસદનનું નિર્માણ ગ્રીન બિલ્ડિંગના ધોરણે કરવામાં આવશે. તેમાં સોલાર રૂફ ટોપ, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા, વિશાળ મિટિંગ હૉલ, અદ્યતન લિફ્ટ તથા બેઝમેન્ટ પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.





## ભવ્ય શસ્ત્ર પ્રદર્શન

૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત થરાદ ખાતે પોલીસ વિભાગ દ્વારા આયોજિત ભવ્ય શસ્ત્ર પ્રદર્શનને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ નિહાળ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સાથે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી તથા ખાદી અને કુટિર ગ્રામ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે ભારતીય સૈન્ય અને વિવિધ સુરક્ષા દળોમાં ઉપયોગમાં લેવાતાં આધુનિક શસ્ત્રો અને સાધનોની વિગતવાર માહિતી મેળવી પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું.આ શસ્ત્ર પ્રદર્શન “આત્મનિર્ભર ભારત”ના સંદેશને વધુ મજબૂત બનાવવામાં અને નાગરિકોમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગે જાગૃતિ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રકારના કાર્યક્રમો દેશનાં સશસ્ત્ર દળો પ્રત્યે ગૌરવ, વિશ્વાસ અને સન્માનની ભાવના વધારવામાં સહાયક બને છે.

આન-બાન-શાન સાથે અમદાવાદ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી

# રાષ્ટ્રવંદના: વિકાસ અને વિરાસતનો સંગમ



રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર, મકરબા ખાતે દેશભક્તિના જોમ અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ ગરિમાપૂર્ણ સમારોહમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો અને સલામી આપી હતી તથા શિસ્તબદ્ધ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ પોલીસ દળો દ્વારા રાષ્ટ્રીય સલામી સાથે પ્રભાવશાળી માર્ચ પાસ્ટ રજૂ કરવામાં આવી હતી. આ અવસરે સમગ્ર મકરબા પોલીસ ગ્રાઉન્ડ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નાદથી ગૂંજી ઊઠ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રજાસત્તાક પર્વના ઐતિહાસિક મહત્ત્વ વિશે વાત કરતાં જણાવ્યું કે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતમાં બંધારણ આધારિત વિશ્વના સૌથી મોટા લોકતંત્રના આત્મસન્માનનો સૂર્યોદય થયો હતો.

અમદાવાદના ઐતિહાસિક વારસા વિશે વાત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સાબરમતીના સંત મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની આ કર્મભૂમિ સત્ય, અહિંસા અને લોખંડી મનોબળનો સંગમ છે.

તેમણે જિલ્લાના ઔદ્યોગિક વિકાસનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, સાણંદ, ચાંગોદર અને વીરમગામ આજે ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ હબ બન્યાં છે. ધોલેરા ખાતે ભારતનું પ્રથમ આયોજનબદ્ધ સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ 'ફ્યુચર સિટી' આકાર લઈ રહ્યું છે. સાણંદ અને ધોલેરામાં મળીને કુલ ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ કાર્યરત થવાથી અમદાવાદ દેશનો એકમાત્ર જિલ્લો બનશે, જે ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં સિંહફાળો અપાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત સતત પાંચમી વાર 'બેસ્ટ પર્ફોર્મર' જાહેર થયું હોવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આપણું યુવાધન હવે 'જોબ સીકર નહીં પણ જોબ ગિવર' બની રહ્યું છે. વધુમાં, તેમણે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સિસ દ્વારા મહેસાણા અને રાજકોટમાં થયેલા કરોડોના MoUs, દાવોસ વર્લ્ડ ઈકોમિક ફોરમમાં ગુજરાતનો ડંકો અને જર્મન ચાન્સેલર તેમજ UAEના વડાની મુલાકાતોથી વધેલી વૈશ્વિક શાખનો ઉલ્લેખ કર્યો હતો.

આ ઉજવણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક અને સાહસિક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શિવ સ્તુતિ, યોગ પ્રદર્શન, લોકનૃત્ય અને પિરામિડ ફોર્મેશન જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લા પોલીસ દ્વારા શક્તિ અને શિસ્તના દર્શન કરાવતા ડોગ સ્ક્વોડ, માઉન્ટેડ પ્રદર્શન, રાઈફલ ડ્રિલ અને એસ.ઓ.જી. (SOG) ડ્રિલના કરતબો રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે જ વિવિધ વિભાગો દ્વારા તૈયાર કરાયેલા ટૅબ્લો પ્રદર્શન દ્વારા જનકલ્યાણકારી યોજનાઓની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ અવસરે 'ટ્રાફિક એક્શન પ્લાન' બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. જનજાગૃતિના ભાગરૂપે હેલ્મેટ વિતરણ, પર્યાવરણ જતનના સંદેશ સાથે વૃક્ષારોપણ અને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા ' પિકલ બૉલ' કોર્ટનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. આ તકે શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓને પણ નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન પત્ર આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.



# કર્તવ્યપથ પર સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમ હાંસલ કરતો ગુજરાતનો ટૅબ્લો




પ્રત્યેક ભારતીયોમાં સ્વદેશી, સ્વાશ્રય અને સ્વતંત્રતાની અહાલેક જગાવતો મંત્ર “વંદે માતરમ” ! રાષ્ટ્રગીતની ૧૫૦-મી વર્ષગાંઠના ઉપલક્ષમાં આ વિષયના પ્રતિઘોષરૂપે 'વંદે માતરમ્' શબ્દની પૃષ્ઠભૂમિથી જ શરૂ થયેલી ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારીખની રોચક પ્રસ્તુતિ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટૅબ્લોનું મુખ્ય આકર્ષણ બની.

ગુજરાતના નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ : શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ્' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનના સુભગ સમન્વયે આ ટૅબ્લોની અનોખી ભાત ઊભી કરી હતી.

આ ટૅબ્લોના અગ્રભાગમાં વીરાંગના મેડમ ભિખાઈજી કામાને સ્વરચિત 'વંદે માતરમ્' લિખિત ધ્વજ સાથે દર્શાવવામાં આવ્યાં હતાં. જે તેમણે સૌ પ્રથમ વખત વિદેશીભૂમિ પર વર્ષ ૧૯૦૭માં પેરિસમાં લહેરાવ્યો હતો. આ ધ્વજ જર્મનીના બર્લિનના સ્ટુટગાર્ટની 'ઇન્ડિયન સોશિયાલિસ્ટ કૉન્ફરન્સ'માં પણ રજૂ કરવામાં આવ્યો હતો. મેડમ કામાની આ ધ્વજ લહેરાવતી અર્ધ-પ્રતિમાની નીચે દેશના બંધારણમાં સ્વીકૃત વિવિધ ભારતીય ભાષામાં 'વંદે માતરમ્'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

નવી દિલ્હીના કર્તવ્યપથ પર યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' થીમ આધારિત ટેબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં "પોપ્યુલર ચોઇસ એવોર્ડ" શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું છે. કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા MYGov પોર્ટલ પર યોજાયેલા મતદાનમાં ગુજરાતના ટેબ્લોએ વોટિંગમાં સતત અગ્રેસર રહીને કુલ વોટના 43% વોટ સાથે પ્રથમ ક્રમાંકે વિજેતા થયો હતો. ગુજરાત સરકારના માહિતી



ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ ડૉ.વિક્રાંત પાંડે, માહિતી કમિશનરશ્રી કિશોર બચાણી, અધિક નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવાએ યોગદાન આપ્યું હતું.

આ પરેડનો પ્રારંભ 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' ખાતે એક ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ



*ગૌરવ : ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલ પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' થીમ આધારિત ટેબ્લોને પ્રાપ્ત "પોપ્યુલર ચોઈસ" શ્રેણીનો પ્રથમ ક્રમનો એવોર્ડ વિધિવત્ રીતે નવી દિલ્હી ખાતે એનાયત થયો. નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં કેન્દ્રિય રાજ્ય રક્ષામંત્રી શ્રી સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંતભાઈ પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોરભાઈ બચાણીએ સ્વીકાર કર્યો. સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરાયો; સતત ચાર વર્ષ પોપ્યુલર ચોઈસ એવોર્ડની સાથે વર્ષ ૨૦૨૪માં જ્યુરીઝ્ ચોઈસ એવોર્ડ સાથે ગુજરાતને ચાર વર્ષમાં કુલ ૫ એવોર્ડ એનાયત થયા.*

સાથે થયો હતો, જ્યાં વડાપ્રધાનશ્રીએ શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ, આ સમારોહની ઔપચારિક શરૂઆત રાષ્ટ્રપતિના સલામી મંચ પર આગમન, રાષ્ટ્રગીતનું ગાન અને ૨૧ તોપોની સલામી સાથે થયો હતો. ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં યુરોપિયન યુનિયનના બે વરિષ્ઠ નેતા : યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન તથા યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતા.

૭૭મા પ્રજાસત્તાક પર્વમાં 'સાયલન્ટ વોરિયર્સ' તરીકે જાણીતા મોંગોલિયન પ્રજાતિના બેક્ટ્રિયન ઊંટ, સિયાચીન ગ્લેશિયરમાં કામ કરતા ખચ્ચર, શિકારી પક્ષીઓ, સૈન્ય શ્વાન ટુકડીઓ સલામી મંચ પાસેથી પસાર થઇ હતી.

સેનાની વિવિધ પાંખોના કરતબો સાથે આ વર્ષે પહેલી વખત સીઆરપીએફની પુરુષ ટીમનું નેતૃત્વ ૨૬ વર્ષીય સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ કર્યું હતું. ગુજરાતમાં ઉચ્ચ અભ્યાસ કરનારી સિમરને ગાંધીનગરની સરકારી મહિલા કૉલેજમાંથી સ્નાતકની ઉપાધિ મેળવી સીઆરપીએફની સહાયક કમાન્ડન્ટની પરીક્ષા પાસ કરી હતી. આ સાથે યુરોપિયન યુનિયનની કન્ટિન્જન્ટ પણ આ પરેડમાં સામેલ થઈ હતી. આ વર્ષની પરેડમાં પ્રથમ વખત ભારતીય સેના દ્વારા બેટલ એર ફોર્મેટ દર્શાવવામાં આવ્યું હતું જેમાં પરંપરાગત માર્ચિંગ ટુકડીઓ અને સેવા પ્રસ્તુતિઓનો સમાવેશ થતો હતો.



મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગરવાલ ,
ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ



મંત્રી શ્રી કનુભાઈ દેસાઇ, નવસારી



મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી, રાજકોટ



મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગાંધીનગર



મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, પોરબંદર



મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, વલસાડ



મંત્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, દાહોદ



મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, સાબરકાંઠા



મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, ખેડા



મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, નર્મદા




મંત્રી ડૉ. મનીષાબહેન વકીલ, છોટાઉદેપુર



મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી, ગીર સોમનાથ



મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા, કચ્છ



મંત્રી શ્રી રમેશભાઈ કટારા, પંચમહાલ



મંત્રી શ્રીમતિ દર્શનાબહેન વાઘેલા, સુરેન્દ્રનગર



મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, ભાવનગર



મંત્રી શ્રી પ્રવિણકુમાર માળી, મહેસાણા



મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, ડાંગ



મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, અમરેલી



મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, વડોદરા



મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, આણંદ




મંત્રી શ્રી પૂનમચંદ બરંડા, મહીસાગર



મંત્રી શ્રી સ્વરુપજી ઠાકોર, પાટણ



મંત્રી શ્રીમતિ રિવાબા જાડેજા, બોટાદ



# પ્રકૃતિના પ્રચંડ પ્રકોપને પચાવી પુનરુત્થાનનાં ૨૫ વર્ષ

બરાબર ૨૫ વર્ષ પહેલાં... ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ સમય સવારે ૮ વાગ્યાને ૪૬ મિનિટ...

પ્રજાસત્તાક પર્વે અંજાર શહેરની ગલીમાં ૧૫૦ જેટલાં બાળકોની પરેડમાં માતૃભૂમિ, દેશભક્તિનાં ગીતોથી ગગન ગજાવતું વાતાવરણ. પળમાં પ્રારબ્ધે પલટી મારી અને... આનંદ સાથે જુસ્સાભેર આગળ વધતી પરેડને જ નહીં કચ્છ સહિત સમગ્ર ગુજરાત પ્રકૃતિના પ્રચંડ પ્રકોપનો ભોગ બન્યું. જ્યાં ભૂલકાંઓની કિલકારી ગુંજતી હતી ત્યાં રિકટર સ્કેલ પર નોંધાયેલા ૬.૯ની તીવ્રતાવાળા પ્રચંડ ભૂકંપના કારણે વિનાશ - કલ્પાંતરૂપી સ્તબ્ધતા છવાઈ ગઈ. જાણે સમય પણ થાપ ખાઈ થંભી ગયો.

કચ્છવાસીઓ માટે તો સાચોસાચ પગ તળેથી ધરતી ખસી ગઈ. ઉક્ત કરુણાંતિકા એકમાત્ર ઘટના ન હતી, મહાવિનાશકારી ભૂકંપે તો માનવ ખુવારી, સ્થાવર જંગમ મિલકતોને નુકસાન સાથે હજારો લોકોને ખુલ્લા આકાશ નીચે લાવીને મૂકી દીધા. લોકોને સૂધ-બૂધ આવે અને કાળે મારેલી થપાટમાંથી કળ વળે ન વળે ત્યાં જ નીરવ સ્તબ્ધતાનું સ્થાન કલ્પાંતે લીધું.

સામાન્ય રીતે પ્રચંડ આઘાત પહોંચાડતી ઘટનાઓમાંથી બહાર આવવું મુશ્કેલ હોય છે. પરંતુ કચ્છના ખમીર અને ખુમારીએ ભૂકંપની ભૂતાવળને પણ "ભૂ પિવડાવ્યું". બહુ જ ટૂંકા સમયમાં રાજ્ય સરકારના સુદ્રઢ આયોજન થકી કચ્છ ન માત્ર પુનઃ બેઠું થયું પરંતુ વિકાસની વાટે પૂરપાટ દોડવા લાગ્યું. જેની પાછળ વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે. તેમણે શરૂ કરાવેલા વાઈબ્રન્ટ ગુજરાત અને પ્રવાસન કેમ્પેઇને ઉદ્યોગકારો અને પ્રવાસીઓને ગુજરાત અને ખાસ કરીને કચ્છ તરફ આકર્ષ્યા. 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' ના સ્લોગન સાથે પ્રવાસીને આકર્ષ્યા તો વાઈબ્રન્ટ ગુજરાત અભિયાન થકી કચ્છમાં ઉદ્યોગો સ્થપાય તેવા પ્રયાસો થયા. આજે ભૂકંપનાં ૨૫ વર્ષ બાદ બદલાયેલા કચ્છને નિહાળીને બોલી જ જવાય કે **"कच्छ नहीं देखा, तो कुछ नहीं देखा"**

## પ્રારબ્ધને પલટાવવાની પ્રતિબદ્ધતા


વિકાસની ગતિ સાથે તાલ મિલાવતો કચ્છ જિલ્લો અનેક આપત્તિને અવસરમાં પલટાવી સૌથી ઝડપી વિકાસ સાધતો જિલ્લો બન્યો છે. વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રિક્ટ લેવલની ઈવેન્ટે આ ઔદ્યોગિક વિકાસને નવી ગતિ પૂરી પાડી છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ઈવેન્ટે પણ કચ્છના વિકાસને નવી દિશા આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભરતાના મંત્રને કચ્છે આત્મસાત કર્યો છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવાના સંકલ્પને













સાકાર કરવા રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ 'ટીમ ગુજરાત' કામ કરી રહી છે. ગુજરાતે 'પૉલિસી ડ્રિવન સ્ટેટ'ની ઓળખ પ્રાપ્ત કરી છે, જેનો લાભ કચ્છને પણ મળ્યો છે.

### પ્રવાસનનો વિકાસ

રણોત્સવની મજા ધોરડો ટેન્ટસિટીથી ગુજરાતના અનેરા પ્રદેશ કચ્છના ધાર્મિક- ઐતિહાસિક મૂલ્ય ધરાવતાં કેટલાક સ્થળોની મુલાકાત લેવા સુધી દોરી જાય છે. અહીં આવતા પ્રવાસીઓને કાળા ડુંગરે ભગવાન દત્તાત્રેયના મંદિરથી દેખાતો ઇન્ડિયા બ્રિજ કચ્છના લેન્ડસ્કેપમાં ઓતપ્રોત કરે છે. ધરતીકંપ પછી પુનઃસ્થાપિત થયેલા ગાંધીના ગામ તરીકે જાણીતા લુડિયા ગામના મનોહર રૂપકડા માટીના લીંપણવાળા ભૂંગા અને તેનાં ભીંતચિત્રો જોઈને પ્રવાસીઓ કચ્છની સંસ્કૃતિ પર વારી જાય છે. ધ્રોબા ગામે ભરાતા ભાતીગળ મેળાની મુલાકાત પ્રવાસીઓને કલાવારસાની ઝાંખી કરાવે છે. લખપતનો કિલ્લો અને સિંધુ ખીણની હડપ્પન સભ્યતાની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ એવી ધોળાવીરા પ્રાચીન સભ્યતાનો સ્પર્શ કરાવે છે. વડાપ્રધાનશ્રીએ "સ્મૃતિવન" લોકાર્પણ કરીને પ્રવાસન ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત કરી છે. ભૂકંપગ્રસ્તોની યાદમાં નિર્મિત સ્મૃતિવન કચ્છનાં પ્રવાસન સ્થળોમાં નવી કલગી સમાન છે. આ સાથે જ અંજાર ખાતે વીર છારીઢંઢ કે જે યાયાવર પંખીઓના મધુર કલરવથી ગૂંજતું કુદરતી સ્થળ છે તે એપ્રિલ સુધી માણી શકાય છે. ધીણોધર, દાદા મેકરણ, ક્રાંતિતીર્થ માંડવી સહિતનાં સ્થળો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

### રણોત્સવ બન્યો કચ્છની ઉન્નતિનો રનવે

વર્ષોથી સફેદ ચાદર ઓઢીને પોતાની સુંદરતા સમેટીને બેઠેલા સફેદ રણને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને કમિટમેન્ટે વિશ્વભરને આકર્ષતું પ્રવાસન સ્થળ બનાવ્યું છે. વર્ષ ૨૦૨૬ પ્રવાસન વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે ત્યારે સમાજ, સંસ્કૃતિ અને સમૃદ્ધિના સંગમથી રચાતો રણોત્સવ કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિ સાથે, આધુનિક સુવિધા સાથેના ટેન્ટસિટી વિલેજના કારણે 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર કરે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૭ લાખથી વધુ તથા ૨૦૨૩-૨૪માં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓએ સફેદ રણ તથા રણોત્સવને માણ્યો. આ સાથે જ પ્રવાસીઓ કચ્છના માંડવી બીચ, પિંગલેશ્વર બીચ, માતાના મઢ, કાળો ડુંગર, સ્મૃતિવન, આયના મહેલ, પ્રાગ મહેલ, ભુજ મ્યૂઝિયમ, લખપત કિલ્લો, રોડ ટુ હેવન, ધોળાવીરા, નારાયણ સરોવર સહિતનાં પ્રવાસન તથા ધાર્મિક સ્થળોની મુલાકાત લે છે. રણોત્સવને કારણે સ્થળાંતર અટક્યું છે અને લોકોનું આર્થિક તેમજ સામાજિક જીવનધોરણ ઊંચું આવ્યું છે. કચ્છ અને રણોત્સવમાં આવતા પ્રવાસીઓ થકી કચ્છની આર્થિક કરોડરજ્જુ વધુ મજબૂત બની છે. હસ્તકલા, હોટેલ, ટૂર્સ-









ટ્રાવેલ્સ ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રે હજારો રોજગારીની તકોનું નિર્માણ થયું છે.

## કૃષિ- પશુપાલનનો વાઈબ્રન્ટ વિકાસ

કચ્છની કેસર કેરી, દાડમ, ડ્રેગન ફ્રૂટ, ખારેક વગેરેની વિદેશમાં ભારે માંગ છે. નર્મદાનાં નીરના અવતરણથી કચ્છના ખેડૂતોએ ખેતીમાં અનેક નવા આવિષ્કાર કરીને દુનિયાને પ્રેરણા આપી છે. ૪૨૫ વર્ષનો સોનેરી ઈતિહાસ ધરાવતી કચ્છી દેશી ખારેક જીઆઈ ટેગની માન્યતા મેળવનાર રણ-પ્રદેશ કચ્છની સર્વપ્રથમ કૃષિ પેદાશ બની છે. ખારેકની વિદેશમાં નિકાસ કરીને ખેડૂતો માતબર આવક મેળવી રહ્યા છે. કચ્છમાં વર્તમાન સમયમાં ૪૪ હજારથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈ ચૂક્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન અંતર્ગત કચ્છના અન્ય ખેડૂતોને પ્રેરણા મળે તે હેતુથી ૨૬૧ પ્રાકૃતિક કૃષિ મૉડેલ ફાર્મ ઊભાં કરવામાં આવ્યાં છે. સરહદ ડેરીની સ્થાપનાથી કચ્છના પશુપાલકો આર્થિક રીતે પગભર બન્યા છે. કચ્છ જિલ્લો દૈનિક ૧૫ લાખ લિટર જેટલા દૂધ ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. બાગાયત ક્ષેત્રે પણ કચ્છ કાઠું કાઢી રહ્યો છે અને તેની કેરી દુનિયાભરમાં વેચાવા લાગી છે. તરબૂચ, ખારેક, ટેટી જેવા બાગાયતી પાકોની ઉત્તમ વેરાયટીઓ કચ્છે વિકસિત કરી છે.

## હરિત ઊર્જાનું પાવરહાઉસ

વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ ગ્રીન રિન્યૂએબલ એનર્જી પાર્કનું નિર્માણ કચ્છમાં રણકાંધીએ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૮ સુધીમાં આ રિન્યૂએબલ એનર્જી પાર્કથી ૩૭ ગીગાવોટ ગ્રીન ઊર્જાનું ઉત્પાદન થશે.

વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી રણની જમીનનો ઉપયોગ આજે ગ્રીન ઊર્જાના ઉત્પાદનમાં થઈ રહ્યો છે. એક સમયે રોજગારીની અછતના લીધે હિજરત કરતા કચ્છીમાડુઓ સ્થાનિક કક્ષાએ રોજગારી મેળવતા થયા છે. માત્ર વિન્ડ અને સોલારની વાત જ નહીં, પણ કચ્છના દીનદયાળ પોર્ટ-કંડલા પોર્ટ ખાતે ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કાર્યાન્વિત થયો છે. વડાપ્રધાનશ્રીએ આ પહેલને બિરદાવીને ભારતના નેટ ઝીરોના લક્ષ્યાંક હાંસલ કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

## ઔદ્યોગિક ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ

વાઈબ્રન્ટ ગુજરાતની સફર અને સરકારની ઔદ્યોગિક નીતિ અનેક ઉદ્યોગોને કચ્છમાં લઈને આવી. સ્થાનિક રોજગારી મળી, ઉદ્યોગોને કરવેરામાં રાહત મળી અને ભૌગોલિક દ્રષ્ટિએ કચ્છમાંથી આયાત નિકાસ સરળ બનતા ઉદ્યોગો બમણી ગતિએ ફૂલ્યા ફાલ્યા. આજે પણ કચ્છ અનેક વૈશ્વિક કક્ષાના ઉદ્યોગો સાથે આગળ વધી રહ્યું છે.

કચ્છમાં સરકારના પ્રયાસોના લીધે અનેક ઉદ્યોગોએ રોકાણ કર્યું છે. રેલ-









રસ્તાની કનેક્ટિવિટી, ચોવીસ કલાક સાતત્યપૂર્ણ વીજ પુરવઠો, સિંગલ વિન્ડો સર્ટિફિકેશન, પોર્ટનો વિકાસ વગેરે સરળીકરણના લીધે કચ્છમાં ઉદ્યોગો વિકસ્યા છે. કચ્છમાં ૯૧ હજારથી વધારે નાના મોટા ઉદ્યોગો કાર્યરત છે. એક સમયે પાણી, રોજગારીના લીધે કચ્છમાંથી હિજરત કરવાની ફરજ પડતી હતી અને આજે દેશભરમાંથી લાખો લોકો આવીને કચ્છમાં સુખચેનથી રોજગારી મેળવી રહ્યા છે.

કચ્છ જિલ્લામાં સોલ્ટ ઉદ્યોગ હોય કે શિપિંગ, ટિમ્બર ઉદ્યોગ હોય કે ચાઇના ક્લે, ફિશરિઝ હોય કે પછી ગ્રીન એનર્જીનું સોલાર સેક્ટર. તમામ ઉદ્યોગ ક્ષેત્રો ઝડપથી વિકાસ કરી રહ્યાં છે. કચ્છ જિલ્લામાં જીઆઇડીસી, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઊભા કરવામાં આવ્યા છે. સરકારે કચ્છ માટે વિશેષ ઈકોનોમિક પ્લાન તૈયાર કર્યો છે.

કચ્છમાં ભૂકંપ પહેલાનું ઔદ્યોગિક રોકાણ માત્ર રૂ. ૨૫૦૦ કરોડનું હતું. આજે તે વધીને રૂ. ૧,૪૦,૦૦૦ કરોડથી વધુનું થયું છે અને દર વર્ષે તેમાં વધારો થઈ રહ્યો છે. કચ્છમાં ધમધમતા આ ઉદ્યોગો ૩.૫ લાખથી વધુ કામદારોને રોજગારી પૂરી પાડી આર્થિક ઉજાસ ફેલાવી રહ્યા છે.

દેશમાં ઉત્પાદિત ઔદ્યોગિક અને ખાદ્ય મીઠાના જથ્થામાં લગભગ ૩૦ ટકા મીઠું કચ્છમાં ઉત્પાદિત થાય છે. ફ્રી-ફ્લો આયોડાઇઝ્ડ મીઠું બનાવતી ૩૦થી વધુ રિફાઇનરીઓથી જિલ્લો ધમધમી રહ્યો છે. આ સિવાય જિલ્લામાં ખાદ્ય તેલ રિફાઈનરીઓ, સ્પોન્જ આયર્ન, ટી.એમ.ટી. બાર અને અન્ય ઉત્પાદન કરતા ઘણા સ્ટીલ પ્લાન્ટથી કચ્છ જિલ્લો ધમધમે છે.


### વિશ્વને જોડતાં બંદરો

કંડલા અને મુન્દ્રા જેવાં પોર્ટને કારણે કચ્છના ગાંધીધામ જેવાં નગરો વિકાસની નવી સીમાઓ સર કરી રહ્યાં છે. સ્વતંત્રતા બાદ કચ્છમાં કંડલા, ગાંધીધામ નવસર્જિત વિસ્તાર છે. કંડલા ફ્રી ટ્રેડ ઝોન તથા ઈફકોના કારણે અને ભૂકંપ બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારની ઉદાર ઔદ્યોગિક વિકાસ નીતિના કારણે આ વિસ્તારોમાં મોટા ઉદ્યોગો સ્થપાતા વેપાર-વાણિજ્યના અગત્યનાં મથક તરીકે ઊભરી આવ્યાં છે. બંદરના વિકાસ સાથે મુન્દ્રા તાલુકો તેમજ કચ્છ જિલ્લો ધમધમતો થયો છે. મુન્દ્રાની આર્થિક પ્રવૃત્તિ કચ્છનું હાર્દ બન્યું છે. કચ્છ પાસે સમૃદ્ધ ખનિજ હોવાથી સિમેન્ટ ઉદ્યોગ પણ વિકસ્યો છે. કચ્છનું દીનદયાળ પોર્ટ ગાંધીધામ મહાબંદરનો દરજ્જો ધરાવે છે. આ ઉપરાંત, મુન્દ્રાં સેઝ બંદર, જખૌ, માંડવી, સલાયા અને તુણા ટેકરા બંદરનો સમાવેશ થાય છે. એક સમયે આવળ, બાવળ, બોરડી અને રણ વિસ્તારને કારણે વિકાસથી વિહોણું રહેલું કચ્છ આજે વિકાસનું બેજોડ મૉડેલ બન્યું છે. રાજ્ય સરકારે પાછલાં ૨૫ વર્ષમાં કરેલાં વિકાસકાર્યો આજે ધ્રુવતારક બન્યાં છે.




# કચ્છ : વિનાશથી વિકાસની ગાથા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કચ્છના ભુજમાં સ્મૃતિવન મેમોરિયલ ખાતે કચ્છમિત્ર, જીએસડીએમએ અને રેડક્રોસ સહિતની સંસ્થાઓ દ્વારા આયોજિત “ધ્રુજારી-એક નવી શરૂઆત” કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થયા હતા. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોએ ૨૦૦૧ના ભૂકંપના દિવંગતોને સામૂહિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.




મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કચ્છના ભૂકંપથી જનજીવન ખોરવાઈ ગયું હતું. ભૂકંપના લીધે અનેક પરિવારો વિખેરાઈ ગયા હતા. કચ્છના ધંધા, રોજગાર, ઉદ્યોગોને મોટા પ્રમાણમાં અસર થઈ હતી. ભૂકંપ બાદ દેશ અને દુનિયાના લોકોને એવું લાગતું હતું કે, કચ્છ હવે ક્યારેય બેઠું નહીં થઈ શકે, પણ કચ્છીમાડુઓના ખમીરે વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભૂકંપની આપદાને અવસરમાં પલટવાના આહવાનને ઝીલી લીધું હતું. પુનર્વસન કાર્યમાં સરકારી તંત્ર સાથે સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક ટ્રસ્ટો, ઉદ્યોગજગત વગેરેએ સાથે મળીને વિનાશમાંથી નવસર્જનનો ઇતિહાસ રચ્યો હતો. કચ્છના ભૂકંપની આફતમાં ગુજરાતે દેશ અને દુનિયા સમક્ષ આપત્તિ વ્યવસ્થાપનનું એક સફળ મૉડેલ જીએસડીએમએના માધ્યમથી પ્રસ્તુત કર્યું. આજે ‘કચ્છ એટલે વિકાસ’ એવી ઓળખ વડાપ્રધાનશ્રીએ ઊભી કરી છે. વાઇબ્રન્ટ સમિટ અને રણોત્સવ જેવા કાર્યક્રમો કચ્છના વિકાસને નવું બળ પૂરું પાડી રહ્યા છે. કચ્છનું રણ પ્રવાસનનું તોરણ બન્યું છે. રણોત્સવ આજે ગ્લોબલ ઈવેન્ટ છે.



વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી બનેલું સ્મૃતિવન મેમોરિયલ એ દિવંગતોને શ્રદ્ધાંજિલ સાથે જ અડગ મનોબળ, સ્થિરતા અને ભૂકંપની પૂનવર્સનની ગાથાનું જ્વલંત પ્રતીક છે. સ્મૃતિવન મેમોરિયલે દુનિયાના સૌથી સુંદર મેમોરિયલમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે તે બદલ મુખ્યમંત્રીશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. સ્મૃતિવન મેમોરિયલ ફેઝ-૨ના વિકાસ માટે રૂ.૫૬૯ કરોડની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્મૃતિવન મેમોરિયલમાં ભૂકંપના દિવંગતોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્મૃતિવન પરિસરમાં ચેકડૅમની મુલાકાત લઈને દિવંગતોને યાદ કર્યા હતા. ભૂકંપમાં સ્વજનો ગુમાવનારા પરિવારો સાથે મુખ્યમંત્રીશ્રીએ રૂબરૂ મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ પરિવારોને રૂબરૂ મળીને સાંત્વના પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિનાશમાંથી વિકાસની ભૂકંપની ગાથા વર્ણવતી કૉફી ટેબલ બુક 'ધ્રુજારી'નું વિમોચન કરીને ‘કચ્છમિત્ર’ અખબારની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

સ્મૃતિવન મ્યૂઝિયમ ખાતે આયોજિત સ્મૃતિવંદના કાર્યક્રમમાં સામૂહિક શ્રદ્ધાંજલિની સાથેસાથે ગતિશીલ કચ્છના વિકાસની ગાથાને વર્ણવતી નૃત્યનાટિકા, ભૂકંપ આધારિત વેબ સિરીઝની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ભૂકંપની આપદામાંથી હેમખેમ બચી ગયેલા લોકોએ પોતાના જીવનસંઘર્ષની ગાથા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા, અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કચ્છની હવામાં FM રેડિયોના માધ્યમથી ગુંજશે કચ્છી સંસ્કૃતિના ગીતો**

રેડિયો સાથે દરેક પેઢીના શ્રોતાઓનો અતૂટ સંબંધ બંધાય છે. રેડિયો ઓછા ખર્ચે, સ્થાનિક ભાષામાં પ્રચાર-પ્રસારનું વિશ્વસનીય માધ્યમ હોવાથી વિકાસના વિઝનમાં ભૌગોલિક રીતે અંતરિયાળ વિસ્તારના લોકોને સહભાગી બનાવવા માટે આ માધ્યમ પર ખાસ પસંદગી ઉતારવામાં આવે છે. કચ્છ જેવા ખાસ ભૌગોલિક સ્થાન ધરાવતા જિલ્લા માટે સંચાર માધ્યમોમાં રેડિયો અગત્યની ભૂમિકા ભજવી શકે છે. રેડિયોના માધ્યમથી સ્થાનિક લોકો જિલ્લા અને શહેરની પ્રવૃત્તિઓથી અવગત રહી શકે છે. ભુજ સ્મૃતિવન ઓડિટોરિયમમાં ભાસ્કર જૂથ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છના




પ્રથમ ખાનગી FM રેડિયો સ્ટેશન 'MY FM'નો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવતા હતું કે, કચ્છ સંસ્કૃતિ, સંકલ્પ, સંઘર્ષ, સ્વાભિમાન અને સમૃદ્ધિનું પ્રતિક છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી ઊર્જા સાથે ફરી બેઠા થયેલા કચ્છના વિકાસ અને પુનર્નિર્માણમાં કચ્છી માડુઓની સહયોગ શક્તિ આખા વિશ્વ માટે પ્રેરણારૂપ પૂરવાર થઈ છે. છેલ્લાં એક દશકમાં ડિજિટલ ભારત અંતર્ગત થયેલી ટેક ક્રાંતિમાં રેડિયો અને ખાસ કરીને FMને નવા રૂપરંગ પ્રાપ્ત થયા છે. આજે વિશ્વની દરેક રિયલ ટાઈમ માહિતી ઘર-ઘર તથા સરહદો સુધી પહોંચાડવાના મૂળમાં ડિજીટલ ક્રાંતિ છે. આ ક્રાંતિના પરિણામ સ્વરૂપ ડી. ટી.એચ. ચેનલો પર શૈક્ષણિક અભ્યાસક્રમો ઉપલબ્ધ હોવા સાથે યુનિવર્સિટીઝના પોતાના FM સ્ટેશન હોવાથી જ્ઞાન વિદ્યાર્થીઓના ઘર સુધી સીધું પહોંચ્યું છે. કચ્છમાં FM જાગૃતિ રણ, સીમાવર્તી અને દરિયાકાંઠાના વિસ્તારો સુધી માહિતી પહોંચાડવાનું વિશ્વસનીય અને અસરકારક માધ્યમ બનશે. FM રેડિયોની આ ચેનલ કચ્છની લોકસંસ્કૃતિ, કલાકારો અને પરંપરાગત વ્યવસાયોને પ્રોત્સાહન આપવા સાથે સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી ઘરઘર સુધી પહોંચાડીની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, સ્થાનિક સાંસદશ્રી તેમજ પદાધિકારીઓ અને MY FMના કર્મચારી-અધિકારીઓ સહિતના અગ્રણીશ્રીઓ હાજર રહ્યા હતા.



## કચ્છમાં નરનારાયણ દેવના દર્શન કરતાં મુખ્યમંત્રીશ્રી

**કચ્છની ધરતી પર વર્ષ ૨૦૦૧માં અનુભવાયેલા ભૂકંપના ૨૫ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કચ્છના પ્રવાસે હતા. આ પ્રવાસ દરમિયાન સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજિત શિક્ષાપત્રી મહોત્સવમાં તેઓ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ભુજ સ્વામિનારાયણ મંદિરમાં બિરાજેલા નરનારાયણ દેવના દર્શન કર્યા હતા. આ મુલાકાતમાં સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી સ્વામી જાદવજીભગત સહિત હરિભક્તો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

### ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સેફ્ટી ક્ષેત્રે વિકાસના નવા યુગની શરૂઆત

# ગાંધીનગરમાં નિર્માણ પામશે દેશની પ્રથમ 'BSL-4' લૅબ



'વિજ્ઞાન અને ટેક્નોલૉજી રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ હોવો જોઈએ'. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ વિઝનને ગુજરાતે આત્મસાત્ કર્યુ છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતની પ્રથમ અદ્યતન બાયો-કન્ટેઇનમેન્ટ ફૅસિલિટી "બાયો સેફ્ટી લેવલ-૪" લૅબ તેમજ "એનિમલ બાયો-સેફ્ટી લેવલ" સુવિધાનો ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કર્યો હતો. આ વેળાએ રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહ દરમિયાન ગુજરાત બાયો-ટૅક્નોલૉજી રિસર્ચ સેન્ટરની બાયો સેફ્ટી લેવલ-૪ સુવિધાને ભારત સરકારની "BioE3 નીતિ" અંતર્ગત નૅશનલ સેન્ટર ફોર હાઇ કન્ટેઇનમેન્ટ પેથોજેન રિસર્ચ ફૅસિલિટી' તરીકે નિયુક્ત કરવા માટે કેન્દ્રીય બાયોટૅક્નોલૉજી વિભાગ દ્વારા ગુજરાતના વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગને લેટર ઓફ ઇન્ટેન્ટ (LoI) એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પરથી ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સેફ્ટી ક્ષેત્રના વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે. પૂણે બાદ દેશની આ માત્ર બીજી ઉચ્ચસ્તરીય લૅબ છે, પરંતુ રાજ્ય સરકારની વિશેષ પહેલથી રૂ. ૩૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આ દેશની પ્રથમ BSL-4 લૅબ બનશે. ભવિષ્યમાં આ લૅબ જીવલેણ વાઇરસો સામે લડવા માટે ભારતનું અભેદ સુરક્ષા કવચ અને જૈવ સુવિધાનો મજબૂત કિલ્લો પૂરવાર થશે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ લૅબ સંશોધકો અને યુવાનો માટે અનેક તકોનાં દ્વાર ખોલશે. ખાસ કરીને વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલા "વન હેલ્થ મિશન"ને આ લૅબથી વેગ મળશે.

સંશોધનને 'આવિષ્કારનો આત્મા' ગણીને કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી માળખાકીય સુવિધાઓને કારણે આજે ભારતના વૈજ્ઞાનિકો અત્યંત સુરક્ષિત વાતાવરણમાં વિશ્વસ્તરીય સંશોધનો કરી રહ્યા છે. ભારત આજે 'વિકાસ' અને 'વિરાસત' બંનેને સાથે લઈને આગળ વધી રહ્યું છે. જેના પાયામાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજીને રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ બનાવવાનો અભિગમ રહ્યો છે. આ લૅબ દ્વારા ભારતીય વૈજ્ઞાનિકોને હવે સેમ્પલ ટેસ્ટિંગ માટે વિદેશ પર નિર્ભર નહીં રહેવું પડે, જે સ્વાસ્થ્ય ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સિદ્ધ કરશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ બાયોટૅક ક્ષેત્રે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માનવ-જીવનને ઉપયોગી એવા ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન અને વૅક્સિન બનાવવા હાકલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હેલ્થ કેર અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો મહત્ત્વપૂર્ણ પ્રકલ્પ ગણાવ્યો હતો. BSL-4 લેબ કાર્યરત થવાથી હાઇ રિસ્ક વાઇરસ પર રાજ્યમાં સંશોધન શક્ય બનવાથી સમયસર, ચોક્કસ અને વિશ્વસનીય નિદાન ઉપલબ્ધ થશે. BSL-4 લૅબમાં જે સંશોધન થશે તે સીધું નિદાન, સારવાર અને જાહેર સ્વાસ્થ્યની નીતિઓમાં પરિવર્તિત થનારું ટ્રાન્સલેશન રિસર્ચ બનશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, આધુનિક ભારત અને ગુજરાતનું ભાગ્ય બદલવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું છે. ગુજરાતની સંશોધન સુવિધા વૈશ્વિક આરોગ્ય પડકારોનો સામનો કરવામાં નિર્ણાયક સાબિત થશે.

આ પ્રસંગે ગાંધીનગરનાં મેયર શ્રીમતી મીરાબહેન પટેલ, સાંસદ સર્વશ્રી હસમુખભાઈ પટેલ, હરિભાઈ પટેલ, મયંકભાઈ નાયક, ધારાસભ્ય સર્વશ્રી રીટાબહેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી જનસમર્પિત

અમદાવાદ ખાતે 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત અને પ્રખર વિદ્વાન શ્રી ગૌતમભાઈ પટેલ દ્વારા સંપાદિત 'આદિ શંકર સમગ્ર' (૧૫ ગ્રંથોની શ્રેણી)નું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આદિ શંકરાચાર્યનું જ્ઞાન હવે ગુજરાતી યુવાઓ માટે આંગળીના ટેરવે મળતું થયું છે, સસ્તું સાહિત્ય દ્વારા 'આદિ શંકર સમગ્ર' ગ્રંથાવલીનું વિમોચન કરાયું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ઘટના છે. ૧૧૭ વર્ષ જૂની સ્વામી અખંડાનંદની સંસ્થા 'સસ્તું સાહિત્ય' ફરી બેઠી થઈ છે. આ માટે ગૌતમભાઈ પટેલે આદિ શંકરના જ્ઞાનસાગરને ગુજરાતીમાં ઉતારીને ગુજરાતના વાચકોને મોટી મદદ કરી છે.

તેમણે ખાસ કરીને યુવાનોને 'વિવેક ચૂડામણિ' અને 'ભજ ગોવિંદમ્' જેવા ગ્રંથો વાંચવા આગ્રહ કર્યો હતો. સાથે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારાં ૫૦ વર્ષોમાં જ્યારે સાહિત્યની



ચર્ચા થશે, ત્યારે આ ગ્રંથાવલીના પ્રકાશનને સુવર્ણ અક્ષરે યાદ કરવામાં આવશે. આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલીના ભાગ ૧થી ૧૫ ગ્રંથોના સંપાદક શ્રી ગૌતમ પટેલે તેમનાં મંતવ્યો જણાવ્યાં હતાં. આ કાર્યક્રમમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા સહિત સ્થાનિક સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અગ્રણી પદાધિકારીશ્રીઓ, સાહિત્ય રસિકો તેમજ પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# શિલાન્યાસ

અમદાવાદના સનાથલ ખાતે ફાર્માસ્યુટિકલ ઍકેડેમી ફોર ગ્લોબલ ઍક્સેલન્સ (PAGE)નો શિલાન્યાસ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિ કરવામાં આવ્યો. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીએ 'ધ એલ્કેમી ઑફ ક્યોર' કૉફી ટેબલ બુકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઇન્ડિયા ફાર્મા આર્કાઇવ્સના લોકાર્પણ સાથે મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, અગ્રણી ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના લીડર્સ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.





# ગુજરાત હાઉસિંગ બોર્ડના આવાસોનું ભૂમિપૂજન

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રિડેવલપમેન્ટ થનાર સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ના આવાસોનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઈ પટેલ સહિતના અધિકારીશ્રીઓ, સૂર્યા એપાર્ટમેન્ટના રહીશો તથા નારણપુરા વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચારૂસેટ યુનિવર્સિટીના ૨૭૯૪ છાત્રોને પદવી એનાયત



ડિજિટલ ટ્રાન્ઝેક્શન, મેન્યુફેક્ચરિંગ, મોબાઇલ ઉત્પાદન, ઓટોમોબાઇલ, દૂધ ઉત્પાદન, સ્પેસ, ગ્રીન એનર્જી, ડિફેન્સ અને સેમિકન્ડક્ટર જેવાં ક્ષેત્રોમાં ભારતે છેલ્લા દાયકામાં ઐતિહાસિક પ્રગતિ કરી છે, જેના કારણે યુવાનો માટે કારકિર્દી ઘડવાની અપાર સંભાવનાઓ સર્જાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ચારૂસેટ યુનિવર્સિટીના ૨૭૯૪ છાત્રોને ડિગ્રી, ૪૨ વિદ્યાર્થીઓને ૪૫ ગોલ્ડ મેડલ અને ૩૮ વિદ્યાર્થીઓને ડૉક્ટરેટ ડિગ્રી સહિત સુવર્ણ ચંદ્રકો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ તકે મંત્રી શ્રી અમિતભાઈ શાહે પદવીધારકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ચારૂસેટ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે યુવાનોને સ્પષ્ટ ઉદ્દેશ - લક્ષ્ય નક્કી કરી તેના ઉપર દ્રઢ મનોબળ સાથે આગળ વધવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ઉદ્દેશ વગરનું જીવન ક્યારેય સાચી સફળતા પ્રાપ્ત કરી શકતું નથી. વ્યક્તિએ પોતાની કારકિર્દી સાથે સાથે સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાનો સંકલ્પ લેવો જોઈએ. ભારત હાલમાં અમૃતકાળના સમયગાળામાં પ્રવેશી ચૂક્યું છે. વર્ષ ૨૦૧૪માં ૧૧મા ક્રમે રહેલું ભારતીય અર્થતંત્ર આજે વિશ્વમાં ચોથા ક્રમે પહોંચ્યું છે તેમ જણાવી કેન્દ્રીય મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતીય અર્થતંત્ર ત્રીજા ક્રમે પહોંચશે તેવો મજબૂત આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે ચરોતરની પવિત્ર ધરતીને ભારત માટે અણમોલ યોગદાન આપનાર ગણાવી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, ભાઈકાકા અને વિદ્વાન એચ.એમ. પટેલ જેવાં મહાન વ્યક્તિત્વોનું સ્મરણ કર્યું હતું, જેમણે દેશના રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અવિસ્મરણીય યોગદાન આપ્યું છે.આ પ્રસંગે અન્ન અને નાગરીક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, નાણાં રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી યોગેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



*__શિક્ષાપત્રી મહોત્સવ :__ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા 'શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ' (સમૈયો)ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા શિક્ષાપત્રી લેખનનાં ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશાળ 'સમૈયો' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય મહોત્સવની પૂર્ણાહુતિ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શિક્ષાપત્રી ચરિત્ર પર આધારિત પ્રદર્શનીમાં નવી પેઢીને પ્રેરણા સાથે શિક્ષણનો મર્મ સમજાવવાનો ધ્યેય સ્પષ્ટ જોવા મળે છે, જીવનના નૈતિક સંવિધાનનો આધાર નક્કી કરવા હોય તો તે શિક્ષાપત્રીમાં છે.*

# દિવ્યાંગજનોને સાધન-સહાયનું વિતરણ

મધ્યમ કક્ષાના શહેરોમાં પણ નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુરૂપ ભાવનગર મહાનગરપાલિકાએ વિકાસ આયોજન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખાતા ભાવનગરને રૂ.૧૫૬ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ આપી હતી. કુલ ૨૩ વિકાસકાર્યો દ્વારા પીવાના પાણીની સુવિધા, ટ્રાફિક અને પરિવહન વ્યવસ્થા, પર્યાવરણ અને સ્વચ્છતા તેમજ સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ ક્ષેત્રે નાગરિકોને મોટો લાભ મળશે.

આ ઉપરાંત ભાવનગર અને બોટાદ જિલ્લામાં ૧૫ દિવસ સુધી કેમ્પ યોજીને ૨૬૦૦થી વધુ દિવ્યાંગજનોને રૂ. ૩.૫૧ કરોડનાં ૪૮૦૦થી વધુ સાધનો વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા એક જ દિવસમાં એક સાથે ૧૦૧૭ દિવ્યાંગજનોને રૂ.૧.૧૬ કરોડની સાધન-સહાય અર્પણ કરવાના આ નિઃશુલ્ક સાધન-સહાય વિતરણ કાર્યક્રમને દિવ્યાંગ કલ્યાણની સરકારની પ્રતિબદ્ધતા ગણાવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૪ લાખથી



વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપીને રૂ. ૮૨૦ કરોડથી વધુની સહાય આપી છે. એટલું જ નહિ, દિવ્યાંગતા પ્રમાણપત્ર આજીવન માન્ય કરવાના નિર્ણયથી દિવ્યાંગોને મોટી રાહત આપી છે.

કેન્દ્રીય જાહેર વિતરણ રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, સરકાર દિવ્યાંગજનને "આત્મનિર્ભર" બનાવવા સતત પ્રયાસરત છે. ADIP યોજના હેઠળ લાખો દિવ્યાંગજનોને નિઃશુલ્ક આધુનિક સહાયક સાધનો આપવામાં આવ્યાં છે. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, CSR ફંડનો યોગ્ય ઉપયોગ સમાજહિતમાં કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકારી અને ખાનગી કંપનીઓ આગળ આવી રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભેચ્છા-સંદેશનું પઠન કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય એક કાર્યક્રમમાં ગોહિલવાડ રાજપૂત સમાજના ઉપક્રમે મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છ VGRCમાં ભાવનગર શહેર અને જિલ્લા માટે રૂ. ૬૦ હજાર કરોડથી વધુના રોકાણ માટે ૩૦૬ એમ.ઓ.યુ. થયા છે. આ ઉદ્યોગોથી ભવિષ્યના શહેરીકરણને અવસર તરીકે અપનાવી ભાવનગર સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સની દિશામાં અગ્રેસર રહેશે, જેના કારણે ગુજરાતની વાઈબ્રન્ટ વિકાસયાત્રાને નવી ગતિ મળી છે.



**દર્શન-અર્ચન :** *વિક્રમ સંવત ૧૮૮૨ની વસંત પંચમીએ વડતાલમાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા રચાયેલી શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના સમૈયા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અડાલજ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શિક્ષાપત્રી અને ભગવાન સ્વામિનારાયણના દર્શન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. આ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વીડિયો સંદેશનું પ્રસારણ કરાયું હતું. મુખ્યમંત્રીએ શિક્ષાપત્રીને વ્યવહારિક જીવનમાં સમરસતા અને એકતાનું માર્ગદર્શન આપતી ગણાવી તથા સમૈયાના ગો-ગ્રીન આયોજન માટે આયોજકોને અભિનંદન આપ્યા હતા.*


# વિકાસકાર્યોથી મોરબી બનશે વધુ મનમોહક




ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈએ લઈ જવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર સુદ્રઢ આયોજન સાથે મક્કમ ગતિએ પ્રગતિ સાધી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોરબી જિલ્લાના પ્રજાજનોની સુખાકારીમાં વધારો કરવા રૂ.૧૦૪૨ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ સ્થાનિકોને આપી હતી. 'વિકસિત મોરબી'ના નિર્માણને બમણો વેગ આપવાના ઉમદા આશય સાથે આયોજિત ગરિમાપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ મોરબી મહાનગરપાલિકાનાં શહેરી વિકાસનાં કામો સાથે અદ્યતન રોડ-રસ્તા અને માળખાકીય સુવિધાઓનાં વિવિધ કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૧૩માં અસ્તિત્વમાં આવેલો મોરબી જિલ્લો આજે વિકસિત ગુજરાતની આધારશિલા બની રહ્યો છે. ૭૭મા પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ મોરબી મહાનગરપાલિકા અને જિલ્લાને મળેલી ભેટથી ઉત્તમ કનેક્ટિવિટી અને જનસુખાકારીનો નવો અધ્યાય લખાયો છે. દેશના ૮૦ ટકા સિરામિક ઉત્પાદન સાથે ઔદ્યોગિક ક્ષેત્રે મોરબીનું નેતૃત્વ 'આત્મનિર્ભર ભારત'નું શ્રેષ્ઠ પ્રતીક છે. ગ્લોબલ કૉમ્પિટિશનમાં મોરબી આગળ વધી રહ્યું છે ત્યારે તેને માળખાગત સુવિધાઓથી સુસજ્જ બનાવવા અને ઉત્તમ કનેક્ટિવિટી માળખું ઊભું કરવા સરકાર તત્પર છે. આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રોડ-રસ્તા સહિતની આંતરમાળખાકીય સુવિધા બનશે વધુ સઘન





જ્યાં નાગરિકો ત્યાં સુવિધાની નેમ સાથે રાજ્ય સરકાર અહર્નિશ કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની જનતા માટે રોડ-રસ્તા સહિતની શ્રેષ્ઠ માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા મહત્ત્વના એવા અમદાવાદ-મહેસાણા વચ્ચેના ૫૧ કિમીના હાઈવેને રૂ. ૨,૬૩૦ કરોડના ખર્ચે આઠ-માર્ગીય કરવાના પ્રોજેક્ટને મુખ્યમંત્રીશ્રી દ્વારા કૅબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. અડાલજથી પાલાવાસણા સર્કલ, મહેસાણા સુધીના કુલ ૫૧.૬૦ કિ.મી.ના માર્ગને આઠ-માર્ગીય કરવાના વિકાસકાર્યને પણ મંજૂરી અપાઈ. રાજ્યમાં ફ્લાય-ઓવર અને ચાર માર્ગીય ફ્લાય-ઓવર તેમજ અંડરપાસ બનાવવાના પ્રજાકલ્યાણલક્ષી નિર્ણયો કરવામાં આવ્યા.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-૪ અંતર્ગત કરાયેલા સર્વેમાં ૪,૭૮૧ પરાઓ પૈકી પ્રથમ તબક્કામાં ૧,૬૧૪ પરાઓના કુલ ૨,૦૨૦ કિલોમીટરના રસ્તા બનાવાશે. આ રસ્તા અંદાજિત કુલ રૂ. ૨,૬૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ નવીન રસ્તા તૈયાર થતાં આદિવાસી વિસ્તારની અંદાજે ૮ લાખથી વધુ વસતીને લાભ થશે અને માળખાકીય સુવિધામાં વધારો થશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત પરાઓને પાકા બારમાસી રસ્તાઓથી જોડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૬૦ ટકા અને રાજ્ય સરકાર દ્વારા ૪૦ ટકા રકમ ચૂકવવામાં આવે છે.



# ખોરજમાં મારુતિ સુઝુકી ઇન્ડિયા નવો પ્લાન્ટ વિકસાવશે



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઇન ઇન્ડિયા-મેઇડ ફોર ધ વર્લ્ડ'ના ધ્યેયને સાકાર કરવા ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નક્કર પ્રગતિ સાધી છે. મારુતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડ સાણંદ તાલુકાના ખોરજમાં જી.આઇ.ડી.સી. દ્વારા ઉપલબ્ધ જમીન પર રૂ. ૩૫ હજાર કરોડના રોકાણ સાથે વિહિકલ મેન્યુફેક્ચરિંગના નવા પ્લાન્ટની સ્થાપના કરશે.

મુખ્યમંત્રીશ્રી અને મારુતિ સુઝુકીના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં આ પ્લાન્ટની 'ઇન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર' સૅરિમની ગાંધીનગરમાં યોજાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ મારુતિ સુઝુકીના એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર શ્રી સુનિલ કક્કર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્લાન્ટથી પ્રત્યક્ષ ૧૨ હજારથી વધુ લોકોને જ્યારે પરોક્ષ રીતે અંદાજિત ૭.૫૦ લાખથી વધુ રોજગારીની તકોનું નિર્માણ થશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ માત્ર નવી ઓટોમોબાઇલ ઉત્પાદન સુવિધા જ નથી, પરંતુ દેશના સૌથી મોટા અને સૌથી સ્પર્ધાત્મક ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ કૉરિડૉરને સુદ્રઢ બનાવવાનું પગલું છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત-ગુજરાત-જાપાન સંબંધો હંમેશાંથી ઉત્સાહપૂર્ણ રહ્યા છે તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પોતાની જાપાન મુલાકાતમાં સુઝુકીના CEOએ ગુજરાતને સેકન્ડ હોમ તરીકે ઓળખાવ્યું તે ભરોસો જાળવી રાખવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

# રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિર ગુજરાતમાં સંપન્ન




મનુષ્યજાતિની વિકાસયાત્રામાં વિવિધ ખનિજોનું મહત્ત્વ રહ્યું છે. ખાણ-ખનિજ સંપદામાં ગુજરાત સમૃદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા ખનિજ પરિવહનના રિયલ ટાઇમ મૉનિટરિંગ માટે જી.પી.એસ. વિહિકલ ટ્રૅકિંગ અને મૉનિટરિંગ સિસ્ટિમ વિકસાવવામાં આવી છે. આવા પ્રગતિશીલ પરિપ્રેક્ષમાં રાજ્યમાં રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરનું આયોજન ગાંધીનગરમાં થયું હતું, જેનો શુભારંભ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી સતીષચંદ્ર દુબે તથા બિહાર, નાગાલેન્ડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને આંધ્ર પ્રદેશના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખાણ ખનિજ દેશની અર્થવ્યવસ્થાનો અગત્યનો આધાર છે. એ આધાર સ્તંભને વધુ મજબૂત બનાવીને દેશના વિકાસને નવી ગતિ આપવાનું પ્લૅટફૉર્મ સામૂહિક ચિંતનનો મંચ પૂરો પાડે છે. વડાપ્રધાનશ્રીએ દેશને આત્મનિર્ભર બનાવવા દરેક ક્ષેત્રમાં હોલિસ્ટિક એપ્રોચ સાથે ફેરફાર કરાવ્યા છે. ક્લિયર પોલિસીઝ, પૉલિટિકલ વિલ અને ટ્રાન્સપરન્ટ ગવર્નન્સના પરિણામે આ સુધારા શક્ય બન્યા છે. ગુજરાત લિગ્નાઇટ, લાઇમસ્ટોન, બોક્સાઇટ જેવાં મુખ્ય ખનિજો માટે મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આથી જ ખાણ-ખનિજ ક્ષેત્રને માત્ર ઉત્પાદકતા અને ઓક્શન (હરાજી) સુધી જ સીમિત ન રાખતાં ગુજરાતે તેને પારદર્શિતા, અનુશાસન અને નિયમો-કાયદાના અમલનું પ્રતીક પણ બનાવ્યું છે.


# કલેક્ટર કૉન્ફરન્સમાં ઇન્ટિગ્રિટી અને ઇફેક્ટિવનેસના અભિગમને પ્રાથમિકતા



ગુજરાતના સુશાસનમાં નિયમિત રીતે થતી ઉચ્ચસ્તરીય તેમજ સ્થાનિક સ્તરની બેઠક, શિબિર અને તાલીમ દ્વારા રાજ્યની વિકાસયાત્રા સતત ગતિમાન છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કૉન્ફરન્સ યોજાઈ હતી. મહેસૂલી સરળીકરણનાં લોકહિત પગલાંઓના લાભ નાગરિકો સુધી પહોંચે તે માટેના જિલ્લાના કર્મયોગીઓને તાલીમ દ્વારા ક્ષમતા નિર્માણના આયોજનને આ કૉન્ફરન્સનો મુખ્ય હેતુ બનાવવામાં આવ્યો હતો. આ પરિષદમાં મહેસૂલ સંબંધિત iORA/E-Dhara, iRCMS, DCLR/ALTના પડતર કેસોની સમીક્ષા અને ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કલેક્ટરોને જણાવ્યું હતું કે, જિલ્લામાં રજૂઆતો માટે આવનારી વ્યક્તિની મુશ્કેલી સમજીને તેને સહાયરૂપ થવાની સંવેદનાથી જ લોકોનો વિશ્વાસ સંપાદિત થઈ શકે. સ્થાનિક સ્તરના પ્રશ્નો માટે લોકોએ વિભાગ સુધી ન આવવું પડે તે માટે ખાસ ધ્યાન રાખવું. ફિલ્ડ વિઝિટ દ્વારા સરકારી યોજનાઓના અસરકારક અમલનું મૉનિટરિંગ કરવાનાં સૂચનો સાથે ઓનેસ્ટી, ઇન્ટિગ્રિટી, કોમ્પિટન્સ અને ઇફેક્ટિવનેસના આધારે જિલ્લાની કામગીરી કરવા અને કાળજી લેવા તેમણે તાકીદ કરી હતી. નાનામાં નાના માનવીની સમસ્યાના નિરાકરણની જવાબદારીને મોટી તક ગણાવી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી આ મિશનને પાર પાડવા તેમણે આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લા કલેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વાગતમાં પ્રશ્નોનો ત્વરિત પ્રતિસાદ




જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય-સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નની રજૂઆતનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ત્વરિત અને સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આપ્યો હતો.

રાજ્ય-સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ડભોઈ નગરપાલિકાના ગટરના પાણીના કારણે ૩૩ ખેડૂતોની ૧૫૦ વીઘા ખેતીલાયક જમીન પર પાકને નુકસાન ન થાય અને જમીન બગડે નહીં તે માટે સ્થાનિક વહીવટી તંત્રને તાત્કાલિક સાઇફન બનાવવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

બોટાદના ખેડૂતોએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી કે ગામના તળાવના પાળાની ઊંચાઈ વધારવાના કારણે ૪૨ ખેડૂતોની આશરે ૫૦૦ વીઘા જમીન ડૂબી ગઈ છે અને ખેતરમાં અવરજવર માટેનો માર્ગ બંધ થઈ ગયો છે. મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતિના નિવારણ માટે સ્થાનિક વહીવટી તંત્રને ત્વરિત પગલાં લેવા સૂચના આપી.

લાભાર્થીઓએ સુરતમાં ગુજરાત હાઉસિંગ બોર્ડનાં જે જર્જરિત મકાનો ઉતારી લેવાયાં છે તેના સ્થાને નવાં મકાનોના બાંધકામ અંગેની લાંબાગાળાની પડતર રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બાબતે ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓને નવા આવાસોના બાંધકામ માટે ઝડપી કાર્યવાહી કરવા સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા.

જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય-સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં રાજ્યભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ પોતાના પ્રશ્નો અને રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ, જિલ્લા-સ્વાગતમાં ૧,૪૯૨ અને તાલુકા-સ્વાગતમાં ૨,૫૬૫ રજૂઆત-પ્રશ્નો નોંધાયાં, જેના આધારે જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ લોકોના પ્રશ્નોના નિરાકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# જેસોર અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સમાવેશ

સાતત્યપૂર્ણ વિકાસ એ પર્યાવરણ સંતુલનને જાળવીને થતી પ્રક્રિયા છે. પર્યાવરણ સંતુલન એ મનુષ્યની સાથે તમામ જીવ, જંતુ, પશુ, પંખીના સહઅસ્તિત્વને સ્પર્શતી બાબત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની ૨૬મી બેઠક યોજાઈ. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિ નોંધનીય રહી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ બનાસકાંઠાના જેસોર રીંછ અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સમાવેશ કરવામાં આવ્યા અંગેની તેમજ રતનમહાલ અભયારણ્યમાં વાઘની હાજરીના ઉપલક્ષમાં ત્યાં તેના સ્થાયી થવાની પૂરી સંભાવના અંગેની વિગતો જેવી બાબતો રજૂ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ફૉરેસ્ટ એરિયામાં પ્રવાસીઓ દ્વારા વન્યસૃષ્ટિને ખલેલ ન થાય તે માટે વિઝિટર્સ પૉલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવાના દિશાનિર્દેશો આપ્યા હતા. ગુજરાતમાં દીપડાઓની વધતી



જતી સંખ્યા અને રેસ્ક્યૂ થયેલા દીપડાઓ માટે અભયારણ્યનું સ્થળ નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરવાના આયોજન વિશે પણ ચર્ચા થઈ હતી. ઉપરાંત, અભયારણ્ય-નેશનલ પાર્કમાં રોડ-રસ્તા, પાણી પુરવઠા, ઑપ્ટિકલ ફાઈબર, રિન્યૂએબલ એનર્જી, પાવર માટે ટ્રાન્સમિશન લાઈન વગેરે બાબતોની ૧૮ જેટલી વિવિધ દરખાસ્તો આ બેઠકમાં મંજૂરી માટે મૂકવામાં આવી હતી.

# ગુજરાતના મિશન ઑલિમ્પિક્સમાં ઓસ્ટ્રેલિયા આપશે સાથ

ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે ક્રાંતિ લાવવા અને આગામી ઑલિમ્પિક્સ માટે ખેલાડીઓને સજ્જ કરવા રાજ્ય સરકાર અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સહયોગનાં નવાં દ્વાર ખૂલ્યાં છે. વર્ષ ૨૦૩૨ની બ્રિસ્બેન ઑલિમ્પિક્સના સંદર્ભમાં, ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ગાંધીનગરમાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયા સાથેની ભાગીદારીથી ટેક્સટાઈલ, ફાર્મા અને જેમ્સ-જ્વેલરી જેવા ઉદ્યોગોને વેગ મળ્યો છે. હવે આ મૈત્રીપૂર્ણ સંબંધો ગુજરાતના રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકવાની તક પૂરી પાડશે. ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરશ્રીએ ઑલિમ્પિક્સ માટે બ્રિસ્બેનમાં થઈ રહેલી તૈયારીઓના નિરીક્ષણ માટે ગુજરાતના ઉચ્ચસ્તરીય ડેલિગેશનને આમંત્રણ પાઠવ્યું હતું.

ગિફ્ટ સિટીમાં કાર્યરત ડિકન યુનિવર્સિટીમાં રમતગમત માટે સેન્ટર ઓફ એક્સલન્સ શરૂ કરવાની માહિતી પણ ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે મુખ્યમંત્રીશ્રીને આપી હતી. તેમણે મુખ્યમંત્રીશ્રીને ડિકન યુનિવર્સિટીના માર્ચ-૨૦૨૬માં થનારા પ્રથમ પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.



### સહયોગનાં મુખ્ય પાસાઓ :

- **ટ્રેનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર :** ઓસ્ટ્રેલિયા ગુજરાતમાં ખાસ કરીને સ્વિમિંગ, પેરા-ઍથ્લીટ્સ અને હાઈ-પર્ફોર્મન્સ સેન્ટર્સ માટે ઉચ્ચ કક્ષાનું પ્રશિક્ષણ આપવા ઉત્સુક છે. ઑલિમ્પિક ફૅસિલિટીઝના સસ્ટેનેબલ ઉપયોગ માટે ગુજરાત ઓસ્ટ્રેલિયાના અનુભવનો લાભ લેશે.
- **શિક્ષણ અને સંશોધન :** ગિફ્ટ સિટી સ્થિત ડિકન યુનિવર્સિટી ખાતે સ્પોર્ટ્સ માટે 'સેન્ટર ઓફ એક્સેલન્સ' શરૂ કરવામાં આવશે.
- **રિન્યૂએબલ એનર્જી:** રમતગમત ઉપરાંત, ઓસ્ટ્રેલિયાએ ગુજરાતના રિન્યૂએબલ એનર્જી સેક્ટર અને PDEUની ટ્રેનિંગ ફૅસિલિટીની પ્રશંસા કરી આ ક્ષેત્રે પણ સહભાગી થવાની તૈયારી દર્શાવી છે.

# ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૬

**શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને નૃત્યનો અનેરો સંગમ**



મહેસાણા જિલ્લામાં શિલ્પ-સ્થાપત્યનો ઐતિહાસિક વારસો ધરાવતા વિશ્વપ્રસિદ્ધ મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં સંગીતના તાલ, ઘૂંઘરુના નાદ અને નર્તનથી એક નયનરમ્ય નજારો સર્જાયો હતો. પ્રસંગ હતો પ્રતિવર્ષ ઉજવાતા ઉત્તરાર્ધ મહોત્સવનો, જે ભારતની ભવ્ય કલા અને સંસ્કૃતિને વિશ્વફલક પર પ્રદર્શિત કરવાનું સબળ માધ્યમ બન્યો છે.

ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ કરાવતા ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કલાના સાધકોને બિરદાવતાં જણાવ્યું હતું કે, મોઢેરાના સૂર્યમંદિરના પવિત્ર સાંનિધ્યમાં ભારતની કલા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરતું આ એક અદ્ભુત પ્લૅટફૉર્મ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાનારીરી મહોત્સવ અને ઉત્તરાર્ધ ઉત્સવ જેવા વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા કલાના સાધકોને પ્રોત્સાહન અને પોષણ પૂરાં પાડ્યાં છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સૂર્ય ઊર્જાનું પ્રતીક છે અને આજે આપણે દેશના પ્રથમ સોલાર ગામ મોઢેરામાં બેઠા છીએ. આ ગામ સૂર્યની ઊર્જાનો દિવસે સંગ્રહ કરીને રાત્રિને ઝળહળતી કરે છે. પૃથ્વી પર ક્રૂડ કે કોલસાનાં સંસાધનો મર્યાદિત છે, ત્યારે ભારત આજે સૂર્ય, પવન અને જળ જેવા કુદરતી સ્રોતોનો ઉપયોગ કરીને 'ક્લીન એનર્જી' તરફ મક્કમતાથી આગળ વધી રહ્યું છે.

મંત્રીશ્રીએ કલા વારસાને આગામી પેઢી સુધી પહોંચાડવા બદલ સૌ કલાગુરુઓનો આભાર માન્યો હતો અને ઉપસ્થિત તમામ કલાકારોને સ્મૃતિચિહ્નો અર્પણ કરીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ સખી-મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલો સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

ઉત્સવના પ્રથમ દિવસે રમિન્દર ખુરાના દ્વારા ઓડિસી, મીનાક્ષી શ્રીયન અને પેરી કૃષ્ણ હર્ષિતા દ્વારા ભરતનાટ્યમ્, માયા કુલશ્રેષ્ઠા દ્વારા કથ્થક, ડૉ. શ્રુતિ બંદોપાધ્યાય દ્વારા મણિપુરી અને બીના મહેતા દ્વારા કુચિપુડી નૃત્યની મનમોહક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે સાંસદ સર્વશ્રી હરિભાઈ પટેલ, મયંકભાઈ નાયક, ધારાસભ્ય સર્વશ્રી સુખાજી ઠાકોર, મુકેશભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ક્લાઈમેટ ચેન્જ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં ઉત્તરાર્ધ મહોત્સવનું સમાપન થયું હતું.

આ પ્રસંગે ક્લાઈમેટ ચેન્જ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે અગિયારમી સદીનું મોઢેરાનું આ મંદિર જેમાં સૂર્યનું પ્રથમ કિરણ પડે છે, આવી અનેક વિરાસતો દેશ પાસે છે. ભૂતકાળમાં અનેક આક્રમણકારીઓએ તેને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ આક્રમણકારીઓની યાતના સહન કરીને પણ વિરાસતને બચાવવાનો પ્રયાસ





કરવામાં આવ્યો હતો. લોકશાહીના આ સમયમાં વિકાસની સાથે વિરાસતને પણ ઉજાગર કરવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે, જેના કારણે આજે ઉત્તરાર્ધ ઉત્સવ જેવા મહોત્સવ યોજાઈ રહ્યા છે.

આજે આખું વિશ્વ ભારત સામે મીટ માંડીને જોઈ રહ્યું છે. ભારતની અનેક વિરાસતોની ઓળખ વિશ્વના દેશોમાં પહોંચી છે ત્યારે વડનગર, સોમનાથ જેવાં વિરાસત સ્થળોને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ઉજાગર કરાઈ રહ્યાં છે. જે 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરે છે. મંત્રીશ્રીએ ભરતનાટ્યમ્ જેવી કલા શીખવતી ઈન્સ્ટિટયૂટ મહેસાણામાં પણ શરૂ કરવામાં આવે તેમ સૂચવ્યું હતું. આ તકે તેમણે સખી-મંડળોના વિવિધ સ્ટોલોની મુલાકાત લીધી હતી.



મહોત્સવના દ્વિતીય દિવસે કલાકાર મનિકંદન એ. દ્વારા કથકલી, ખુશ્બૂ પંચાલ દ્વારા કથ્થક, જુગનૂ કિરણ કપાડિયા દ્વારા ભરતનાટ્યમ્, ડૉ. માધુરી મજમુદાર દ્વારા કુચિપુડી, ડૉ. ડિમ્પલ સાઇકિયા દ્વારા સત્રિયા, પુષ્પિતા મિશ્રા અને આર્યા નંદે દ્વારા ઓડીસી નૃત્યની પ્રસ્તુતિ કરીને કલા રસિકોને નૃત્યરસનું પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર, પૂર્વ મંત્રી શ્રી ખોડાભાઈ પટેલ તેમજ વિવિધ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ સહિત કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા.





**ભેટ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુ.એ.ઈના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાનને હીંચકાની ભેટ આપી હતી. કાષ્ઠમાં કોતરણી કરીને બનાવેલો હીંચકો ગુજરાતના પરિવારોમાં સામાન્ય રીતે જોવા મળે છે. આ હીંચકો ગુજરાતના કારીગરોની સમૃદ્ધ હસ્તકલાને પ્રદર્શિત કરે છે. ગુજરાતી સંસ્કૃતિમાં હીંચકો એકત્વ, સંવાદ અને પેઢીઓ વચ્ચેની આત્મીયતાને રજૂ કરે છે. યુ.એ.ઇ.ના ઘોષણાપત્રમાં ૨૦૨૬ના વર્ષને 'યર ઓફ ફેમિલી' તરીકે જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે વડાપ્રધાનશ્રી દ્વારા યુ.એ.ઈના રાષ્ટ્રપ્રમુખને આ પારિવારિક ભેટ વધુ પ્રસ્તુત બની રહી છે.



**પતંગોત્સવ :** અમદાવાદના ઐતિહાસિક દરિયાપુર વિસ્તારની મૂળજી પારેખની પોળમાં તેમજ સેન્ટ્રલ વિસ્ટા ઉદ્યાન, ગાંધીનગરમાં આયોજિત 'પતંગ મહોત્સવ-૨૦૨૬'ની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીને પોતાની વચ્ચે આનંદ કરતા જોઈ સ્થાનિકોના ઉત્સાહમાં બમણો વધારો જોવા મળ્યો હતો. આ ઉપરાંત અમદાવાદમાં સ્થાનિક નાગરિકોએ પોતપોતાના ધાબા પરથી હર્ષનાદ અને અભિવાદન સાથે મુખ્યમંત્રીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અભિવાદન ઝીલીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો.




**સન્માન :** આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના રાષ્ટ્રીય સરદાર સ્મારક ખાતે સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ત્રણ સંસ્થાઓની નવ સેવાભાવી વ્યક્તિઓને ધરતીરત્ન ઍવૉર્ડથી સન્માનિત કરી હતી. શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર. એસ. પટેલે સ્વાગત પ્રવચન કરીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો.

**અભિયાન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મકરસંક્રાંતિ પર્વ દરમિયાન ઘવાયેલાં પક્ષીઓ પ્રત્યે સંવેદના દાખવી કરુણા અભિયાન-૨૦૨૬ અંતર્ગત અમદાવાદના બોડકદેવ વિસ્તારના વાઈલ્ડ લાઈફ કૅર સેન્ટરની મુલાકાત લીધી હતી. સારવારની આવશ્યકતા ધરાવતાં પક્ષીઓની સ્થિતિને સ્વયં નિહાળ્યા બાદ વન વિભાગના સંવેદનાસભર પ્રયાસો માટે સમગ્ર ટીમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



**લોકાર્પણ :** વડોદરામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લેઉવા પટેલ સમાજના વિવિધ શૈક્ષણિક પ્રકલ્પોનું વર્ચ્યુલી લોકાર્પણ કર્યું હતું. આ લોકાર્પણ પ્રસંગે સામાજિક ઉત્કર્ષ માટે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ દ્વારા નિર્મિત બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ, વર્કિંગ વુમેન હોસ્ટેલ તેમજ મેડિકલ અને ફિઝિયોથેરાપી સેન્ટરની સુવિધા ઊભી કરવાની પહેલની મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરી હતી. આ અવસરે કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




**નમો વન :** રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોરબીમાં રફાળીયા સ્થિત નમો વનની મુલાકાત લીધી હતી. આ તકે નમો વનમાં આવેલી વિવિધ સુવિધાઓ અને હરિયાળા વૃક્ષોનું મુખ્યમંત્રીશ્રીએ નિરીક્ષણ કરી પાંજરાપોળ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. સાથે જ વનની સંભાળ, વિકાસ અને વિસ્તરણ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ૪૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા વનમાં મુખ્યમંત્રીશ્રીએ વૃક્ષારોપણ કર્યુ હતું. મોરબીનું આ નમો વન શહેરની શોભા વધારવાની સાથે ઓક્સિજનમાં વધારો કરશે. મુખ્યમંત્રીશ્રી સાથે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા ઉપસ્થિત રહ્યા હતા.



**સ્નેહમિલન :** સુરતના ઉધના મગદલ્લા રોડ પાસે જીઆવ બુડિયા સ્થિત રામજીવાડી ખાતે ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજના સ્નેહમિલન સમારોહમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તેઓએ આશરે રૂ.૧૬૭ કરોડના ખર્ચે આભવા અને ખજોદના મહત્ત્વના બ્રિજને મંજૂરી આપવાની જાણકારી લોકોને આપી હતી.



**સમૂહ લગ્નોત્સવ :** સમસ્ત ભરવાડ સમાજ-સુરત દ્વારા આયોજિત ૬૨ દીકરીઓના સમૂહ લગ્નોત્સવ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતીઓને સુખી અને પ્રસન્ન દામ્પત્યજીવનની શુભકામનાઓ તથા આશીર્વાદ પાઠવ્યાં હતાં. આ પ્રસંગે તેમણે ઉત્તમ સામાજિક - સેવા પ્રકલ્પના આયોજન બદલ સમસ્ત ભરવાડ સમાજને અભિનંદન પાઠવ્યાં હતાં.



**ગર્વ :** ૭૭મા પ્રજાસત્તાક દિવસના ઉપક્રમે સૂરત જિલ્લાના માંગરોળ તાલુકાના ધામડોદ સ્થિત પી. પી. સવાણી યુનિવર્સિટી કેમ્પસમાં 'દક્ષિણ ગુજરાતના સૌથી ઊંચા રાષ્ટ્રધ્વજ'ને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ધ્વજવંદન કરીને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉપસ્થિત સૌએ દેશની આન, બાન અને શાન તિરંગાને સલામી આપી તેમણે મા ભારતીની વંદના કરી હતી. રાષ્ટ્રગીતની ધૂન સાથે જ્યારે રાષ્ટ્રધ્વજ આકાશમાં ફરક્યો ત્યારે સમગ્ર વાતાવરણ 'ભારત માતા કી જય'ના નારાથી ગુંજી ઉઠ્યું હતું.



**ભૂમિપૂજન :** સુરતમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રૂ. ૧૧ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત VNSGU કેમ્પસમાં કલ્પતરુ આરોગ્ય ધન અને સેવા કેન્દ્ર, પુનઃનિર્મિત નર્મદ સ્મૃતિ ભવન તથા ડાઇનિંગ હૉલનું લોકાર્પણ તેમજ યુટિલિટી ભવન, મ્યૂઝિયમ અને સ્ટાર્ટઅપ ભવનનું ભૂમિપૂજન કરાયું હતું.



**વિતરણ :** નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઘોડદોડ રોડ સ્થિત સ્ટેટ બેંક ભવન-સુરતના પ્રશાસનિક કાર્યાલય દ્વારા SBIની કૉર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થિનીઓને સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સુવિધા વિદ્યાર્થિનીઓને શાળા સુધી સરળ, સુરક્ષિત અને સમયસર પહોંચવામાં મદદરૂપ બનશે તેમજ શિક્ષણ પ્રત્યે તેમનો ઉત્સાહ વધારશે.



**સહાય :** સુરતમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ચોર્યાસી તાલુકાના હજીરા ખાતે ગંગાસ્વરૂપ બહેનોને આર્થિક સહાય, જરૂરિયાતમંદોને મેડિકલ સાધનો તેમજ શાળાનાં બાળકોને યુનિફોર્મ સહાયનું વિતરણ કર્યું હતું. આ અવસરે તેઓએ હજીરા રાધેક્રિષ્ના સેવા ચૅરિટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.




# WEF ૨૦૨૬ સંપન્ન: દાવોસમાં ગુજરાતનો ડંકો



સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ(WEF)ની વાર્ષિક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે વિશ્વભરના અગ્રણી ચેરપર્સન, CEO, રોકાણકારો અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે ૫૮થી વધુ મહત્ત્વપૂર્ણ બેઠકો યોજી હતી. આ બેઠકો થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે ભારતના સૌથી વિશ્વસનીય અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું હતું. આ વૈશ્વિક મંચમાં ગુજરાતે મજબૂત ઔદ્યોગિક પાયો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીનતા આધારિત આર્થિક વિકાસનું વિઝન રજૂ કર્યું હતું. પ્રતિનિધિમંડળે ઉદ્યોગ જગતના અગ્રણીઓને ચર્ચામાં જણાવ્યું કે, ગુજરાત નેક્સ્ટ જનરેશન ઉદ્યોગો, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ક્લીન એનર્જી અને ફ્યુચર ટેક્નોલૉજી માટે સંપૂર્ણ સજ્જ છે. રાજ્યની નીતિઓમાં રહેલી સ્થિરતા અને દીર્ઘકાલીન આયોજન એ વિશ્વના રોકાણકારો માટે સૌથી મોટું આકર્ષણ બન્યું છે.

આ 'કોમ્પિટિટિવ છતાં કોલાબોરેટિવ' અભિગમ એ ગુજરાતની સાચી ઓળખ છે. જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજ્યના વિકાસને 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' જેવા અભિગમ દ્વારા ગુજરાતમાં પરિવર્તનલક્ષી વિકાસનો પાયો નાખ્યો હતો. જેથી ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થળ બન્યું છે. ગુજરાતમાં રોકાણ ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. અડગ અને સ્પષ્ટ સરકારી નીતિઓ, મહેનતુ અને બૌદ્ધિક રીતે સજ્જ યુવા શક્તિ, પારદર્શક વહીવટ અને ભરોસાપાત્ર સરકારી તંત્ર તથા ફ્યુચર-રેડી ઈકોસિસ્ટિમ આ પાંચ મહત્ત્વની શક્તિઓ ગુજરાતે વૈશ્વિક મંચ પર રજૂ કરી હતી. દાવોસના મંચ પરથી ગુજરાતે વિશ્વને એક અતૂટ ભરોસો આપ્યો છે. વૈશ્વિક મંચ પરથી ગુજરાત માત્ર સમજૂતીઓ લઈને નહીં, પણ નવા મજબૂત સંબંધો અને અતૂટ વૈશ્વિક વિશ્વાસ લઈને પરત ફરી રહ્યું છે. WEF-૨૦૨૬ના સફળ સમાપન સાથે દાવોસથી મજબૂત વૈશ્વિક સંબંધોની મૂડી લઈને પરત ફરતું ગુજરાત હવે 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના વિઝન સાથે નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ છે.







# આપકમાઈની આવક ખૂબ મોટી લાગે છે – રીપલબહેન ગોહિલ

**વૈશાલી પરમાર**

આર્થિક સદ્ધરતા પ્રત્યક્ષ રીતે વ્યક્તિ અને સમાજ બંને માટે અસરકારક પુરવાર થાય છે. પ્રત્યેક વ્યક્તિની માથાદીઠ આવક તેના પરિવારની સુખાકારીની ખાતરી સમાન હોય છે. પરિવારની મહિલાઓ જયારે આર્થિક આત્મનિર્ભરતા અને સશક્તીકરણ તરફ પ્રયાણ કરે છે ત્યારે સમાજ બમણી ગતિએ વિકાસ પામી શકે છે. ગરીબ અને નબળા વર્ગના લોકોની સામાજિક પરિસ્થિતિમાં હકારાત્મક અને અસરકારક પરિવર્તન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા સ્વસહાય જૂથની રચના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત કરવામાં આવે છે. ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની (જી.એલ. પી.સી.) મહિલા સશક્તીકરણના ધ્યેયને સિદ્ધ કરવા મહિલાઓને ગૃહ ઉદ્યોગ તથા અન્ય કૌશલ્યોના વિકાસ દ્વારા સતત રોજગારી પૂરી પાડીને તેમને આત્મનિર્ભર બનાવવા પ્રયત્નશીલ છે.

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના અણગઢ ગામમાં તીર્થ સખી મંડળની મહિલા સભ્યો ખૂબ સક્રિય છે. સખી મંડળ સાથે જિલ્લાની વિવિધ સેવાભાવી સંસ્થાઓમાંથી ‘સ્વદેશ સંસ્થા’ અને 'AIR products' દ્વારા મહિલાઓને સશક્ત કરવાના પ્રયાસના ભાગરૂપે વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવે છે. જેના કારણે આજે ગામની મહિલાઓ ઘર બેઠાં વિવિધ કૌશલ્ય વર્ધન થકી આવકના નવા સ્રોત મેળવતી થઈ છે.

તીર્થ સખી મંડળનાં સભ્ય રીપલબહેન ગોહિલ જણાવે છે કે, હું દોઢ વર્ષથી સખી મંડળ સાથે જોડાઈ છું. અમે ૧૦ બહેનો મંડળમાં સભ્ય છીએ. અમે શણની બેગ બનાવવાની તાલીમ સ્વદેશ સંસ્થાના માધ્યમથી લીધી હતી. સખી મંડળના માધ્યમથી વિવિધ તાલીમ મેળવી અમે શણ મટીરિયલના મોબાઈલ કવર, ફાઈલ,



ફોલ્ડર, પાઉચ, પર્સ, હેંડબેગ, થેલા બનાવવાની તાલીમ મેળવી છે. અમે ઘરે રહીને બનાવેલા વિવિધ આર્ટિકલ્સ સરકાર દ્વારા ફાળવવામા આવતા સરસ મેળા, નારી મેળાઓના સ્ટોલ્સની મદદથી વેચાણ કરીએ છીએ. આ ઉપરાંત વિવિધ કંપની અને સંસ્થાઓ દ્વારા પણ અમને ઓર્ડર પ્રાપ્ત થાય છે. દિવાળી કે મોટા તહેવારોમાં સ્થાનિક દુકાનો અને મૉલ સાથે જોડાઈને પણ વેચાણ કરીએ છીએ. જેના કારણે અમારી આવકમાં વધારો થયો છે.

સરકારનો આભાર વ્યક્ત કરતાં રીપલબહેને ઉમેર્યું કે, એવી બહેનો માટે સખી મંડળ આશીર્વાદરૂપ છે જે ઘરે રહીને આવકનો નવો સ્ત્રોત ઊભો કરવા ઇચ્છે છે. આપકમાઈની આવક આ બહેનોને ખુબ સહાયરૂપ લાગે છે. સખી મંડળ મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં લઈ જવા અને આત્મવિશ્વાસ, સ્વાવલંબન અને સ્વમાન સાથે પોતાની આવકનો આનંદ અનુભવવાની તક આપે છે. સખી મંડળ સાથે અનેક બહેનો નાની મોટી ખૂબ જ અગત્યની કામગીરી દ્વારા આવક મેળવી આત્મનિર્ભર બની પરિવાર અને સમાજના હિતમાં યોગદાન આપતી થઈ છે.




# ભારતીય બંધારણના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર

વર્ષોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો એ પછી રાષ્ટ્રનું બંધારણ લખવાની જવાબદારી ડૉ. બાબાસાહેબને સોંપવામાં આવી. બંધારણના મુસદ્દાઓ ઘડવા માટે ૨૯ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ મુસદ્દા - પ્રારૂપ - ખરડા સમિતિની રચના કરવામાં આવી.

ચર્ચા-વિચારણા દરમિયાન કાયદાકીય બાબતોમાં કાબેલિયતપૂર્ણ તેમજ દૂરંદેશી દલીલો દ્વારા ડૉ. બાબાસાહેબે પોતાની પ્રતિભાનો સૌને પરિચય આપ્યો. જેના કારણે ડૉ. બાબાસાહેબ આંબેડકરની બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી. બંધારણ સભા દ્વારા બંધારણ ઘડવા માટે ૮ મોટી સમિતિઓ અને ૧૪ જેટલી નાની સમિતિઓની રચના કરવામાં આવી હતી.

પ્રથમ અસ્થાયી પ્રધાનમંડળ પંડિત નહેરુના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર ૧૯૪૬માં રચાયું. તેમાં બિહારના બાબુ જગજીવનરામનો સમાવેશ થયો હતો. ડૉ. બાબાસાહેબ એ મંત્રીમંડળમાં ન હતા, પાછળથી તેઓ કાયદાપ્રધાન બન્યા.



બંધારણસભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના દિવસે ડૉ. સચ્ચિદાનંદ સિંહાની અધ્યક્ષતામાં મળી. ૧૩ ડિસેમ્બરે સંવિધાન સભામાં પંડિત જવાહરલાલ નહેરુએ સંવિધાનના ઉદ્દેશ તથા આઠ સૂત્રીય પ્રસ્તાવ પ્રસ્તુત કર્યા. જેમાં ભારતના સ્વાતંત્ર્ય, સાર્વભૌમત્વ અને પ્રજાસત્તાકની ઘોષણા કરવામાં આવી હતી. જેને પુરુષોત્તમ ટંડને ટેકો આપ્યો હતો. મીનુ મસાણી અને એંગ્લો ઇન્ડિયન પ્રતિનિધિ ફ્રેન્ક એન્થનીએ પણ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.

બંધારણસભાની પ્રથમ બેઠકમાં ૧૭ ડિસેમ્બર, ૧૯૪૬ના દિવસે ડૉ. બાબાસાહેબનું પ્રવચન થયું હતું. ડૉ. આંબેડકરે પોતાના પહેલા જ પ્રવચનમાં ભવિષ્યમાં ભારત ફરી અખંડ બનશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. તેમણે કહ્યું, 'આ દેશનો સામાજિક, રાજકીય અને આર્થિક વિકાસ આજે નહીં તો કાલે થશે જ. આજે સામાજિક, રાજકીય અને આર્થિક દૃષ્ટિથી આપણે એકબીજાથી અલગ થઈ ગયા છીએ. હજી આપણે એકબીજા સાથે લડી રહ્યા છીએ. લડનારી છાવણીમાંનો હું પણ એક નેતા છું. પણ યોગ્ય સમય અને પરિસ્થિતિ આવતાં આ વિશાળ દેશ એક થયા વગર નહીં રહે. દુનિયાની કોઈ પણ તાકાત તેની એકતા આડે નહીં આવી શકે. આ દેશમાં આટલા પંથો અને જાતિઓ હોવા છતાં કોઈ ને કોઈ રીતે આપણે બધાં એક થઈ જઈશું તે વિશે મારા મનમાં સહેજ પણ શંકા નથી. અમે અમારા આચરણથી એ બતાવીશું કે દેશનાં બધાં જ ઘટકોને પોતાની સાથે લઈને એકતાના માર્ગ પર આગળ વધારવાની અમારી પાસે જે શક્તિ છે તેવી જ બુદ્ધિમત્તા પણ છે.'

બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસ ચાલેલી બંધારણસભાએ ૨૬ નવેમ્બર શનિવાર, ૧૯૪૯ના દિવસે અપાર હર્ષનાદ વચ્ચે લોકશાહી અપનાવતાં આપણા મહાન બંધારણને બહાલી આપી વિશ્વમાં અજોડ બંધારણની ભેટ ધરી.

બંધારણની મુદ્રિત આવૃત્તિ તૈયાર કરવામાં બે માસ લાગ્યા. બંધારણની સ્વીકૃતિ માટે તમામ સભ્યોએ આ પવિત્ર ઐતિહાસિક



દસ્તાવેજ ઉપર ત્રણ નકલોમાં પોતાના હસ્તાક્ષર કર્યા. બંધારણની ત્રણ નકલો તૈયાર કરવામાં આવી હતી. એક હસ્તલિખિત નકલ ખાસ લહિયા-કલાકાર પાસે તૈયાર કરાવવામાં આવી હતી. બીજી અંગ્રેજી નકલ પ્રેસ દ્વારા મુદ્રિત કરવામાં આવી હતી. જ્યારે ત્રીજી હિન્દી ભાષામાં હસ્તલિખિત નકલ તૈયાર કરવામાં આવી હતી.

બંધારણસભામાં રામપ્રસાદ ગુપ્તાએ કહ્યું કે- 'આપણું બંધારણ આપણા રાષ્ટ્ર માટે મહાન - 'ચાર્ટર ઓફ ફ્રીડમ' છે જે આપણને લાંબા સંઘર્ષ અને યાતનાઓ પછી મળ્યું છે. આપણી આ સિદ્ધિ બદલ આપણે ગૌરવ લઈએ છીએ. ડૉ. આંબેડકરની 'સર્વ સમાવેશક' કાર્યપદ્ધતિની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, આપણા બંધારણમાં એકપણ શબ્દ એવો નથી કે જેની જાણ સભ્યોને ન હોય.

ફેબ્રુઆરી, ૧૯૪૮ના પ્રથમ સપ્તાહમાં આંબેડકરે બંધારણનો કાચો ખરડો બંધારણ સમિતિના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદને સુપરત કર્યો. લોકમત જાણવા એ કાચો ખરડો દેશ સમક્ષ મૂકવામાં આવ્યો.

બંધારણનો કાચો મુસદ્દો છ માસ સુધી જનતા સમક્ષ મૂક્યા પછી ચોથી નવેમ્બર, ૧૯૪૮ના રોજ ડૉ. આંબેડકરે મુસદ્દો બંધારણ સમિતિ સમક્ષ રજૂ કર્યો. એમાં ૩૧૫ કલમો અને આઠ પરિશિષ્ટો હતાં. ઘણાં દિવસોની કઠિન કાર્યવાહીને અંતે ૩૩૫ કલમો, ૮ પરિશિષ્ટો સાથેનું સંવિધાન પ્રસ્તુત કરવામાં આવ્યું. અંતે ૭,૬૩૫ સુધારાઓમાંથી ૨૪૭૩ સુધારાઓ વિશે ચર્ચા વિચારણાને અંતે સાતેક સુધારાના સ્વીકાર સાથે ૩૯૫ કલમ અને આઠ પરિશિષ્ટો સાથેનું અર્થસભર બંધારણ સંવિધાનસભામાં ભારે હર્ષનાદ સાથે સ્વીકૃત થયું.

બંધારણની ત્રણ બાબત સૌથી મહત્ત્વની છે, એક દેશની એકતા અને એકાત્મતા. બે, લોકતંત્રનું રક્ષણ અને એને વધુ મજબૂત કરનારી સંસ્થાઓનું નિર્માણ અને ત્રણ સામાજિક સુધારણા દ્વારા સમતા, બંધુતા અને સમરસતાની દિશામાં પ્રયાણ. સમરસતા એટલે જાતિમુક્ત ભારતીય સમાજ.

સંવિધાનની મૂળ પ્રતમાં ખૂબ સુંદર ચિત્રો છે. એ ચિત્રો શાંતિનિકેતનના ચિત્રકાર આચાર્ય નંદલાલ બોઝે તૈયાર કર્યાં હતાં. ચિત્રોમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, હનુમાનજી, મહાવીર સ્વામી, ગૌતમ બુદ્ધ વગેરે ઉપરાંત અન્ય ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બંધારણના પાના નંબર ૬ ઉપર ભાગ-૩ અંતર્ગત મૂળભૂત અધિકાર આપ્યા છે તેના ઉપરના ભાગમાં શ્રી રામ-સીતા સંગ લક્ષ્મણ પુષ્પક વિમાનમાં જઈ રહ્યાં છે તેવા દુર્લભ ચિત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતીય બંધારણની કેટલીક વિશેષતાઓ જોઈએ તો, એ લિખિત બંધારણ છે. બંધારણ સભાએ નવરચિત બંધારણને ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ અધિનિયમિત, સ્વીકૃત અને અંગીકાર કર્યું. નાગરિકતા, ચૂંટણી અને વચગાળાની સંસદ સંબંધિત જોગવાઈઓ અને હંગામી તથા આકસ્મિક જોગવાઈઓને તરત ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ લાગુ કરી દીધી હતી. બાકીનું બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ લાગુ કરવામાં આવ્યું.

ભારતીય બંધારણ વિશ્વનું સૌથી મોટું બંધારણ છે. આ બંધારણમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, વહીવટી સેવાઓ, ચૂંટણી વગેરે વ્યવસ્થા સંબંધિત તમામ વિષયો પર વિસ્તારથી લખાયેલું છે. શરૂઆતમાં મૂળ બંધારણમાં ૩૯૫ કલમો અને ૮ અનુસૂચિ હતી. બંધારણમાં સતત સુધારાઓ થતા રહેતા હોવાથી તેનું કદ મોટું થતું ગયું. ઘણા બધા પેટા વિભાગો તેમાં જોડી દેવામાં આવ્યા અને કેટલાક દૂર પણ કરવામાં આવ્યા. ૪૨મા બંધારણીય સુધારા (૧૯૭૬) દ્વારા તેના આકાર (કદ)માં વધારો થયો, તેમાં ભાગ ૪-A, ભાગ ૧૪-A જોડવામાં આવ્યા અને અનેક કલમોનું વિસ્તરણ થયું. પ્રથમ બંધારણીય સુધારા દ્વારા નવમી અને બાવનમા બંધારણીય સુધારા અધિનિયમ ૧૯૮૫ દ્વારા દસમી અનુસૂચિ જોડી દેવામાં આવી.

બંધારણની પ્રસ્તાવના એટલે કે આમુખ તેની આગવી વિશેષતા છે. એમાં ભારતીય પ્રજા સ્વયં આ બંધારણ અર્પણ કરે છે. 'અમે ભારતીયો.'એ શબ્દોથી આમુખ શરૂ થાય છે. બંધારણમાં પ્રેરણાદાયી અને પ્રભાવશાળી પ્રસ્તાવના છે. આ પ્રસ્તાવના બંધારણનાં ઉદ્દેશ અને લક્ષ્યને નિર્ધારિત કરે છે. બંધારણસભામાં

૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે પં. નહેરુએ આમુખ રજૂ કર્યું હતું. એમણે રજૂ કરેલા આમુખમાં બંધુત્વ શબ્દ નહોતો, એ શબ્દ ડૉ. આંબેડકરે ઉમેરાવ્યો.

શરૂઆતમાં પ્રસ્તાવનાને બંધારણનો ભાગ માનવામાં નહોતી આવી અને તેમાં પરિવર્તનની કોઈ જોગવાઈ નહોતી. તેને અદાલતમાં પડકારી પણ ન શકાય, પરંતુ જ્યાં બંધારણની ભાષા શંકાસ્પદ જણાય ત્યાં આમુખ-પ્રસ્તાવનાની મદદ લઈ શકાય. પ્રસ્તાવનામાં સુધારાઓ કરી શકાય અથવા તે બંધારણનો ભાગ છે કે નહીં ? આ બાબત કાયમ વિવાદાસ્પદ રહી છે. આ વિવાદનો નિર્ણય સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળના કેસમાં (૧૯૭૩) કર્યો. તેના લીધે પ્રસ્તાવનાને બંધારણનો ભાગ માનવામાં આવ્યો અને એવો નિર્ણય પણ આપ્યો કે તેમાં સુધારા પણ કરી શકાય.

૪૨મા બંધારણીય સુધારા (૧૯૭૬) દ્વારા પ્રસ્તાવનામાં સુધારા કરીને તેમાં 'સમાજવાદી' અને 'ધર્મનિરપેક્ષ' જેવા શબ્દો જોડવામાં આવ્યા.

આપણા બંધારણે ભારતીયોને એક રાજકીય વ્યવસ્થા આપી. નાના રજવાડાઓમાં વિભાજિત ભારત એક જ રાજકીય વ્યવસ્થાના છત્ર હેઠળ આવી ગયું. આપણા સૌનું એક જ સ્ટેટ છે અર્થાત્ ભારત... ભારતનાં બધાં નાનાં નાનાં રાજ્યોને આ બંધારણ દ્વારા સાર્વભૌમ સત્તા હેઠળ લાવવામાં આવ્યાં. આ બંધારણે આપણને ભારત નામની એક રાજકીય રચના કે જે સાર્વભૌમ છે અને અભેદ્ય છે, કે જેના ટુકડા ન થઈ શકે એવું સમર્થ ભારત આપ્યું.

**બંધારણની એક આગવી વિશેષતા એ છે કે 'આપણે સૌ ભારતીય છીએ' એ સંકલ્પના બંધારણે આપણને આપી છે. હું કોઈ પણ પ્રદેશમાં રહું, મારી ભાષા ગમે તે હોય, મારી પરંપરા, મારો સંપ્રદાય અલગ હોઈ શકે છતાં હું ભારતીય છું, આ ભાવ બંધારણે આપણા મનમાં નિર્માણ કર્યો છે.**

બંધારણની એક આગવી વિશેષતા એ છે કે 'આપણે સૌ ભારતીય છીએ' એ સંકલ્પના બંધારણે આપણને આપી છે. હું કોઈ પણ પ્રદેશમાં રહું, મારી ભાષા ગમે તે હોય, મારી પરંપરા, મારો સંપ્રદાય અલગ હોઈ શકે છતાં હું ભારતીય છું, આ ભાવ બંધારણે આપણા મનમાં નિર્માણ કર્યો છે. બંધારણે આપણને સાર્વભૌમત્વ આપ્યું છે. બંધારણીય વ્યવસ્થામાં સાર્વભૌમત્વ સૌથી મહત્ત્વનો વિષય છે. ડૉ. આંબેડકરે બંધારણની વિશેષતા બાબતે પણ કહ્યું છે કે એ એટલું લચીલું છે કે એ કોઈ પણ પરિસ્થિતિમાં ટકી શકે એવું છે'.

ભારતીય બંધારણનો આત્મા એના ખંડ ત્રણ અને ચારમાં છે.

**ખંડ ત્રણ-સમાનતાનો અધિકાર :** કાયદા સમક્ષ સમાનતા જેમાં તમામ નાગરિકોને કાયદાકીય રીતે સમાનતા આપવામાં આવી છે. જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા, અસ્પૃશ્યતા નાબૂદી, વાણી સ્વાતંત્ર્ય અને તમામ નાગરિકોને રક્ષણ, અપરાધ માટે દોષિત ઠરાવવા સંબંધિત સલામતી, શિક્ષણ અધિકાર વગેરે ભાગ ત્રણમાં સમાવાયા છે.

**ભાગ ચાર:** આમાં માર્ગદર્શક તત્ત્વો છે. એમાં લોકકલ્યાણ અને સામાજિક વ્યવસ્થા, સમાન ન્યાય અને મફત કાનૂની સહાય, ગ્રામ-પંચાયત રચના, ગૌરક્ષા, આરોગ્ય વગેરે બાબતો રાજ્યે અનુસરવાની બાબતો છે, તેમ દર્શાવાયું છે.

ભાગ ત્રણ અને ચાર વચ્ચે અંતર છે. મૂળભૂત અધિકારોને અદાલતમાં પડકારી શકાય છે. મૂળભૂત અધિકારોના હનનના પ્રશ્ને કેસ થઈ શકે છે. આથી આ અધિકારોને 'જસ્ટિફાયબલ' કહે છે. જ્યારે માર્ગદર્શક તત્ત્વોનો અમલ ન થયો અથવા નથી થઈ રહ્યો તો પણ અદાલતમાં ન જઈ શકાય.

માર્ગદર્શક તત્ત્વોના અમલ બાબતે અંકુશ ન હોવાનો સવાલ બંધારણસભામાં ઊઠતાં ડૉ. આંબેડકરે તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે 'કોર્ટમાં ભલે એનો જવાબ ન આપવો પડે પરંતુ જનતાની કોર્ટમાં સત્તા પર બેઠેલી પાર્ટીએ એનો જવાબ આપવો જ પડશે. માર્ગદર્શક તત્ત્વોની કલમોમાં શાસને લોકહિતાર્થે શું કરવું જોઈએ એ બતાવે છે.

ભારતીય બંધારણની સૌથી મહત્ત્વની વિશેષતા છે સમન્વય. સમગ્ર બંધારણ નિર્માણમાં સમન્વયની ભૂમિકા રહી છે. બંધારણસભામાં સેંકડો મતમતાંતરો હોવા છતાં દરેક બાબતમાં સમન્વયથી દરેક બાબત ઉમેરવામાં આવી છે.

૨૬, નવેમ્બર, ૧૯૪૯ના દિવસે આપણા રાષ્ટ્રના મહાનાયક અને બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા બંધારણ રાષ્ટ્રને સુપરત કરવામાં આવ્યું. સંવિધાનસભાનું અંતિમ બારમું અધિવેશન માત્ર એક જ દિવસ માટે મંગળવાર તા. ૨૧ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે મળ્યું. સંવિધાનની સ્વીકૃતિ માટે તમામ સભ્યોએ બંધારણની ત્રણ નકલોમાં હસ્તાક્ષર કર્યા.

૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી બંધારણ અમલી બન્યું, બંધારણની મર્યાદામાં દેશનો વહીવટ શરૂ થયો. આ દિવસને આપણે 'ગણતંત્ર' દિવસ તરીકે પણ ઊજવીએ છીએ..

# આત્મનિર્ભર ભારતનો પાયો નાખનાર ડૉ. આંબેડકર

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ચલણી નોટ ચલણમાંથી પાછી ખેંચી ત્યારે લોકોના ધ્યાનમાં આવ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૧૬માં પોતાના થીસિસમાં કહેલું કે, અમુક સમયે દેશમાંથી ચલણી નાણું બદલવું જોઈએ જેથી દેશમાંથી ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંને અંકુશમાં લઈ શકાય.**



*કિશોર મકવાણા*

ડૉ. આંબેડકર દેશને શ્રેષ્ઠ જોવા માંગતા હતા, એમણે દેશના વિકાસની જે રૂપરેખા રજૂ કરી હતી એ જાણવી પણ ખૂબ જરૂરી છે. એમણે ભારત કૃષિપ્રધાન દેશ છે એ માઈન્ડસેટમાંથી બહાર આવી ઝડપથી દેશના ઔદ્યોગિકીકરણની હિમાયત કરી. ભારતે દુનિયા સાથે દોડવું હશે તો ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું પડશે એવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો.

ભારતની ધરતી અત્યંત પ્રાચીન છે. આજે તે સંકોચાઈ ગઈ છે. અફઘાનિસ્તાન તેમજ પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા અલગ અલગ દેશ બની ગયા છે. ભારતનો જે પ્રદેશ હાલ છે તે પણ ઘણો વિશાળ છે. ભારતનો વિચાર કરીએ ત્યારે ધરતીનો વિચાર કરવો પડે અને ધરતી એટલે જળ, જમીન અને જંગલ. તેમાંથી જળ અને જમીન અંગે બાબાસાહેબના વિચાર કેવા હતા તે જાણવું જરૂરી છે. અહીં જમીનનો અર્થ છે - કૃષિ.

ભારત ખેતીપ્રધાન દેશ છે. ભારતમાં આજે પણ ખેતી ઉપર નિર્ભર જનસંખ્યા ઘણી મોટી છે. ૧૯૨૦-૩૦ના ગાળામાં તો આ સંખ્યા ૭૦ ટકા જેટલી હશે જ. તે સમયે કૃષિ જે રીતે રોજગારનું મુખ્ય સાધન હતી એ જ રીતે સંપત્તિનિર્માણ માટે પણ તે મુખ્ય સાધન હતી. ખેડૂતો ઉપર કેવા પ્રકારનું ધાર્મિક, સામાજિક તેમજ શૈક્ષણિક રીતે દમન થતું હતું તેનો ચિતાર જ્યોતિરાવ ફુલેનાં બે મરાઠી પુસ્તક શેતકયાચા આસૂડ (ખેડૂતોની ચાબુક) તથા ગુલામગીરીમાં વાંચી શકાય છે. જ્યોતિરાવ ફુલેની જેમ જ બાબાસાહેબે પણ ખેડૂતો પર થતા અત્યાચાર અંગે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સામાજિક ન્યાયની રીતે તેઓ માત્ર

અસ્પૃશ્યોનો વિચાર નહોતા કરતા, પરંતુ તેમનો દૃષ્ટિકોણ વ્યાપક અને રાષ્ટ્રીય હતો.

બાબાસાહેબ દૃષ્ટિવંત અર્થશાસ્ત્રી હતા. પરંતુ તેમની બહુમુખી પ્રતિભાનું એક મહત્ત્વનું પાસું - અર્થશાસ્ત્રી તરીકેનું તેમનું પ્રદાન. - હજુ પણ સંપૂર્ણ રીતે દેશ સામે આવ્યું નથી. માત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ચલણી નોટ ચલણમાંથી પાછી ખેંચી ત્યારે લોકોના ધ્યાનમાં આવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૧૬માં પોતાના થીસિસમાં કહેલું કે અમુક સમયે દેશમાંથી ચલણી નાણું બદલવું જોઈએ જેથી દેશમાંથી ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંને અંકુશમાં લઈ શકાય. ડૉ. બાબાસાહેબ આંબેડકરની બધી જ ડિગ્રી અર્થશાસ્ત્રમાં હતી. અર્થશાસ્ત્ર પર એમનું ગજબનું પ્રભુત્વ હતું. એ વિષયમાં એમની સમજ એટલી ઊંડી હતી કે એમણે પોતાના મનપસંદ વિષય પર ઘણાં પુસ્તકો લખવાની યોજના બનાવી હતી. 'સ્ટડીઝ ઇન હિસ્ટ્રી-ઈકોનોમિક્સ એન્ડ પબ્લિક લૉ' નામનો ગ્રંથ પણ લખી નાખ્યો.

તેમના સમયમાં તેઓ એકમાત્ર એવા નેતા હતા કે જેઓ ભારતીય નાણાં અને બૅન્કિંગ વ્યવસ્થા વિશેની બાબતો અંગે આંકડાકીય માહિતી સહિત સ્પષ્ટ સમજૂતી આપી શકતા. તેઓ આર્થિક સિદ્ધાંતોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હતા અને વિવિધ આર્થિક સમસ્યાઓ વિશેના તેમના વિચારોને અધિકૃત ગણવામાં આવતા હતા.

ડૉ. આંબેડકરે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી ૧૯૧૫માં 'પ્રાચીન ભારતનો વેપાર' વિષય પર નિબંધ લખી એમ.એ.ની પદવી મેળવી. એ નિબંધમાં એમણે ૧૭૯૨થી ૧૮૫૭ સુધીના સમયગાળામાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટની ચર્ચા કરી છે. ૧૮૫૮ સુધીમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતીય અર્થવ્યવસ્થાને કેવી રીતે પાયમાલ કરીને ભારતને દેવાના ડુંગર હેઠળ દાબી દીધું તેનું પણ આંકડાકીય વિશ્લેષણ કર્યું છે. ૧૯૧૬માં કોલંબિયા યુનિવર્સિટીએ ભારતની રાષ્ટ્રીય આવકની વહેંચણી: એક ઐતિહાસિક અને પૃથક્કરણાત્મક અભ્યાસ (નૅશનલ ડિવિડંડ ઓફ ઇન્ડિયા-અ હિસ્ટોરિકલ એન્ડ ઍનાલિટિકલ સ્ટડી) શોધનિબંધને સ્વીકારી ડૉક્ટરેટની પદવી આપી. લંડનના એક પ્રકાશકે આઠ વર્ષ બાદ આ શોધનિબંધને બ્રિટિશ ભારતની પ્રાંતીય આર્થિક ઉત્ક્રાંતિઓ નામથી પ્રસિદ્ધ કર્યો. આ પુસ્તકમાં ડૉ. આંબેડકરે બ્રિટિશ નોકરશાહી, સામ્રાજ્યવાદ અને ભારતની સામાજિક સ્થિતિચુસ્ત પરિસ્થિતિ ઉપર પ્રહારો કર્યા છે. બ્રિટિશ શાસકો બ્રિટનના ઉદ્યોગ-ધંધાઓ અને મૂડીપતિઓનાં હિતો નજર સમક્ષ રાખી, નીતિ નક્કી કરતા હતા અને રાજ્ય ચલાવતા હતા. તેને ડૉ. આંબેડકરે અસરકારક રીતે ખુલ્લા પાડ્યા. ૧૯૨૧માં લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાંથી 'પ્રોવિન્સિયલ ડિસેન્ટ્રલાઝેશન ઑફ ઈમ્પિરિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા' વિષય પર શોધનિબંધ લખી એમએસસીની પદવી મેળવી. ૧૯૨૨માં 'પ્રોબ્લેમ ઓફ ધ રૂપી: ઇટ્સ ઓરિજન એન્ડ ઇટ્સ સોલ્યુશન' વિષય પર શોધનિબંધ લખી ડૉક્ટર ઓફ સાયન્સની પદવી માટે લંડન યુનિવર્સિટીમાં રજૂ કર્યો, પરંતુ પ્રો. એડવિન કેનનની સલાહ પર મુંબઈ આવી સુધારેલા શોધગ્રંથ 'ધ પ્રોબ્લેમ ઑફ રૂપી' રજૂ કર્યો. જે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સે સ્વીકારી ડીએસસીની પદવી આપી. ડૉ. આંબેડકરનો મોટાભાગનો સમય કાયદા અને રાજકારણના ક્ષેત્રે લીધો હોવાથી તેમના આર્થિક ચિંતનનો વધુ લાભ અર્થશાસ્ત્ર વિષયને તથા દેશ અને દુનિયાને મળી શક્યો નહીં.

**૧૯૨૩માં ૩૨ વર્ષની ઉંમરે તેમનું પુસ્તક 'રૂપિયાની સમસ્યા' પ્રસિદ્ધ થયું અને બે વર્ષના ટૂંકા ગાળામાં જ તેની પ્રથમ આવૃત્તિનું વેચાણ થઇ ગયું. ભારતની મુદ્રા પદ્ધતિમાં સુધારા કરવા માટે બ્રિટિશ સરકારે રોયલ કમિશન ' ઑન ઇન્ડિયન કરન્સી એન્ડ ફાઇનાન્સ'ની સ્થાપના કરી હતી.**

ડૉ. આંબેડકરે જ્ઞાનનો ઉપયોગ માનવકલ્યાણ માટે કર્યો હતો. તેમના આર્થિક ચિંતનનું કેન્દ્રબિંદુ ભારતીય સંસ્કૃતિની ધરોહરમાં સમાયેલું હતુ. એમનો આર્થિક મંત્ર હતો : બહુજન સુખાય - બહુજન હિતાય... જીવ માત્રની ચિંતા કરે એવા આર્થિક દર્શનના એ હિમાયતી હતા. પોતાની કારકિર્દીની શરૂઆતના સમયમાં તેમને અર્થશાસ્ત્ર પ્રત્યે વિશેષ રુચિ હતી. ૧૯૨૩માં ૩૨ વર્ષની ઉંમરે તેમનું પુસ્તક 'રૂપિયાની સમસ્યા' પ્રસિદ્ધ થયું અને બે વર્ષના ટૂંકા ગાળામાં જ તેની પ્રથમ આવૃત્તિનું વેચાણ થઈ ગયું. ભારતની મુદ્રા પદ્ધતિમાં સુધારા કરવા માટે બ્રિટિશ સરકારે રોયલ કમિશન ' ઑન ઇન્ડિયન કરન્સી એન્ડ ફાઈનાન્સ'ની સ્થાપના કરી હતી. ૧૯૨૫ની સાલમાં વિચારવિમર્શ માટે આ કમિશને ડૉ. આંબેડકરને એક વિદ્વાન અર્થશાસ્ત્રી તરીકે નિમંત્રણ આપ્યું. ડૉ. આંબેડકરે આ વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા. ૧૯૨૬માં 'હિલ્ટન યન્ગ' કમિશન બ્રિટિશ ભારતમાં પ્રવર્તમાન એકંદર નાણાકીય વ્યવસ્થાના અભ્યાસ માટે આવ્યું હતું. આશ્ચર્ય ત્યારે એ વાતનું હતું કે, આ આયોગની ભારત યાત્રા દરમિયાન દરેક સભ્યના હાથમાં ડૉ. આંબેડકરનું પુસ્તક The Problem of Rupee; its Origin and its Solution હતું...! આ આયોગ સમક્ષ ડૉ. આંબેડકરે ખામીયુક્ત

બ્રિટિશ નાણાં વ્યવસ્થાનો ચિતાર રજૂ કર્યો હતો. નાણાંનું નિયમન સરકાર દ્વારા નહિ પણ કોઈ સ્વાયત્ત સંસ્થા દ્વારા થાય એવું એમણે સૂચવ્યું. અહીંથી જ રિઝર્વ બૅન્કની રચનાનો પાયો નંખાયો. અને રિઝર્વ બૅન્ક અધિનિયમ ૧૯૩૪ દ્વારા રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનો પ્રારંભ થયો.

ડૉ. આંબેડકરે ભારતમાં ફુગાવાનાં કારણો અને તેને નિવારવાના ઉપાયો તથા સુવર્ણ નીતિ અંગેનાં ધોરણ અને રૂપિયાના અવમૂલ્યન તેમજ સોનાની આયાત વિશે જે વિચારો રજૂ કર્યા હતા તે આજે પણ માર્ગદર્શક છે.

ડૉ. આંબેડકરે ભારતની ચલણ વ્યવસ્થા સંદર્ભે ૧૯૨૫ની સાલમાં ચાર મુદ્દાઓનો કાર્યક્રમ સૂચવ્યો હતોઃ ૧. ટંકશાળમાં સરકાર દ્વારા રૂપિયાના સિક્કા પાડવાનું બંધ કરવું. ૨. ટંકશાળમાં જે લોકો સોનું લાવે તેને સોનાના સિક્કા પાડી આપવા. ૩. જે પૈસા ચલણમાં છે તેમને રહેવા દેવા તથા નવા પૈસા બહાર પાડવા નહીં, અને ૪. સરકારે પૈસાનું સોનામાં અને સોનાનું પૈસામાં રૂપાંતર ન કરવું.

> **નાણાંનું નિયમન સરકાર દ્વારા નહિ પણ કોઇ સ્વાયત્ત સંસ્થા દ્વારા થાય એવું એમણે સૂચવ્યું. અહીંથી જ રિઝર્વ બૅન્કની રચનાનો પાયો નંખાયો. અને રિઝર્વ બૅન્ક અધિનિયમ ૧૯૩૪ દ્વારા રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનો પ્રારંભ થયો.**

ડૉ. આંબેડકરે બતાવ્યું કે, આપણી નિકાસ ઘટવાનું અને કૃત્રિમ આયાતો વધવાનું કારણ આંતરિક ફુગાવો છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વેપારતુલામાં અને લેણદેણના ચાલુ ખાતામાં ખાધ જોવા મળે છે. ડૉ. આંબેડકરે રાજ્ય વ્યવસ્થાની આવશ્યકતા દર્શાવતાં બતાવ્યું છે કે આર્થિક લોકશાહીને અમલમાં લાવવાના ત્રણ વૈકલ્પિક માર્ગો છેઃ ૧. વ્યક્તિવાદ એટલે કે વ્યક્તિના વધુ આર્થિક, સ્વાતંત્ર્ય અને મુક્ત બજારતંત્ર દ્વારા. ૨. રાજકીય લોકશાહી ચાલુ રહેવા ઉપરાંત આર્થિક સત્તા રાજ્ય હસ્તક. અને ૩. તમામ આર્થિક સત્તા રાજ્ય હસ્તક. ડૉ. આંબેડકરની દૃષ્ટિએ રાજ્ય વહીવટ અને વિકાસની રૂપરેખા આ મુજબ હતી. ૧. જે ઉદ્યોગો ચાવીરૂપ હોય તેની માલિકી અને સંચાલન રાજ્ય કરે. ૨. જે ઉદ્યોગો ચાવીરૂપ નથી, પણ પાયાના ઉદ્યોગો છે તેમની માલિકી રાજ્ય હસ્તક અને સંચાલન રાજ્ય દ્વારા થવું જોઈએ. ૩. ખેતી એ રાજ્ય હસ્તકનો ઉદ્યોગ રહેવો જોઈએ. ૪. ખેતી ઉદ્યોગને નીચેના પાયા પર વ્યવસ્થિત કરવા: ૧. રાજ્ય જમીનને ચોક્કસ કદનાં ખેતરોમાં વિભાજિત કરીને તે ખેતરો ગામના રહીશોને ગણોતિયા તરીકે ખેડવા માટે આપશે.

૨. આ જમીન જે તે ગામના લોકોને જ્ઞાતિ કે ધર્મના બાધ વગર એ રીતે વહેંચી દેવામાં આવશે કે કોઈ જમીનદાર, ગણોતિયા કે ખેતમજૂર રહેશે નહીં.

૩. આ સામૂહિક ખેતરોને પાણી, પ્રાણીઓ, સાધન, ખાતર, બિયારણ વગેરે પૂરું પાડીને, તેમને આ રીતે નાણાકીય મદદ કરવાની જવાબદારી રાજ્યની રહેશે. ૪. વીમાના ક્ષેત્રમાં રાજ્યની ઈજારાશાહી રહેશે અને રાજ્ય, દેશના દરેક પુખ્ત નાગરિકને તે ફરજ પાડશે કે તે ધારાસભાએ નક્કી કરેલી, વ્યક્તિના પગાર અનુસારની જીવનવીમા પૉલિસીનો સ્વીકાર કરે.

૫. ખાનગી વ્યક્તિએ માલિકો તરીકે કે ગણોતિયા તરીકે કે ગીરો મૂકનાર વ્યક્તિઓ તરીકે જે ઉદ્યોગ, વીમા કે ખેતીની જમીન ધરાવતા હશે તેમાં રાજ્ય પોતાના કાયમી રહેનારા અધિકારો પ્રાપ્ત કરશે. અને તેને જમીનના મૂલ્ય જેટલું વળતર ડિબેન્ચર સ્વરૂપમાં ચૂકવવામાં આવશે. ડિબેન્ચરની રોકડ ચુકવણી ક્યારે કરવી તે રાજ્ય નક્કી કરશે.

એટલે કે ખેતી, ઉદ્યોગ અને જીવનવીમાના ક્ષેત્રે રાજ્યની માલિકી અને રાજ્ય દ્વારા સંચાલન અને આ બાબતનો સમાવેશ વ્યક્તિના આર્થિક મૂળભૂત અધિકારમાં કરવો. જાહેર નાણાકીય વ્યવસ્થાપનના સંદર્ભોમાં ડૉ. આંબેડકરનું પ્રદાન તેમના મહાનિબંધ પ્રોબ્લેમ ઓફ રૂપીમાં દેખાય છે. આ પુસ્તકમાં ડૉ. આંબેડકરે વિનિમયના માધ્યમ તરીકે ભારતીય ચલણની ઉત્ક્રાંતિ અને સોનારૂપા જેવી કિંમતી ધાતુઓના સંદર્ભમાં તેની સમમૂલ્યતા વિશે શ્રેષ્ઠ રજૂઆત કરી છે.

આ રીતે જાહેર નાણાંનાં સંદર્ભમાં પણ ડૉ. આંબેડકરે 'ધ ઇવોલ્યુશન ઑફ પ્રોવિન્શિયલ ફાઇનાન્સ ઇન બ્રિટિશ ઇન્ડિયા' નામે જે મહાનિબંધ લખેલો તે ભારતના જાહેર નાણાંના ઇતિહાસમાં એક મોટું પ્રદાન છે. આ પુસ્તકમાં તેઓ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના અંગ્રેજ ભારતના ૧૮૩૩થી ૧૯૨૧ વચ્ચેના સમયની વાત કરે છે.

સરકારની ભૂમિકા વેરા મારફત વધુ આવક ઊભી કરવાની છે. ભારત જેવા ગરીબ દેશમાં વેરાની આવક વધારવાની ચોખ્ખી મર્યાદાઓ છે. પરિણામે સરકારનાં વિવિધ સ્વરૂપો વચ્ચે બોજાની સમતાપૂર્ણ વહેંચણી એટલે કે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વચ્ચે વહેંચણી અગત્યની બને છે. જાહેર નાણાંની બાબતમાં ડૉ. આંબેડકરનું પ્રદાન પાયાનું છે.

ડૉ. આંબેડકરના આર્થિક ચિંતનમાં ભારત વિકાસનો રોડમેપ જોઈએ – દામોદર વેલી પ્રોજેક્ટઃ ૧૯૪૨માં ડૉ. આંબેડકર બ્રિટિશ વાઇસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મેમ્બર (Labor, Irrigation

Power) હતા. (Ref. Dr. Ambedkar's Role on Economic Planning Water Policy by Sukhdev Thorat). આ એક મિનિસ્ટ્રિયલ કક્ષાનો હોદો હતો. એ દરમ્યાન એમણે પાંચ કૉન્ફરન્સ સંબોધેલી, જે પૈકી બે દામોદર વેલી પ્રોજેક્ટ, એક મહાનદી અને બે ઈલેક્ટ્રિક પાવર માટે હતી. બિહાર અને બંગાળને અસર કરતા બહુહેતુક દામોદર વેલી પ્રોજેક્ટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અમૂલ્ય પ્રદાન છે. દામોદર નદી પર અતિ આવશ્યક એવા પૂર નિયંત્રણ, સિંચાઈ, પેય જળ અને વિદ્યુત ઉત્પાદન આ પ્રોજેક્ટના મુખ્ય આશયો હતા. ડૉ. આંબેડકરના અથાગ પ્રયાસોથી દામોદર વેલી બિલ ડિસેમ્બર ૧૯૪૭માં કોન્સ્ટિટ્યુઅન્ટ ઍસેમ્બલીમાં લાવવામાં આવ્યું અને ફેબ્રુઆરી ૧૯૪૮માં પાસ કરવામાં આવ્યું. બબ્બે રાજ્ય સરકારો અને ત્રીજી કેન્દ્ર સરકાર વચ્ચે ડૉ. બાબાસાહેબના અદ્ભુત સંકલનથી ચાર વર્ષથીયે ઓછા સમયગાળામાં આ પ્રોજેક્ટ પાર પાડવામાં આવ્યો. અને આમ, 'રિવર ઑફ સોરો' ગણાતી દામોદર નદી બિહાર અને પ. બંગાળ માટે આશીર્વાદરૂપ બની.

બાબાસાહેબે અર્થશાસ્ત્રની રીતે ખેતી, ખેડૂત, ખેતીની સ્થિતિ, રોજગારી, ઔદ્યોગિકીકરણ બાબતે વિચાર કર્યો હતો. મુંબઈ વિધાનમંડળના સભ્ય તરીકે તેમણે મહાર (અસ્પૃશ્ય જાતિ) અને વતન (ઇનામી જમીન) સંદર્ભે આ વતન પદ્ધતિ નાબૂદ કરવા ખરડો રજૂ કર્યો હતો. એ જ રીતે બીજો એક ખરડો તેમણે કોંકણની ખોત પદ્ધતિ નાબૂદ કરવા માટે રજૂ કર્યો હતો. ૧૯૨૯ની ત્રીજી મેએ 'બહિષ્કૃત ભારત'ના અંકમાં તેમણે ખોતી અર્થાત્ 'ખેડૂતોની ગુલામી' શીર્ષક હેઠળ તંત્રીલેખ લખ્યો હતો. તેમાં તેઓ લખે છે, આમ પણ ભારતના ખેડૂતની સ્થિતિ ઘણી ખરાબ છે, તેમાં પણ રત્નાગિરી જિલ્લામાં વિશિષ્ટ સ્થિતિને કારણે અનેક પેઢીથી ખેડૂતોની હાલત દયનીય થઈ ગઈ છે.

ખોતી પ્રથા માત્ર રત્નાગિરી અને કુલાબા જિલ્લાઓમાં હતી. ભારતમાં બીજે ક્યાંય એ પ્રથા નહોતી. શું હતી આ ખોતી પ્રથા? તેના હેઠળ સરકાર ખેડૂતો પાસેથી કર વસૂલ કરતી હતી. આ કર વસૂલીની બે પ્રક્રિયા હતી - (૧) રૈયતવારી પ્રથા અને (૨) ખોતી પ્રથા. રૈયતવારી પ્રથામાં સરકારના પ્રતિનિધિ કર વસૂલ કરતા હતા, જયારે ખોતી પ્રથામાં ખોતની વંશપરંપરાથી એ કામ ચાલુ રહેતું હતું. એ પ્રથામાં ખેડૂતો ઉપર અત્યાચાર થતા. રૈયતવારી પ્રથામાં માત્ર સરકારને કર ચૂકવવાનો થતો અને ખોતી પ્રથામાં સરકારી કર ચૂકવ્યા પછી પણ ખોતને નાણાં આપવાં પડતાં. આવો અત્યાચાર શા માટે? ખેડૂતોની આવી લૂંટ કેમ? એવા સવાલ બાબાસાહેબે ઉઠાવ્યા હતા.

**ખોતી પ્રથા માત્ર રત્નાગિરી અને કુલાબા જિલ્લાઓમાં હતી. ભારતમાં બીજે ક્યાંય એ પ્રથા નહોતી. શું હતી આ ખોતી પ્રથા? તેના હેઠળ સરકાર ખેડૂતો પાસેથી કર વસૂલ કરતી હતી. આ કર વસૂલીની બે પ્રક્રિયા હતી – (૧) રૈયતવારી પ્રથા અને (૨) ખોતી પ્રથા.**

ખોતીપ્રથાને કારણે ખેડૂતો પરનો અત્યાચાર માત્ર આટલેથી અટકતો નહોતો. જાત-જાતની ચાલાકી કરીને ખોત હેઠળ ખેડૂતોની હેરાનગતિ કરાતી. એ લોકો જુદાં જુદાં બહાનાં હેઠળ ખેડૂતો પાસેથી પૈસા પડાવી લેતા હતા. બાબાસાહેબ કહેતા કે માનવતા માટે આઘાતજનક એવી આ ગુલામીપ્રથા આજે ૨૦મી સદીમાં ચાલે છે તે ભારતીય સમાજ માટે શરમજનક બાબત છે.

વાસ્તવમાં ખોત એ જમીનમાલિક નહોતા, પરંતુ કર વસૂલ કરવાના બદલામાં તેને અમુક હિસ્સો માનદવેતન સ્વરૂપે આપવામાં આવતો હતો. એક રીતે તેઓ સરકારી કર્મચારી જ હતા, પરંતુ ખોતો દ્વારા તેમને મળેલા અધિકારનો તેમણે દુરુપયોગ કર્યો હતો. બાબાસાહેબે ભારપૂર્વક કહ્યું કે, ખોતી પ્રથાનો અંત આવવો જ જોઈએ. ખોતી પ્રથાનો અંત લાવવા માટેનો ખરડો રજૂ કરતી વખતે ૧૯૩૭ની ૧૭મી સપ્ટેમ્બરે બાબાસાહેબે મુંબઈ વિધાનમંડળમાં વક્તવ્ય આપ્યું હતું. એ વક્તવ્યમાં ઉપરોક્ત લેખમાં જણાવેલા તમામ મુદ્દા રજૂ કરવામાં આવ્યા હતા. બાબાસાહેબે જે ખરડો રજૂ કર્યો તેમાં -

૧. ખોતી પ્રથા નાબૂદ કરવામાં આવે તથા ખેડૂતો અને સરકારી અધિકારીઓ વચ્ચે સીધો સંપર્ક સ્થાપવો જોઈએ.
૨. ખોતીનો અધિકાર ગુમાવવાના બદલામાં ખોતીને યોગ્ય વળતર આપવામાં આવે.
૩. ખેતી કરનારા ખેડૂતને એ જમીનનો અધિકાર આપવામાં આવે અને તેમને જમીન મહેસૂલ કાયદા હેઠળ લાવવામાં આવે.

ડૉ. બાબાસાહેબે રત્નાગિરી તેમજ કુલાબા જિલ્લાઓમાં ખોતી પ્રથા નાબૂદ કરવા માટે વિધાનમંડળમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. તેના પરિણામે છેવટે ખોતી પ્રથા નાબૂદ કરવામાં આવી. એ સંઘર્ષ માત્ર અસ્પૃશ્યોને આર્થિક ન્યાય અપાવવા માટે નહોતો, પરંતુ બાબાસાહેબે એ સંઘર્ષ તમામ ખેડૂતોને ન્યાય અપાવવા માટે કર્યો હતો.

મુંબઈ વિધાનમંડળમાં ૧૯૨૭માં નાના જમીન માલિકોનાં હિતોના રક્ષણ માટે એક ખરડો દાખલ કરવામાં આવ્યો હતો. આ ખરડા પરની ચર્ચા દરમિયાન ડૉ. બાબાસાહેબે ભારતમાં ખેતી તેમજ ખેડૂતોની સ્થિતિ બાબતે પોતાના વિચાર રજૂ કર્યા હતા. એ જ રીતે Small Holdings in india and their Remedies

(ભારતના નાના જમીનધારકો) શીર્ષક હેઠળ એક વિસ્તૃત લેખ જર્નલ ઑફ ધ ઇન્ડિયન ઇકોનોમિક સોસાયટીમાં લખ્યો હતો. વિધાનમંડળમાં રજૂ કરેલા તેમજ આ લેખમાં લખેલા વિચારો એક સમાન જ હતા. અલબત્ત, લેખમાં એ વિચારને વધુ વિસ્તૃત સ્વરૂપ અને પૂરતાં પ્રમાણો સાથે રજૂ કર્યો હતો.

એ સમયે સરકારમાં વિચારણા ચાલતી હતી કે જમીનના નાના-નાના ટુકડા થવાને કારણે ખેતી લાભદાયક રહી નથી. ખેતી ઉપર નિર્ભર પરિવારનું ગુજરાન હવે ખેતી ઉપર નથી ચાલતું. નાના-નાના ટુકડામાં વહેંચાયેલી ખેતી અલગ અલગ સર્વે પટ્ટામાં હોય છે. આ રીતે વેરવિખેર જમીનમાંથી શું મેળવી શકાશે? એ ચર્ચાનો મુદ્દો હતો. બીજો મુદ્દો એ હતો કે ભાગ પાડવાથી નાના નાના ટુકડામાં વિભાજિત જમીનને શું એક કરી શકાશે? ત્રીજો મુદ્દો હતો, એક ચોક્કસ મર્યાદા પછી શું જમીનનું વિભાજન અટકાવવાનું શક્ય છે? અર્થાત્ વેરવિખેર જમીન તેમજ નાના નાના ટુકડામાં વિભાજિત જમીનને એક કેવી રીતે કરી શકાય એ ચર્ચાનો વિષય હતો. આ માટે 'વડોદરા સમિતિ' નામે એક સમિતિ બનાવવામાં આવી હતી. એ સમિતિનો અહેવાલ પણ પ્રકાશિત થયો હતો. બાબાસાહેબે ઇન્ડિયન ઇકોનોમિક સોસાયટીના લેખમાં એ અહેવાલની સમીક્ષા કરી હતી.

માત્ર સમૃદ્ધિનું નિર્માણ કરવાથી કામ ન ચાલે. રાષ્ટ્ર સલામત અને સુરક્ષિત પણ હોવું જોઈએ. તેથી રાષ્ટ્રની સુરક્ષા અંગે ગંભીરતાથી વિચાર થવો જોઈએ. જાતિવાદમુક્ત, શોષણમુક્ત, સમતામય-બંધુતામય અને આર્થિક રીતે સમૃદ્ધ ભારતની તેમની કલ્પના હતી. સમગ્ર ભારતવાસીના સાથથી જ દેશનો સર્વાંગીણ વિકાસ થઈ શકે એ બાબાસાહેબના વિચારોમાં જોઈ શકાય છે.

# પગ વિના પગલાં પાડતો યુવાન ગગદાસ

***દિવ્યેશ આચાર્ય***

પગ વિના દોડવાનાં સપનાં જોવાય...? વાવ-થરાદના યુવાને આ સપનું જોયું પણ છે અને તેને સાકાર કરવા અથાક પ્રયાસ પણ આદર્યાં છે. વીજ કરંટથી બંને પગ ગુમાવનાર ગગદાસની વાત પરીકથા નહીં, વાસ્તવિકતાની ધરતી પર રચાયેલી પ્રેરણાકથા છે.

ગગદાસ વાવ-થરાદ જિલ્લાનો યુવાન છે. ખેતમજૂર થાનાભાઈ પરમારના પરિવારના આ દીકરાને વર્ષ ૨૦૧૭માં વીજળીનો કરંટ લાગ્યો અને સમગ્ર પરિવાર પર જાણે વીજળી પડી. બન્ને પગ ગુમાવ્યા બાદ પાલનપુરમાં વિદ્યામંદિર શાળાની દિવ્યાંગ હોસ્ટેલમાં રહી કોચ નીલેશભાઈ રબારીના પ્રયાસોથી ગગદાસે રમતને પાંખો બનાવી. તેમને પરિણામ પણ મળ્યું. નૅશનલ ગેઈમ્સ રમ્યા અને ડિસ્ક થ્રો અને પેરા પાવરલિફ્ટિંગમાં રાષ્ટ્રીય સ્તરે ચંદ્રકો પણ પ્રાપ્ત કર્યા.

દરેક પગલું એ પડકાર છે—શારીરિક, માનસિક અને સામાજિક. પરંતુ તેની આંખોમાં ડર નથી, માત્ર દૃઢ નિશ્ચય છે. ગગદાસનું સપનું સામાન્ય નથી. ઑલિમ્પિક્સમાં ઊતરીને ભારત માટે મેડલ જીતવાનું તેમનું ધ્યેય છે. આ માત્ર તેની વ્યક્તિગત જીત માટે નથી, પરંતુ કરોડો એવા લોકો માટે છે જેઓ કોઈને કોઈ રીતે સંઘર્ષ કરી રહ્યા છે.

આ સંઘર્ષ સપનું જોવા સાથે જ શરૂ થયો. ગગદાસને સામાજિક સંસ્થાઓ તરફથી કૃત્રિમ પગ પ્રાપ્ત થયા હતા, પરંતુ રમત ક્ષેત્રે આગળ વધવા માટે એડવાન્સ પ્રોસ્થેટિક પગ જરૂરી હતા. આ માટે રૂ. ૧૪થી ૧૫ લાખનો ખર્ચ કરવો પરિવાર માટે શક્ય ન હતો.

ગગદાસે સાલસ અને સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મદદ



માગી. મુખ્યમંત્રીશ્રીએ સરકારી સહાય ઉપરાંત સીએસઆર ફંડ થકી ગગદાસને તાત્કાલિક આર્થિક મદદ કરી, જેના પરિણામે તેમને અદ્યતન તકનીકવાળા પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત થયા, સાથે સાથે ઉચ્ચ સ્તરનું કોચિંગ પણ મળી રહ્યું છે.

મેદાન પર પડેલો પરસેવો તેમને યાદ અપાવે છે કે સપનાં માત્ર જોવાના નથી હોતાં, તેને જીવી અને જીતી લેવા માટે આકરી મહેનત પણ કરવી પડે છે. દરેક પ્રૅક્ટિસ સેશન તેમના પોતાના આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે. તિરંગો જ્યારે ઑલિમ્પિક્સના મંચ પર લહેરાશે, ત્યારે તે સાબિત કરશે કે હિંમત હોય તો કોઈ પણ મર્યાદા માર્ગ બની શકે છે. ગગદાસ શીખવે છે કે સપનાઓને પગની જરૂર નથી. સપનાઓને પાંખો જોઈએ અને તે પાંખો હિંમત, મહેનત અને વિશ્વાસથી બને છે.

ગગદાસને હવે ઑલિમ્પિક મેડલથી ઓછું કંઈ ખપતું નથી. દોડશે ગગદાસ, જીતશે ગુજરાત.

## સામાજિક પરિવર્તનનો વિકાસમંત્ર

# ‘સશક્ત વ્યક્તિ-સમૃદ્ધ સમાજ’

**બેલા મહેતા**

કોઈ પણ સમાજના સર્વસમાવેશક વિકાસના પાયામાં પ્રત્યેક વ્યક્તિ રહેલી હોય છે. સમાજની દરેક વ્યક્તિ જ્યારે સશક્ત હોય ત્યારે સભ્ય, સુસંસ્કૃત અને ઊર્જાવાન સમાજનું નિર્માણ થતું હોય છે. આથી જ પ્રત્યેક વ્યક્તિને તેનામાં છુપાયેલી શક્તિઓથી અવગત કરાવવી જરૂરી છે. સમાજ વિકાસની રાહે ત્યારે જ આગળ વધે જ્યારે સુચારુ વ્યવસ્થાના માધ્યમથી વ્યક્તિમાં રહેલી ઊર્જાને યોગ્ય દિશા આપવામાં આવે. સ્વામી વિવેકાનંદ કહેતા “દરેક વ્યક્તિમાં તેની ઉચ્ચતમ ક્ષમતાને પ્રાપ્ત કરવાની સંભાવના રહેલી હોય છે.”

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી વિકસિત ભારત@૨૦૪૭ના અને વિકસિત ગુજરાત@૨૦૪૭ની પરિકલ્પનાને સિદ્ધ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. વંચિત સમુદાયનો સર્વાંગીણ અને સાતત્યપૂર્ણ વિકાસ એ રાજ્ય સરકારની પ્રાથમિક બાબતોની એક છે. આથી જ ગુજરાત સરકારે ભિન્ન-ભિન્ન પગલાંઓ લીધાં છે. વિકાસલક્ષી નીતિ ઘડવી, લોકોની આવશ્યક્તાઓ અનુસાર યોજનાઓ ઘડી તેનો અમલ કરવો, વિવિધ અભિયાનો અને કાર્યક્રમોના માધ્યમથી લોકજાગૃતિ ફેલાવવી તેમજ યોજનાઓના લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવાના પ્રયાસોને કારણે રાજ્યના વંચિતો, પ્રગતિના શિખરને સર કરવામાં સફળ થયા છે. ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકાર આવાસ, અન્ન-સુરક્ષા, શિક્ષણ, પોષણ અને રોજગાર સહિત તમામ ક્ષેત્રોને અગ્રતા આપી રહી છે.

અનુસૂચિત જાતિના લોકો રાજ્યની પ્રગતિમાં યોગદાન આપી શકે તે માટેનું નક્કર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અંતર્ગત વંચિત વર્ગના સર્વાંગીણ વિકાસ માટે વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત કુલ રૂ.૬,૮૦૭ કરોડની નાણાકીય ફાળવણી કરવામાં આવી હતી. સમાજના વંચિત સમુદાયના જીવનના દરેક તબક્કાને આવરી લઈને સુરક્ષિત જન્મથી સન્માનજનક મૃત્યુ સુધીની દરકાર રાજ્ય સરકાર લઈ રહી છે જેનાં સુફળ લોકો સુધી પહોંચી રહ્યાં છે. અનુસૂચિત જાતિના શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને આવાસીય ક્ષેત્રમાં આવકાર્ય પરિવર્તન માટે રાજ્ય સરકારે કરેલી વિવિધ નાણાકીય ફાળવણી દ્વારા આયોજનને નક્કર સ્વરૂપ આપ્યું છે.

### વંચિત વર્ગના વિકાસનો પાયો એટલે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક ઉત્કર્ષ

શિક્ષણ એ એવું સશક્ત માધ્યમ છે, જેના દ્વારા વિશ્વની સંસ્કૃતિઓનો વિકાસ શક્ય બન્યો છે. એક વ્યક્તિના જીવનમાં, તે સમજણની સાથે આત્મવિશ્વાસ તો લાવે છે જ એની સાથોસાથ સમાજ માટે તે પ્રગતિ અને સમાનતાનો પાયો પણ ચણે છે. શિક્ષણ વ્યક્તિને તર્કબદ્ધ વિચારતાં શીખવે છે જેનાથી તે પોતાના જીવનના યોગ્ય નિર્ણયો લઈ શકે છે. શિક્ષિત સમાજ સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે વધુ સભાન બને છે જેનાથી સરેરાશ આયુષ્યમાં વધારો થાય છે. વધુ સાક્ષર સમાજ ટૅક્નોલૉજી અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રગતિ કરી દેશના જીડીપી (GDP) અને વિકાસમાં ફાળો આપે છે. સાક્ષરતા રોજગારીની તકો પૂરી પાડે છે, જે ગરીબી દૂર કરવામાં અને આર્થિક રીતે આત્મનિર્ભર થવામાં પાયાની ભૂમિકા ભજવે છે. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પણ શિક્ષણની મહત્તા વિશે કહેતા કે, “શિક્ષણ એ મનુષ્ય જીવનનો પાયો છે.” આથી જ ગુજરાત સરકાર પ્રાથમિકથી લઈને ઉચ્ચતર શિક્ષણ સુધી વિદ્યાર્થીઓને સતત શિષ્યવૃત્તિ અને આર્થિક સહાય દ્વારા ટેકો પૂરો પાડે છે. રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે કેટલી કામગીરી પર નજર નાંખીએ..

- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા માટે રૂ.૭૧૭ કરોડની જોગવાઈ વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૫-૨૬માં વિદ્યાર્થીઓને રૂ. ૫૨૦ કરોડની મદદથી પી.એમ.યશસ્વી પ્રિ-મૅટ્રિક અને પોસ્ટ-મૅટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના લાભ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.
- વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે રૂ.૧૫ લાખની લોન વિદ્યાર્થીઓને



૪%ના વ્યાજ દરે આપવામાં આવે છે. જે અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી.

- ભારતમાં અને વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી યોજનાના આશરે ૭૦ હજારથી વધુ લાભાર્થીઓ માટે રૂ.૮૩૧ કરોડની જોગવાઈ દ્વારા વિદેશમાં શિક્ષણ તથા રોજગાર મેળવનારા યુવાનો માટે સહાયક મદદ પૂરવાર થઈ રહી છે.
- અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને બૅન્ક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લીધેલી લોન પર ૬% વ્યાજ સબસિડી આપવા માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ થઈ છે.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની તેમજ આર્થિક પછાત વર્ગની ૧ લાખ ૨૫ હજાર વિદ્યાર્થિનીઓને અને અનુસૂચિત જાતિની ૧૩,૬૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાઈકલ આપવા માટે રૂ.૮૪ કરોડની સહાય આપવાનો સરકારનો નિર્ધાર છે.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર રચાયેલી બાલવાટિકામાં અભ્યાસ કરનારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૨ લાખ ૨૨ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.
- તમામ જાતિ-વર્ગના છાત્રો એક જ છત હેઠળ રહે એ અભિગમથી જુદા-જુદા ૧૦ જિલ્લાઓમાં



૯ સમરસ કન્યા અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો બનાવવા માટે રૂ.૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેનાથી અંદાજિત ૧૩ હજાર કુમાર-કન્યા વિદ્યાર્થીઓને લાભ પ્રાપ્ત થવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

## વંચિત સમુદાયના આર્થિક વિકાસનો રોડમૅપ

આર્થિક વિકાસ એ માત્ર આંકડાકીય સમૃદ્ધિ કરતાં ખૂબ વિશેષ હોય છે તે સમાજમાં હકારાત્મક પરિવર્તન અને વ્યક્તિગત જીવનધોરણની ગુણવત્તા વધારવાની એક સર્વસમાવેશક પ્રક્રિયા છે. જ્યારે કોઈ રાષ્ટ્ર આર્થિક રીતે પ્રગતિ કરે ત્યારે તેના સીધા અને પરોક્ષ લાભો સમાજના દરેક સ્તરની વ્યક્તિઓ સુધી પહોંચે છે. સ્થિર આર્થિક વિકાસ રોજગારની નવી તકો ઊભી કરે છે, ગરીબી અને બેરોજગારીના દરમાં ઘટાડો કરે છે અને નાગરિકોની આવક અને ખરીદશક્તિમાં વધારો જોવા મળે છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આરોગ્ય સેવાઓ સુલભ બને છે. આર્થિક વિકાસ એ એ એવો પારસમણિ છે જેનાથી જીવનની ગુણવત્તા સુધરે છે, સામાજિક માન વધે છે અને ભાવિ પેઢીના સુરક્ષિત ભવિષ્યનું નિર્માણ થાય છે.



ભારતમાં અને વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી યોજનાના આશરે ૭૦ હજારથી વધુ લાભાર્થીઓ માટે રૂ.૮૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના લાભાર્થીઓને બૅન્ક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર ૬% વ્યાજ સબસિડી આપવા માટે રૂ.૨૫ કરોડની સહાય બજેટમાં આપવામાં આવી છે.

## વંચિત સમાજ માટે આવાસીય સહાયનું આયોજન

વ્યક્તિના માથા પર છત આર્થિક સુરક્ષાની સાથે માનસિક શાંતિ અને સામાજિક સ્થિરતા પૂરી પાડે છે. ઘરના માલિક થવું એ એક મજબૂત અને સ્થિર રોકાણ છે. સમય જતાં, પ્રોપર્ટીની કિંમતમાં વધારો થાય છે, જે નોંધપાત્ર સંપત્તિ ગણાય છે. ભાડાના મકાનમાં ખર્ચેલા પૈસા પાછા નથી મળતા, જ્યારે પોતાના ઘરના હપતા ભરેલી રકમ જેતે વ્યક્તિની મિલકત બની જાય છે. પાસે પોતાનું કાયમી સરનામું હોવાની સુરક્ષા અને સ્થિરતાની ઊંડી લાગણી જન્મે છે. ભાડું ભરવાની ચિંતામાંથી મુક્તિથી આર્થિક અને માનસિક તાણથી બચી શકાય છે. ઘર હોવું એ માત્ર ચાર દીવાલો અને છત જ નથી, સ્વતંત્રતા, સુરક્ષા અને સુખી જીવનનો પાયો છે. રાજ્ય સરકાર દ્વારા વંચિત સમાજના લોકોના શિરે પાકી છત અને કાયમી નિવાસનું સરનામું પ્રાપ્ત થાય તે માટે કટિબદ્ધતા સાથે કાર્યવાહી કરવામાં આવે છે.

ડૉ. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, સરદાર આવાસ યોજના જેવી આવાસીય યોજનાઓની મદદથી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તથા વિચરતી-વિમુક્ત જાતિઓના અંદાજિત ૨૧,૫૦૦ લાભાર્થીઓને અપાતી મકાન સહાયમાં રૂ.૫૦ હજારનો વધારો કરવામાં આવ્યો છે, જે માટે રૂ.૪૦૦ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે.

## વિકાસનું સામાજિક સશક્તીકરણ

સમાજના દરેક વર્ગને તેમની ક્ષમતા મુજબ કામ કરવાની તક મળે ત્યારે દેશના માનવ સંસાધનનો મહત્તમ ઉપયોગ થાય છે, જે રાજ્ય અને દેશના આર્થિક વિકાસને વેગ આપે છે. સામાજિક સશક્તીકરણ દ્વારા લોકો કૌશલ્ય વિકાસ અને રોજગારીને પ્રાથમિકતા આપે છે જેથી ગરીબી દરમાં ઘટાડાની સાથે લોકોનું જીવનધોરણ ઊંચું આવે છે. આમ સામાજિક સશક્ત વાતાવરણને કારણે નાગરિકો વધુ જાગૃત બને છે જે સરકાર અને વહીવટીતંત્રને વધુ પારદર્શક અને સક્રિય બનાવે છે. લોકો આત્મવિશ્વાસ અને સન્માન સાથે જીવન નિર્વાહ કરે છે. આ એક સર્વસમાવેશક વિકાસની પાયાની બાબત છે જે સમગ્ર રાષ્ટ્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવે છે.

સામાજિક સમરસતાના ઉદ્દેશ્યથી ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના અમલમાં છે, જેમાં રૂ.૨.૫૦ લાખ સહાય આપવામાં આવે છે.

કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત સામાજિક ઉત્કર્ષ માટે રૂ.૧૨,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

કેન્દ્ર અને રાજ્યની સરકાર સંયુક્તપણે દેશની અનુસૂચિત જાતિની વસતીને શૈક્ષણિક, સામાજિક, આર્થિક તમામ રીતે વિવિધ પ્રકારે નીતિ, કાર્યક્રમ, આયોજન, યોજના અને અભિયાનની મદદથી લોકોના જીવનમાં ઇચ્છિત પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહી છે.

# અનેકની આંખોમાં ફરી ઉજાસ ફેલાયો



**ભાવિકા લીંબાસીયા, શક્તિ મુંધવા**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મોતિયા-અંધત્વમુક્ત રાષ્ટ્ર'ના દઢ સંકલ્પને સાકાર કરવા ગુજરાત રાજ્ય પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા 'મોતિયા અંધત્વમુક્ત રાજ્ય' અભિયાન અંતર્ગત નાગરિકોને વિનામૂલ્યે મોતિયા ઑપરેશન, નેત્રમણિ તથા અદ્યતન સારવાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સાથે જ, શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષ સુધીના બાળકોની આંખોની તપાસ કરીને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે ચશ્માં પણ આપવામાં આવે છે. સરકારી હૉસ્પિટલોમાં મોતિયા ઑપરેશનની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સમગ્ર દેશમાં નેત્રમણિ વિનામૂલ્યે આપી સફળ ઑપરેશન કરવામાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે.

સુરેન્દ્રનગરમાં 'રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ' કાર્યક્રમ અંતર્ગત જનરલ હૉસ્પિટલમાં વિનામૂલ્યે આંખના મોતિયાનાં ટાંકા વગરનાં નેત્રમણિ સાથે ઑપરેશનનો નાગરિકોએ લાભ લીધો હતો, જેના લાભથી અનેક નાગરિકોના જીવનમાં ફરી ઉજાસ આવ્યો છે.

સુરેન્દ્રનગરના લખતર તાલુકાના નાના અંકેવાળિયા ગામના રહેવાસી પરસોત્તમભાઈ રાઠોડ કહે છે, "પહેલાં આંખે ઝાંખું દેખાતું હતું અને રોજિંદા કામોમાં ભારે મુશ્કેલી પડતી હતી. ડૉક્ટરે મોતિયાનું ઑપરેશન જરૂરી હોવાનું જણાવ્યું હતું. સરકારી હૉસ્પિટલમાં એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના મારી આંખનું સફળ ઑપરેશન થયું. આજે મને સ્પષ્ટ દેખાય છે. તે માટે હું સરકાર અને હૉસ્પિટલના તમામ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનું છું."

'મોતિયા અંધત્વ મુક્ત રાજ્ય' સરકારની આ સંવેદનશીલ અને માનવતાભરી પહેલે માત્ર અંધત્વ દૂર નથી કર્યું, પરંતુ હજારો લોકોના જીવનમાં નવી આશા અને આત્મવિશ્વાસનો પ્રકાશ પ્રગટાવ્યો છે..

# ખાદ્યપ્રોડક્ટનું મેન્યુફેક્ચરિંગ કરનાર દિવ્યાંગ ઉદ્યોગકાર

**જિજ્ઞા વરસાણી**

કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના બળદિયાના ૮૦ ટકા દિવ્યાંગ ગોવિંદભાઈ કેરાઈ સૂઝબૂઝ તથા સરકારશ્રીની મદદના કારણે સફળ ઉદ્યોગકાર બની ચાર પરિવારનું પણ પાલનપોષણ કરવા સક્ષમ બન્યા છે.

સંતાનમાં બે દીકરીના પિતા ૫૦ વર્ષીય ગોંવિદભાઈએ ઈંગ્લિશ સાથે બી.એનો અભ્યાસ કર્યો છે. ચાર હજારની મૂડીથી ખારી સીંગ, દાળિયા હોલસેલ ભાવે મેળવીને ઘેર નાનકડા પૅકિંગ બનાવીને દુકાન, કેબિન સુધી પહોંચાડી ધંધો શરૂ કર્યો. પત્ની ઘેર પૅકેજિંગ કરતી અને તેઓ રીક્ષા ચલાવીને ખાદ્યસામગ્રીનું વેચાણ કરતા. ત્યારબાદ શરબતની ચુસ્કીના મેન્યુફેક્ચરિંગ માટે મશીનરી ખરીદવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે સરકારની યોજનાનો લાભ મેળવી લોન મેળવી. નવા ધંધામાં ઝંપલાવ્યું. બે જરૂરિયાતમંદ મહિલાને પૅકેજિંગ અને મેન્યુફેક્ચરિંગ કામ અને એક ડિલિવરી બોયને રોજગારી આપી. આમ, નાનકડી મૂડી સાથે શરૂ કરેલા વ્યવસાયમાં



સરકારની મદદ થકી સફળતા મળતા આત્મનિર્ભર બન્યા અને દીકરીઓના ઉજ્જ્વળ ભાવિ માટે અભ્યાસ કરાવી રહ્યા છે. તેઓ મહિનામાં ૨૭ દિવસ માલની ડિલિવરી માટે જાતે ટેમ્પો લઈને પશ્ચિમ કચ્છમાં ફેરી કરે છે. રોજ ૨૦૦ કિ.મીનું ડ્રાઇવિંગ કરીને સવારથી સાંજ સુધીમાં કુલ ૯૦ નાની મોટી દુકાનમાં માલ પહોંચાડે છે. આમ, તેઓ રોજ રૂ.૨૫ થી ૩૦ હજારનું ટર્નઓવર કરે છે. આ સાથે નવા કસ્ટમર બનાવવા, કાચો માલ ખરીદી ઘેર પૂરો પાડવો વગેરે કામ પણ તેઓ જાતે જ સંભાળે છે. જ્યારે તેમનાં પત્ની કેરાઈ પૅકેજિંગ અને મેન્યુફેક્ચરિંગની કામગીરી સંભાળે છે. સરકારનો આભાર માનતાં ગોવિંદભાઈ જણાવે છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી કરાયેલી છે, ત્યારે દિવ્યાંગો તેનો લાભ લે અને પોતાની સ્કિલ, અભ્યાસનો ઉપયોગ કરી ખુદ તો સ્વનિર્ભર બને સાથે અન્યો માટે પણ રોજગારીનું સર્જન કરે તે જરૂરી છે..

# ગંગાસ્વરૂપ સહાય યોજના બની ઢળતી ઉંમરે જીવનનો આધાર



**મહેશ કથીરિયા**

'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' હેઠળ અન્ન સુરક્ષા સરળતાથી પૂરી પાડવા માટે તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ઇન્ડિયા'ના સંકલ્પને પૂર્ણ કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં 'વન નૅશન, વન રૅશનકાર્ડ' યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યના ગરીબ વર્ગો તેમજ દૂરદરાઝના અંતરિયાળ વિસ્તારના વંચિતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ સરળતાથી પહોંચાડવામાં આવી રહ્યા છે.

સુરત જિલ્લા પલસાણા તાલુકાના સાકી ગામમાં રહેતા ૫૮ વર્ષીય રેણુકાબેન સુરતીને ગંગાસ્વરૂપ સહાય યોજના હેઠળ માસિક રૂ.૧૨૫૦ ની સહાય મળી રહી છે, ત્યારે આ સહાયે ઢળતી ઉંમરે જીવનનો નવો આધાર આપ્યો હોવાનું આનંદથી જણાવે છે.

રેણુકાબેન કહે છે કે, આજથી બે વર્ષ પહેલાં મારા પતિનું લાંબી માંદગીના કારણે ૬૫ વર્ષની વયે અવસાન થયું હતું. રાજ્ય સરકાર દ્વારા વિધવા સહાયનો લાભ મળવાથી ઢળતી ઉંમરે પણ સ્વમાનભેર જીવન જીવી રહી છું. છેલ્લાં બે વર્ષથી દર મહિને રૂ.૧૨૫૦ ડાઈરેક્ટ બૅનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે મારા ઍકાઉન્ટમાં જમા થઈ રહ્યા છે. જેનો હું જીવનનિર્વાહમાં ઉપયોગ કરી રહી છું.

વિધવા સહાય યોજના સાથે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહિને ઘઉં, ચોખા, તુવેર દાળ, ખાંડ અને તેલ મળી રહ્યું છે. અમારા જેવા આર્થિક રીતે નબળા પરિવારોના જીવન નિર્વાહની ચિંતા સરકાર પોતે કરી રહી છે એનો અમને આનંદ છે.

# સુરતના દિવ્યાંગ સંજયભાઈને મળી આર્થિક સ્વાધીનતા

રાજ્ય અને કેન્દ્ર સરકારે સમાજના દરેક વર્ગ માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે અને સમયાંતરે વધુ લોકલક્ષી જોગવાઈઓ કરી મહત્તમ લાભાર્થીઓને આવરી લીધા છે. વિકલાંગ વ્યક્તિઓના સશક્તીકરણ માટે અનેકવિધ યોજનાઓ પણ અમલી છે. દિવ્યાંગ પેન્શન સહાય યોજના આવી જ એક આગવી યોજના છે, જે અનેક પરિવારો માટે આશીર્વાદરૂપ નીવડી છે.

સુરતના ૩૨ વર્ષના સંજયભાઈ બારૈયાને દિવ્યાંગજનો માટેની યોજનાઓએ આર્થિક આધાર અને સામાજિક હૂંફ આપી છે. સુરતના ભરથાણા (કોસાડ) ગામમાં રહેતા સંજયભાઈ હાલ CSC-જનસુવિધા કેન્દ્રમાં કામ કરે છે. પરિવારમાં માતા-પિતા અને એક નાનાભાઈ સાથે ભાડાના મકાનમાં રહે છે. તેમને વર્ષ ૨૦૧૨થી દિવ્યાંગ પેન્શન સહાય યોજના હેઠળ પહેલા માસિક



રૂ.૧૦૦૦ મળી રહ્યા છે. સાથેસાથે તેઓને દર મહિને ઘઉં અને ચોખા મળીને કુલ ૨૦ કિ.ગ્રામ અનાજ મળી રહ્યું છે.

તેમણે સહજભાવે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, હું શારીરિક રીતે દિવ્યાંગ છું પણ મનથી મક્કમ છું. કામ કરવામાં ક્યારેય પાછી પાની કરી નથી. સંઘર્ષ કરી અભ્યાસ કર્યો છે અને બેચલર ઑફ આર્ટ્સ (B.A)ની ડિગ્રી મેળવી છે. સાથેસાથે સરકારની વિવિધ સહાયનો લાભ મળવાથી મને આર્થિક આધાર પણ મળ્યો છે. સરકારી યોજનાઓ અત્યંત ગરીબ પરિવારો માટે વરદાનથી ઓછી નથી. દિવ્યાંગ પેન્શન તેમજ વ્યવસાય માટે કૅબિન મળવાથી તેમને આર્થિક સ્વાધીનતા મળી છે. સરકારે અમને અશક્તમાંથી સશક્ત બનાવ્યા છે.

# દિવ્યાંગ અમીતાબહેનને મળી આયુષ્માન કાર્ડ દ્વારા વિનામૂલ્યે સારવાર

**કાકુલ ઢાકિઆ**



દાહોદમાં રાષ્ટ્રીય સિકલસેલ ઍનીમિયા નિર્મૂલન મિશન અંતર્ગત સિકલસેલ કાઉન્સિલર દ્વારા લાભાર્થી અને તેના પરિવારનાં સભ્યોની શારીરિક, માનસિક પરિસ્થિતિની ગુણવત્તામાં સુધારો લાવવા રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. આયુષ્માન કાર્ડ થકી વિનામૂલ્યે સારવાર સહિત સિકલસેલ ડિસીઝને માસિક રૂ. ૨૫૦૦ની આર્થિક સહાય સરકાર આપે છે.

દાહોદના ચોસાલા ગામના અમીતાબહેન કિશોરી દિવ્યાંગ છે છતાં દિવ્યાંગ પતિની સાથે ખેતી તેમજ નાની દુકાન ચલાવીને પોતાના પરિવારનું ભરણ પોષણ કરે છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અમીતાબહેન સગર્ભા થતાં તેઓ પોતાના ચૅકઅપ માટે નજીકના પી. એચ. સી. ખાતે ગયા હતા, જયાં તેઓને સિકલસેલ ઍનીમિયાનો વારસાગત રોગ હોવાની જાણ થઈ. સિકલસેલ કાઉન્સિલર દ્વારા તેઓનું સતત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

અમીતાબહેનનો કેસ ગંભીર હતો. CDHOશ્રી, દાહોદ અને EMO શ્રી દાહોદ દ્વારા અગાઉથી એસ.એસ.જી. હૉસ્પિટલમાં તૈયારી કરાવી. જયાં અમીતાબહેને સિઝેરિયન દ્વારા બાળકીને જન્મ આપ્યો.


આમ, અહીં બાળકી અને માતા બંને અતિ જોખમી કહી શકાય એવા કિસ્સામાંથી હેમખેમ બહાર આવ્યા. બાળકીને પણ તુરંત સારવાર મળી. તેમને વડોદરાથી દાહોદ પોતાના ઘરઆંગણે મૂકી ગયા. અમીતાબેનના પરિવારે અનુભવ્યું કે, હૉસ્પિટલની સારવારથી પોતાનો તેમજ બાળકનો જીવ બચ્યો છે, સરકાર તરફથી અપાતા આયુષ્માન કાર્ડ થકી તેમની તમામ સારવાર વિનામૂલ્યે થઈ.

# રાજ્ય સરકારની સહાયથી વિદેશ અભ્યાસનું સપનું સાકાર

**કૌશિક શીશાંગીયા**

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અમલી ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના આજે અનેક પ્રતિભાશાળી અનુસૂચિત જાતિના યુવાઓ માટે આશાનું કિરણ બની છે. આ યોજના થકી આર્થિક મર્યાદાઓને પાર કરી વૈશ્વિક સ્તરે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી રહી છે. આનું જીવંત ઉદાહરણ છે ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના યુવાન કુલદીપ હરેશભાઈ મારુ.

કુલદીપ મારુએ ગુજરાત ટૅક્નોલૉજિકલ યુનિવર્સિટી (GTU)માંથી B.E. (Civil) માં ૭૫ ટકા સાથે સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ દરમિયાન જ તેમણે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાનું સ્વપ્ન જોયું હતું. પરંતુ પરિવારની મર્યાદિત આર્થિક સ્થિતિને કારણે વિદેશ અભ્યાસ માટે જરૂરી નાણાકીય વ્યવસ્થા કરવી તેમના માટે અઘરી બની હતી.





આ સંઘર્ષના સમયમાં આ યુવાનને રાજય સરકારની ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના અંગે માહિતી પ્રાપ્ત થતાં તેણે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ભાવનગરનો સંપર્ક કરી યોજનાની વિગતવાર જાણકારી મેળવી. તેમણે ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી. તમામ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થતાં તેમની અરજી મંજૂર થઈ અને આજે આ યુવાન કૅનેડા સ્થિત યુનિવર્સિટી ઓફ વિન્ડસર ખાતે માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરે છે. આ યોજનામાં વિદેશ અભ્યાસ માટે માત્ર ૪ ટકા વ્યાજદરે રૂ. ૧૫ લાખ સુધીની લોન સહાય ઉપલબ્ધ હોવાનું જાણવા મળતાં તેમના સપનાને નવી દિશા મળી.

ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના એ રાજ્ય સરકારની સામાજિક સમાનતા, શિક્ષણ અને સશક્તીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું દૃષ્ટાંત છે. આ યોજના અનુસૂચિત જાતિના યુવાઓને માત્ર નાણાકીય સહાય પૂરી પાડતી નથી, પરંતુ આત્મવિશ્વાસ, આશા અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ આગળ વધવાની શક્તિ પણ આપે છે.

# હણોલમાં રમત, પ્રતિભા અને ગ્રામ વિકાસનો સંગમ




ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના હણોલ ગામમાં ત્રિ-દિવસીય આત્મનિર્ભર હણોલ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા તથા કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ખેલાડી અને ઇન્ડિયન ઑલિમ્પિક ઍસોસિયેશનના પ્રેસિડન્ટ શ્રી પી. ટી. ઉષાએ વિલેજ ઑલિમ્પિક-૨૦૨૬નો શુભારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય રમતગમત મંત્રીશ્રીએ જણાવ્યું કે, આત્મનિર્ભર હણોલ મહોત્સવ અંતર્ગત ઑલિમ્પિકથી બાળકો, યુવાનો અને વડીલોને પોતાની રમત પ્રતિભા રજૂ કરવાની તક મળશે. હણોલ ગામના રમતવીરોએ હેન્ડબૉલ સહિત વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગામનું નામ ઉજાગર કર્યું છે અને ભવિષ્યમાં કૉમનવૅલ્થ તથા ઑલિમ્પિક સ્તરે સફળતા મેળવશે.

વિલેજ ઑલિમ્પિકથી રમતવીરોને યોગ્ય મંચ મળ્યો હોવાનું કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાએ જણાવી હણોલ મહોત્સવના સફળ આયોજન બદલ આયોજકોનો આભાર માન્યો હતો. શ્રી પી. ટી. ઉષાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, હણોલ મહોત્સવથી ગુજરાત અને દેશને શ્રેષ્ઠ રમતવીરો મળશે.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્યસભા સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે ગ્રામીણ બજારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને મંત્રીશ્રીઓએ બજારના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

# સુરત 'બ્રિજ સિટી': રત્નમાલા-ગજેરા બ્રિજથી વાહનચાલકોને રાહત



સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામમાં નિર્માણ પામેલા રત્નમાલા જંક્શન અને ગજેરા જંક્શનને જોડતા એક તરફના ટુ-લેનના ફલાય-ઓવરનું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, શહેરીજનોની સુવિધા એ સુરત મહાનગરપાલિકાની પ્રાથમિકતા રહી છે. સુરત મહાનગરપાલિકાએ 'બ્રિજ સિટી' તરીકે આગવી ઓળખ મેળવી છે. દેશમાં સૌથી વધુ ફલાય-ઓવર ધરાવતું શહેર સુરત છે. બ્રિજનું લોકાર્પણ થવાથી વાહનચાલકોની સુવિધામાં વધારો થશે.

મેયર શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી, રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તથા ધારાસભ્ય વિનોદભાઈ મોરડિયાની ઉપસ્થિતિમાં કતારગામ ખાતે EPC પદ્ધતિથી બનેલા ૪-લેન ફલાય-ઓવરના કાંસાનગરથી અમરોલી તરફના એક તરફના ૨-લેન બ્રિજને જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો હતો.

**વાહનચાલકોને ફાયદો :** *૪ લેનનો આ બ્રિજ રૂ.૬૨.૮૪ કરોડના ખર્ચે બની રહ્યો છે, જેમાં રૂ.૩૧.૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બે લેનનો રત્નમાલા બ્રિજ શરૂ થવાથી અમરોલી અને કતારગામ વચ્ચેની કનેક્ટિવિટી વધુ ઝડપી બનશે અને જંક્શન પર થતા ટ્રાફિક જામની સમસ્યાનો અંત આવશે. ૧૨ લાખ જેટલા વાહનચાલકોનું આવાગમન સુગમ અને સરળ થશે અને તેમના સમય અને ઈંધણની બચત થશે.*

# ભાલ પ્રદેશનું સોનું : 'ભાલિયા ઘઉં'

નીરવ રાવલ

હિંદી ફિલ્મ ઉપકારનું દેશભક્તિ દર્શાવતું ગીત "મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હિરે મોતી... મરે દેશ કી ધરતી..." ભાલ પ્રદેશમાં લહેરાતા ઘઉના પાકને નિહાળતાં આ ગીત યાદ આવ્યા વિના ન રહે. અજોડ સ્વાદ અને સોનેરી રંગને લીધે GI ટેગ મેળવનારા ભાલ પ્રદેશમાં પાકતા ઘઉની વિશેષ જાત એટલે 'ભાલિયા ઘઉ'. અનોખી ખેતી પદ્ધતિ અને સ્વાદને કારણે આ ઘઉએ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં નામના મેળવી છે.

### જીઆઈ ટેગ: વૈશ્વિક ઓળખ

- **ક્યારે મળ્યો :** ભાલિયા ઘઉની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારની જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન રજિસ્ટ્રી દ્વારા જુલાઈ - ૨૦૧૧માં તેને 'જીઆઈ ટેગ' આપવામાં આવ્યો હતો.
- **નોંધણીકર્તા:** આ ટેગ મેળવવા માટેની મુખ્ય કામગીરી આણંદ કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત ઍગ્રો ઇન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી.

### 'બિન-પિયત' પાક

આ પાકને ઉગાડવા માટે વરસાદ પછી વધારાના કોઈ પિયતની જરૂર પડતી નથી. ચોમાસા દરમિયાન ભાલના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય છે. ઑક્ટોબર મહિનામાં જ્યારે પાણી સુકાય છે, ત્યારે જમીનમાં સંગ્રહાયેલા કુદરતી ભેજનો ઉપયોગ કરીને આ ઘઉ તૈયાર થાય છે.

નવેમ્બરમાં વાવણી થયા પછી, શિયાળાના ઝાકળ અને જમીનના ભેજથી જ તે પરિપક્વ બને છે.

### ભૌગોલિક વિસ્તાર :

આ ઘઉ મુખ્યત્વે ગુજરાતના ભાલ પ્રદેશમાં થાય છે. અમદાવાદના બાવળા, બરવાળા, ધંધુકા, ધોળકા, આણંદના ખંભાત, તારાપુર, ખેડામાં માતર, ભાવનગર, સુરેન્દ્રનગરના લીંબડી, ભરૂચના જંબુસર, વાગરા વિસ્તારમાં આ ઘઉની ખેતી થાય છે. આ જમીનમાં ક્ષાર અને ફળદ્રુપતાનું જે મિશ્રણ છે, તે આ ઘઉને ખાસ બનાવે છે.

### ભાલિયા ઘઉ કેમ ચડિયાતા :

- **પ્રોટીનથી ભરપૂર :** તેમાં પ્રોટીનનું પ્રમાણ ૧૨% થી ૧૪% જેટલું હોય છે, જે અન્ય જાતો કરતાં ઘણું વધારે છે.
- **કેરોટિન:** તેમાં કુદરતી કેરોટિનનું પ્રમાણ વધુ હોવાને કારણે તે સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. ઉચ્ચ કેરોટીન અને ઓછા પાણી શોષણને કારણે તેમાં મહત્તમ કુદરતી પીળા રંગદ્રવ્યો હોય છે.
- **સ્વાદ અને આકાર :** દાણા લાંબા, સખત અને સ્વાદમાં તે કુદરતી રીતે જ મીઠા લાગે છે.
- **ગ્લુટેન :** તેમાં ગ્લુટેનનું પ્રમાણ સારું હોવાથી તેની રોટલી અત્યંત નરમ બને છે.

### રસોઈમાં ઉપયોગ

- તેમાંથી બનતી રોટલી અને ભાખરી લાંબા સમય સુધી નરમ રહે છે.
- તેની કઠોરતાને કારણે તે સોજી (રવો), પાસ્તા, સેવૈયા અને મેક્રોની બનાવવા માટે વિશ્વભરમાં નિકાસ કરવામાં આવે છે.
- ગુજરાતની પ્રખ્યાત વાનગી 'લાપસી' માટે ભાલિયા ઘઉના ફાડા (દળિયા) સર્વોત્તમ મનાય છે.
- એક ઉત્તમ દેશી ઉત્પાદન - "થૂલી" અડધા પીસેલા ભાલિયા ઘઉમાંથી બનાવવામાં આવે છે, જે સુપાચ્ય હોવાથી બીમાર વ્યક્તિઓ માટે ઉત્તમ આહાર છે.
- મેક્રોની, વર્મીસેલી, નૂડલ્સ, પીઝા, પાસ્તા વગેરે જેવાં ઉત્પાદનો માટે તેને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે.'જાદરિયું' તરીકે ઓળખાતી ખૂબ જ સ્વાદિષ્ટ મીઠી વાનગી ઘી અને ખાંડ સાથે ભાલિયા ઘઉના લીલા શેકેલા દાણા એટલે કે પોંક લોટમાંથી તૈયાર કરવામાં આવે છે.

### આર્થિક મહત્ત્વ અને નિકાસ :

તાજેતરનાં વર્ષોમાં ભારત સરકારે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ભાલિયા ઘઉની નિકાસ પર ભાર મૂક્યો છે. ૨૦૨૧માં કેન્યા અને શ્રીલંકા જેવા દેશોમાં તેની પ્રથમ મોટી ખેપ મોકલવામાં આવી હતી. આનાથી સ્થાનિક ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજાર મળી રહ્યું છે.

### ઊપજ :

વરસાદ આધારિત ઘઉનું ઉત્પાદન પ્રતિ હેક્ટર લગભગ ૮ થી ૧૦ ક્વિન્ટલ છે. આ પ્રદેશના ખેડૂતને અન્ય ઘઉની જાતો કરતાં ૨૫ ટકા પ્રીમિયમ ભાવ અને બ્રેડ ઘઉની જાતો કરતાં ૪૦-૫૦ ટકા વધુ ભાવ મળે છે. ભાલિયા ઘઉ એ માત્ર એક પાક નથી, પણ ગુજરાતનો સાંસ્કૃતિક અને કૃષિ વારસો છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કુદરતી ભેજથી ઊગતા આ ઘઉ 'ઝીરો બજેટ નૅચરલ ફાર્મિંગ'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.



# બોટાદના 'બોટ્રોન'ને રાષ્ટ્રીય સન્માન

*ડૉ. સપના ભટ્ટી*



પરિણામલક્ષી આયોજન થકી સફળતા એ ગુજરાત સરકારની કાર્યપ્રણાલી રહી છે. અન્ય રાજ્યો માટે અનુકરણીય ગુજરાત મૉડલમાં રાજ્ય સરકાર સતત સુધારા, વધારા કરે છે. નવી ટૅક્નોલૉજીને આત્મસાત કરી તેનો કાર્યક્ષમ ઉપયોગ રાજ્ય સરકાર વિવિધ સ્તરે કરી રહી છે અને તે પ્રશંસા સાથે પુરસ્કાર પણ પામી રહી છે, જેનું તાજું ઉદાહરણ તાજેતરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસે જ જોવા મળ્યું હતું.

ભારતીય લોકશાહીના ઈતિહાસમાં જ્યારે પણ આધુનિક ટૅક્નોલૉજીના ઉપયોગની વાત થશે, ત્યારે બોટાદ જિલ્લાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થશે. ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં, મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂના હસ્તે બોટાદ જિલ્લાને 'Innovative Voter Awareness' શ્રેણીમાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. જિલ્લા કલેક્ટર ડૉ. જિન્સી રોયે આ ગૌરવશાળી સન્માન સ્વીકારી ગુજરાતનું નામ દેશભરમાં રોશન કર્યું છે.




આ રાષ્ટ્રીય સન્માન દ્વારા ભારતમાં ચૂંટણી પ્રક્રિયામાં રોબોટિક્સના પ્રથમ સુવ્યવસ્થિત અને સંરચિત ઉપયોગને માન્યતા આપવામાં આવી છે. આ પહેલનો વિચાર, આયોજન, અમલ તથા સતત દેખરેખ બોટાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી હતી.

**શું છે 'બોટ્રોન' (BOTRON)? :** જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બોટ્રોનનું ડિઝાઈનિંગ, પ્રોગ્રામિંગ અને ક્ષેત્રીય સ્તરે તેનું અમલીકરણ કરવામાં આવ્યું. ચૂંટણી પ્રક્રિયામાં રોબોટિક્સનો પ્રથમ વ્યવસ્થિત ઉપયોગ એટલે 'બોટ્રોન'. આ રોબોટનો ઉદેશ મતદારોને વધુ રસપ્રદ અને સચોટ રીતે શિક્ષિત કરવાનો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ માધ્યમોના સમન્વયથી સજ્જ આ રોબોટે જાહેર સ્થળોએ ચૂંટણી પંચના સંદેશાઓને જન-જન સુધી પહોંચાડ્યા હતા. બોટ્રોનની ક્ષેત્રસ્તરની કામગીરી તથા નાગરિક પ્રતિસાદની નિયમિત સમીક્ષા પણ કરવામાં આવતી હતી

**પરિવર્તનનો નવો પવન :** પરંપરાગત પ્રચાર પદ્ધતિઓથી એક ડગલું આગળ વધીને, બોટ્રોને ખાસ કરીને યુવા મતદારો અને નાગરિકોમાં ભારે આકર્ષણ જન્માવ્યું. મતદાર નોંધણીથી લઈને નૈતિક મતદાન સુધીની માહિતી રોબોટિક માધ્યમથી મળતાં જનભાગીદારીમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે.

**ફળશ્રુતિ :** બોટાદની આ સફળતાએ સાબિત કર્યું છે કે જો વહીવટી કુશળતા સાથે આધુનિક ટૅક્નોલૉજી ભળે, તો લોકશાહીના પાયા વધુ મજબૂત બની શકે છે. આજે બોટાદનું આ 'રોબોટિક મૉડલ' સમગ્ર દેશ માટે પ્રેરણાસ્રોત અને શ્રેષ્ઠ ઉદાહરણ બની ગયું છે.

## આવાસ યોજનાઓમાં દંડનીય વ્યાજ માફ

**નિર્ણય :** ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાના જે લાભાર્થીઓ ૬ મહિનામાં તેમની બાકી રહેલી મુદ્દલની સંપૂર્ણ રકમ ભરપાઈ કરે તેમને one time વ્યાજ માફીની યોજના અન્વયે ૨%ની દંડનીય વ્યાજ વસૂલાતમાંથી મુક્તિ આપવાનો નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે.

**લાભ :** મુખ્યમંત્રીશ્રીના નિર્ણયથી અંદાજે ૯૦૨૯ જેટલાં ગ્રામીણ કુટુંબોને લાભ થશે અને તેઓને કુલ ૧૫૪ કરોડ જેટલી દંડનીય માતબર રકમની રાહત મળશે. ગ્રામીણ વિસ્તારનાં આ કુટુંબોને તેમના નામે મકાન માલિકીના હક્ક મળતાં તેઓ સાચા અર્થમાં પોતીકા મકાનધારક બનશે.

## સેલ્ફ હેલ્પ ગ્રૂપને ટેક્સટાઇલ પૉલિસીનો લાભ

**નિર્ણય :** મહિલા સશક્તીકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઇલ પૉલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપ્યા છે. તે અનુસાર, નૅશનલ અર્બન લાઇવલી હુડ મિશનમાં નોંધાયેલાં કે અન્ય સ્વૈચ્છિક SHG જેમાં આજીવિકાના સમાન હેતુથી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ SHGને ટેક્સટાઇલ પૉલિસી અંતર્ગત લાભ મળી શકશે.

રાજ્યમાં મ્યુનિસિપલ એરિયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચિંગ, એમ્બ્રોઇડરી તથા અન્ય ઍક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટિંગ ટેક્સટાઇલ મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઇલ પૉલિસી-૨૦૨૪નો લાભ અપાશે.

**લાભ :**

- આ નિર્ણયથી શહેરી વિસ્તારમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે તથા કુશળ/અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે.
- MSMEને વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ મળશે.
- આંતરમાળખાકીય સુવિધાઓના અસરકારક ઉપયોગથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન મળશે.
- મહિલા કર્મચારીઓને સ્થાનિક સ્તરે રોજગારીની વધુ તક મળવાથી તેમની સામાજિક-આર્થિક સ્થિરતા વધશે તેમજ કાર્ય-જીવન સંતુલન જાળવવામાં ટેકો મળશે.
- પર્યાવરણ સુરક્ષા તથા સંતુલિત અને ટકાઉ ઔદ્યોગિક વિકાસના ઉદ્દેશો પાર પાડી શકાશે. દેશને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે ટેક્સટાઇલ સેક્ટર પૂરક બનશે.

## નગરપાલિકાઓને વિના મૂલ્યે સરકારી જમીન

**નિર્ણય :** રાજ્યના નગરો શહેરોમાં જાહેર જન હિતકારી પ્રોજેક્ટ્સ માટે રાજ્યની નગરપાલિકાઓને ૧૧ પ્રકારની વિવિધ પાયાની સુવિધાઓ માટે વિના મૂલ્યે સરકારી જમીન ફાળવવામાં આવશે.

**લાભ :** આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં વહીવટ વધુ પારદર્શક બનશે અને નાગરિકોને પાયાની સુવિધાઓ સમયસર મળી રહેશે. રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓએ વિકાસ કામો માટે અગાઉ સરકારી જમીન મેળવવા બજાર કિંમત અથવા જંત્રી દરના ૨૫ થી ૫૦ ટકા સુધીની જે રકમ ભરવી પડતી હતી તેમાંથી તેમને મુક્તિ મળશે. જમીનની ફાળવણીની પ્રક્રિયા પણ વધુ સરળ બનશે. નગરપાલિકાઓ પરનું આર્થિક ભારણ ઘટતાં નાગરિક સેવાલક્ષી વિકાસ કામોમાં વેગ આવશે.

રાજ્ય સરકારે નગર સેવા સદન, ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, વોટર સપ્લાય પ્રોજેક્ટ, સોલિડ, લીક્વીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ માટે, સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજની કામગીરી, આંગણવાડી, ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ, કન્વેન્શન સેન્ટર જેવી આવશ્યક નાગરિક સુવિધાઓ લોકોને સરળતાથી મળે તેવો સિટીઝન સેન્ટ્રીક અભિગમ અપનાવ્યો છે.

સંકલન : સમાચાર શાખા, ગાંધીનગર

**સુખાકારી :** છોટાઉદેપુરના ત્રણ તાલુકા માટે એક કરોડના ખર્ચે પાંચ એમ્બ્યુલન્સની જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ખરીદી કરવામાં આવી હતી. આ એમ્બ્યુલન્સ આદિજાતિ વિસ્તારો માટે ફાળવવામાં આવી છે. નસવાડી તાલુકાના દુગ્ધા અને ધારસીમેલ, કવાંટ તાલુકાના સેડીવાસણ અને મોટીકડાઈ અને પાવીજેતપુર તાલુકાના સાધલી આમ ત્રણ તાલુકાઓના ગામો માટે આ એમ્બ્યુલન્સ ખરીદવામાં આવી છે. આદિવાસી વિસ્તારની પરિસ્થિતિને ધ્યાને લઈને એમ્બ્યુલન્સ અંતરિયાળ વિસ્તારની સગર્ભા બહેનોને દવાખાને પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટેની તમામ સુવિધાઓથી સુસજ્જ છે.



# ઇશ્વરભાઇની પ્રાકૃતિક ખેતીની પ્રેરક યશગાથા

હેમલતા પારેખ

પ્રાકૃતિક ખેતીનાં સ્વાસ્થ્યવર્ધક પરિણામો એ ધરતીમાતાનો મનુષ્ય જાતિને મળેલો આશીર્વાદ છે. પ્રાકૃતિક ખેતીની મદદથી ધીરે-ધીરે કરતાં બિનફળદ્રુપ જમીન સમૃદ્ધ બની આવનારી પેઢીને ગુણવત્તાયુક્ત અનાજ- શાકભાજી પૂરાં પાડશે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના સતત પ્રયાસો અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રાકૃતિક ખેતીને વેગ આપવાના પ્રયત્નોને ભાગરૂપે બાગાયત કચેરી દ્વારા સ્વરોજગારલક્ષી નર્સરી વિકાસ કાર્યક્રમ યોજના તેમજ દેશી ગાયના નિભાવ માટે સહાય જેવી મદદથી ખેડૂતો સ્વાસ્થ્યવર્ધક ખેતી કરતા થયા છે. સંપૂર્ણ રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનાં શ્રેષ્ઠ પરિણામો જોવા મળી રહ્યાં છે.

રાજ્યપાલશ્રીએ ખેડા જિલ્લાના માતર તાલુકાના દેથલી ગામે બે દિવસના પ્રાકૃતિક કૃષિ અભિયાન પ્રવાસ દરમિયાન સ્થાનિક પ્રગતિશીલ પ્રાકૃતિક કૃષિકાર ઈશ્વરભાઈ સોલંકીના વાડીકુવા મૉડલ ફાર્મની મુલાકાત લીધી હતી. આ પરિવારે પ્રાકૃતિક ખેતી માટે ઘરમાં દેશી ગાય રાખી છે. પ્રાપ્ત તાલીમના ઉપયોગ દ્વારા તેઓ પ્રગતિશીલ પ્રાકૃતિક કૃષિકાર તરીકે જિલ્લામાં ખ્યાતિ મેળવી રહ્યા છે.

દેથલી ગામના વાડીકુવા ફળિયામાં આ પરિવાર તેમજ તેમના ભાઈઓનું સમગ્ર જીવન પ્રાકૃતિક ખેતી આધારિત બની









ગયું છે. તેમના ફળિયામાં જ વૃક્ષો, વેલા ઊછરેલાં જોવા મળે છે તેમજ ઘન જીવામૃત અને દસપર્ણ અર્ક બનાવવાનાં કામ થઈ રહ્યાં છે. તેમના ખેતરમાં પાંચ આયામોના ઉપયોગથી તૈયાર થયેલા પ્રાકૃતિક ખેતીનાં ફ્લાવર, કોબીજ, ટામેટી, શેરડી, સરગવો, પપૈયાં વગેરે જોઈને પ્રભાવિત થયા વિના રહેવું શક્ય નથી. જેનો લાભ સમગ્ર ગામ તેમજ આજુબાજુના ખેડૂતો પણ મેળવી રહ્યા છે.

કૃષિકાર ઈશ્વરભાઈ જણાવે છે કે, અમને 'આત્મા' પ્રોજક્ટ અંતર્ગત દેથલીમાં પ્રાકૃતિક કૃષિ કરવાનો વિચાર આવ્યો હતો. વિવિધ તાલીમો દરમિયાન અમને પ્રાકૃતિક કૃષિના ફાયદા અને એની અસરોની માહિતી મળતા અમારી સાત વીઘાની જમીનમાંથી અમે એક વીઘા જમીનમાં જંગલ પદ્ધતિથી મિશ્ર પાક પદ્ધતિ તૈયાર કરી. છેલ્લાં પાંચ વર્ષથી હું અને મારો પરિવાર તેમજ મારા ભાઈઓ પારિવારિક ખેતરમાં પકવેલાં શાકભાજી અને અનાજનો ઉપયોગ કરીએ છીએ. વધે એ અનાજ અને શાકભાજી ગામમાં જ વેચી દઈએ છીએ. અમારી શાકભાજીના ગ્રાહકો એવા ખેડૂતો પણ હવે આ જોઈને પોતાના ખેતરમાં અડધા વીઘા જેટલી જમીનમાં પ્રાકૃતિક શાકભાજીની ખેતી કરતા થયા છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિના આ અભિયાનને વેગવંતું બનાવી સાર્થક કરવામાં એક ખેડુ તરીકે ઈશ્વરભાઈ સોલંકી અને તેમનો પરિવાર પ્રેરક ઉદાહરણ બની અન્યોને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે.



# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પાં | તં | ત્રો | ભા | પ્ર | વો | મું | ફૃ | ર |
| ચ | બા | વ | ન | જા | ત | ડ | પ | વી |
| જા | ન | ગા | ર | સ | ઝં | ક | બી | ન્દ્ર |
| પાં | ષ્ટ્ર | ક્તિ | રા | ત્તા | ડા | લા | બં | ના |
| રા | આ | વિ | સૌ | ક | મો | હો | ગ | થ |
| ની | નં | કા | શૌ | બં | ધા | ર | ણ | ટા |
| પ્ર | દ | સ | તી | ર્ય | ભા | ત્ર | તં | ગો |
| ક | મ | ળ | મ | ળ | ર | ચૈ | ત્ર | ર |
| આ | ઠ | સૌ | થી | ની | ત | લા | ણી | શિ |

૧. ૨૬મી જાન્યુઆરીને .............. અને ............ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

૨. પાવો ક્રિસ્ટેટસ લેટિન નામ ધરાવતું ભારતનું રાષ્ટ્રીય પક્ષી કયું છે?

૩. રાષ્ટ્રગીત : બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, રાષ્ટ્રગાન : ..........,

૪. 'સત્યમેવ જયતે' સૂત્ર કયા ઉપનિષદમાંથી લેવામાં આવ્યું છે?

૫. કયા અધિવેશનમાં તિરંગાને રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો?

૬. રાષ્ટ્રીય ધ્વજમાં કેસરી રંગ શાનું પ્રતીક છે.?

૭. સમગ્ર રાષ્ટ્રગાનમાં ................. પદ છે અને તે .............. સેકન્ડમાં ગવાઈ જવું જોઈએ.

૮. સ્વતંત્રતા પછી બંધારણસભા દ્વારા નીમવામાં આવેલી કઈ સમિતિના અધ્યક્ષ જે.બી.કૃપલાણી હતા?

૯. કોઈ પણ દેશના મૂળભૂત કાયદાકીય દસ્તાવેજને શું કહેવામાં આવે છે?

૧૦. 'વંદેમાતરમ્' ગીત કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

૧૧. ૭૬મા ગણતંત્ર દિવસે દિલ્હીના કર્તવ્ય પથ પર આકર્ષણ જમાવનાર ગુજરાતના ટેબ્લોની થીમ 'સ્વર્ણિમ ભારત : ....................... અને ...................' હતી.

૧૨. વિશ્વનું સૌથી લાંબું લેખિત બંધારણ કયા દેશનું છે?

૧. પ્રજાસત્તાક, ગણતંત્ર, ૨. મોર, ૩. રવીન્દ્રનાથ ટાગોર, ૪. મુંડક, ૫. લાહોર, ૬. શૌર્ય, ૭. પાંચ, બાવન, ૮. ઝંડા, ૯. બંધારણ, ૧૦. આનંદમઠ, ૧૧. વિરાસત, વિકાસ, ૧૨. ભારત



# આધુનિક જીવનશૈલીમાં વધતો વિરુદ્ધ આહારનો ખતરો

**ડૉ. શીતલ ભાગીયા**

આયુર્વેદમાં 'વિરુદ્ધ આહાર'નો ખ્યાલ ખૂબ જ ગહન છે. જ્યારે બે કે તેથી વધુ ખોરાક એવા હોય કે જેમના ગુણધર્મો એકબીજાથી તદ્દન અલગ હોય, ત્યારે તેમનું મિશ્રણ શરીરમાં ઝેર (ટોક્સિન્સ) જેવું કામ કરે છે. તેને આયુર્વેદમાં 'અમિત્ર' અથવા 'વિષ સમાન' ગણવામાં આવે છે. ચરક સંહિતા મુજબ વિરુદ્ધ આહાર અનેક પ્રકારના હોય છે, જે શરીરમાં દીર્ઘકાળે ગંભીર રોગો ઉત્પન્ન કરી શકે છે. આયુર્વેદમાં મુખ્યત્વે ૧૮ પ્રકારના વિરુદ્ધ આહાર વર્ણવાયા છે. હેલ્થ ટિપ્સ અંતર્ગત વિરુદ્ધ આહારથી થતી હાનિઓ તથા વિરુદ્ધ આહારથી બચવાના ઉપાયો વિશે જાણીએ.

**વિરુદ્ધ આહારથી થતી હાનિઓ :**

વિરુદ્ધ આહારના નિયમિત સેવનથી શરીરમાં ધીમે ધીમે આમ-દોષ એકત્રિત થાય છે, જે વિવિધ રોગોને જન્મ આપે છે, જેમકે અગ્નિ મંદતા, ચામડીના રોગ, અજીર્ણ, આમવાત, સ્થૂળતા અથવા અતિક્ષીણતા, હોર્મોનનું અસંતુલન, પ્રજનન સમસ્યાઓ વગેરે. આચાર્ય ચરક મુજબ, વિરુદ્ધ આહાર શરીરની રોગપ્રતિકારક શક્તિને પણ નબળી પાડે છે.

**વિરુદ્ધ આહારથી બચવાના ઉપાયો :**

- પ્રકૃતિ અનુસાર આહાર પસંદ કરવો
- ઋતુચર્યાનું પાલન કરવું
- તાજું, સુપાચ્ય અને સાદુ ભોજન લેવું
- અયોગ્ય સંયોજન ટાળવું (દૂધ + મીઠું, ફળ + દહીં)
- ભૂખ મુજબ ભોજન કરવું
- રાત્રે હળવું ભોજન લેવું

હિતાહાર સેવનથી આરોગ્ય અને વિરુદ્ધ આહાર સેવનથી રોગ – આ આયુર્વેદનું શાશ્વત સત્ય છે. આધુનિક જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડ, ખોટાં સંયોજન અને સમયવિરુદ્ધ ભોજનના કારણે વિરુદ્ધ આહારનું સેવન વધી રહ્યું છે આયુર્વેદ મુજબ, રોગોની સારવાર કરતાં નિવારણ શ્રેષ્ઠ છે તેથી વિરુદ્ધ આહારને ઓળખીને તેનો ત્યાગ કરવો એ આરોગ્યનું મુખ્ય સૂત્ર છે.

આવતા અંકમાં વિરુદ્ધ આહારના પ્રકારો વિશે વિસ્તૃત વિગતો જાણીશું.

***આયુર્વેદ મુજબ, જે વ્યક્તિ કસરત કરે છે અને જેની પાચન શક્તિ (જઠરાગ્નિ) ખૂબ પ્રબળ છે, તેને વિરુદ્ધ આહારની અસર ઓછી થાય છે. તેમ છતાં સાવચેતી રાખવી ઉત્તમ છે.***

# વેબ 3.0 (Web 3.0): ઇન્ટરનેટની દુનિયામાં સામાન્ય માણસની માલિકીનો ઉદય

જીગર ખૂંટ

પ્રવર્તમાન સમયમાં આપણે ઊઠીએ ત્યારથી સૂઈએ ત્યાં સુધી ઇન્ટરનેટ સાથે સતત જોડાયેલા રહીએ છીએ. સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકવી હોય, ઓનલાઇન પેમેન્ટ કરવું હોય કે મનગમતી ફિલ્મો જોવી હોય—આપણું જીવન ડિજિટલ બની ગયું છે. પરંતુ, શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ ઇન્ટરનેટ પર ખરેખર કોનું રાજ છે? અત્યારે આપણે જે ઇન્ટરનેટ વાપરીએ છીએ તેના પર ગણીગાંઠ્યી મોટી ટેક્નોલૉજીની કંપનીઓનું પ્રભુત્વ છે પરંતુ હવે એક નવો યુગ દરવાજે ટકોરા મારી રહ્યો છે, જેને વિશ્વ 'વેબ ૩.૦' (Web 3.0) તરીકે ઓળખે છે. આ માત્ર ટેક્નોલૉજીમાં પરિવર્તન જ નથી પણ ઇન્ટરનેટની સત્તા સામાન્ય માણસના હાથમાં સોંપવાની એક ક્રાંતિ છે.

**ઇન્ટરનેટની ઉત્ક્રાંતિ:** ૧.૦થી ૩.૦ સુધીની સફરને સમજવા માટે આપણે ઇન્ટરનેટના ભૂત, ભવિષ્ય અને વર્તમાનના તબક્કાઓને સમજવા જરૂરી છે. (1) વેબ ૧.૦ (૧૯૯૦થી ૨૦૦૪)-'માત્ર વાંચો' (Read-Only): આ ઇન્ટરનેટનો શરૂઆતનો તબક્કો હતો. તે એક ડિજિટલ પુસ્તકાલય જેવું હતું. તમે વેબસાઇટ પર જઈને માહિતી વાંચી શકતા, પણ તેમાં કોઈ સુધારો કે પોતાની પ્રતિક્રિયા આપી શકતા નહોતા. (2) વેબ ૨.૦ (૨૦૦૪થી અત્યાર સુધી)-'વાંચો અને લખો' : આ સોશિયલ મીડિયાનો યુગ છે. ફેસબુક, યૂટ્યૂબ અને ઇન્સ્ટાગ્રામ જેવાં પ્લૅટફૉર્મ્સ આવ્યાં છે. હવે આપણે માત્ર માહિતી મેળવતા નથી, પણ પોતાની માહિતી (ફોટા, વીડિયો) અપલોડ પણ કરીએ છીએ. પરંતુ અહીં એક મોટી સમસ્યા છે કે આપણી તમામ માહિતી(ડેટા) આ મોટી કંપનીઓના સર્વરમાં સંગ્રહિત થાય છે. તેઓ આપણી માહિતી વેચીને કરોડો રૂપિયાની કમાણી કરે છે અને આપણે માત્ર 'યૂઝર' બનવા સુધી સીમિત છીએ. (3) વેબ ૩.૦ (ભવિષ્ય)-'વાંચો-લખો-માલિક બનો' (Read-Write-Own): વેબ ૩.૦માં કોઈ એક કંપની માલિક નહીં હોય. આ ઇન્ટરનેટ બ્લોકચેઇન ટેક્નોલૉજી પર ચાલશે, જ્યાં ડેટા વિકેન્દ્રિત હશે. એટલે કે, તમારી માહિતીના માલિક તમે પોતે હશો.




**વેબ 3.0ના મુખ્ય સ્તંભો : વેબ 3.0 કેવી રીતે કામ કરશે? તેનાં મુખ્ય ત્રણ પાસાઓ છે:**

**૧. વિકેન્દ્રીકરણ (Decentralization) -** અત્યારે આપણો ડેટા ગૂગલ કે ફેસબુક જેવી કંપનીઓના સેન્ટ્રલ સર્વરમાં હોય છે. વેબ ૩.૦માં ડેટા કોઈ એક જગ્યાએ નહીં, પણ હજારો કમ્પ્યૂટર્સમાં વહેંચાયેલો રહેશે. આનો અર્થ એ કે કોઈ એક કંપની તમારી પ્રોફાઇલ ડિલીટ કરી શકશે નહીં કે તમારી મંજૂરી વગર તમારી માહિતીનો ઉપયોગ કરી શકશે નહીં.

**૨. બ્લોકચેઇન અને પારદર્શિતા -** બ્લોકચેઇન એ એક એવી ડિજિટલ ડાયરી છે જેમાં નોંધાયેલી માહિતી બદલવી અશક્ય છે. વેબ ૩.૦માં દરેક વ્યવહાર અને ડેટા આ અદ્યતન ટેક્નોલૉજી અંતર્ગત સુરક્ષિત હશે, જેનાથી છેતરપિંડી થવાની શક્યતાઓ નહિવત્ થઈ જશે.

**3. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) -** વેબ ૩.૦ એટલું સ્માર્ટ હશે કે તે મનુષ્યની જેમ માહિતીને સમજી શકશે. તે આપણા સર્ચ રિઝલ્ટને માત્ર કીવર્ડ્સના આધારે નહીં, પણ આપણા સંદર્ભના આધારે વધુ સચોટ બનાવવા સક્ષમ હશે.

● **મુખ્ય ફાયદાઓ :** ● ડેટાની સુરક્ષા અને પ્રાઈવસી ● વચેટિયાઓની બાદબાકી ● ડિજિટલ એસેટ્સની માલિકી, ગેમિંગ હોય કે સોશિયલ મીડિયા, તમે જે કંઈ પણ ઓનલાઇન ખરીદશો તેના કાયદેસરના માલિક તમે હશો. તેને 'ટોકન' સ્વરૂપે ગમે ત્યાં વાપરી શકાશે.

ભારત આજે ડિજિટલ ક્રાંતિમાં અગ્રેસર છે. 'ડિજિટલ ઇન્ડિયા' અભિયાન હેઠળ આપણે યુપીઆઇ (UPI) જેવી સિસ્ટિમ બનાવી છે. વેબ ૩.૦ ભારતના યુવા સ્ટાર્ટઅપ્સ માટે મોટી તક છે. બ્લોકચેઇન આધારિત ગવર્નન્સ, જમીનના રેકૉર્ડ્સની સુરક્ષા અને પારદર્શક સરકારી સેવાઓ માટે ગુજરાત અને ભારત સરકાર આ ક્ષેત્રમાં ગંભીરતાથી વિચારી રહી છે.

વેબ ૩.૦ એ માત્ર એક ટેક્નીકલ શબ્દ નથી, પણ એક એવી વ્યવસ્થા છે જ્યાં ઇન્ટરનેટ વધુ લોકશાહી ઢબે કાર્ય કરશે.



## ચકલીઓનું ચીંચીં અને પ્રકૃતિ પ્રેમનું સરનામું

# કુસુમબહેનનું નેચરપાર્ક

**ડૉ. દિવ્યા ત્રિવેદી**

ગાંધીનગરના સેક્ટર-૭માં પક્ષીઓના કલરવ, અનેક ઝાડ, વેલ સહિતથી ઘેરાયેલું ઉપવન જેવું ઘર એ ૨૦ વર્ષથી ઇન્દ્રોડા પાર્કમાં પ્રકૃતિ પ્રશિક્ષક તરીકે કાર્ય કરતાં સરકારી કર્મચારી કુસુમબહેન સુથારનું છે. કુસુમબહેનનો લુપ્ત થતી ચકલીઓને બચાવવાનું ધ્યેય, આજે ભવિષ્યની પેઢીને પ્રકૃતિના સંરક્ષણ માટે પ્રેરવાની ઝુંબેશ બની ચૂક્યું છે.

તેઓ જણાવે છે કે, તેઓને ગાંધીનગર આવ્યા બાદ ચકલીઓ લુપ્ત થતી હોવાનું ધ્યાનમાં આવતા, એક નાની ચકલી પ્રત્યે લાગણી જાગી અને તેને બચાવવાની પ્રેરણા મળી. આસપાસનાં બાળકોના સહયોગથી મંદિરના ગરબા ઉપયોગમાં લઈ ખાસ સી-આકારના માળા બનાવ્યા. બિલાડી સહિત હિંસક પ્રાણીઓથી રક્ષણ મળે તે વિચાર સાથે પડોશીના શેડ પાસે પહેલો માળો લગાવી ચકલીઓના સંરક્ષણની શરૂઆત કરી. માળામાં ચકલી વસતી અને તેનો પરિવાર વધતો જોઈ અપાર આનંદ અનુભવ્યો. ત્યારપછી માટીના માળા બનાવી ચકલીઓના સંરક્ષણ માટે વિતરણ કાર્ય શરૂ કર્યું. શરૂઆતમાં ૫-૫૦ માળાથી શરૂ થયેલી આ યાત્રા આજે દર વર્ષે ૧૦૦૦થી ૨૦૦૦ સંપૂર્ણ માટીના માળાઓના વિતરણ સુધી વિસ્તરી છે. રજાઓમાં કુસુમબહેન શાળાઓમાં જઈ બાળકોને ચકલીની વાર્તાઓ દ્વારા પ્રકૃતિ સંરક્ષણનો સંદેશ આપે છે. બાળકોમાં ચકલીના સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવી માળાઓનું વિતરણ કરીને તેમને પ્રેરિત કરે છે.

પક્ષી પ્રેમી કુસુમબહેન પોતાના ઘરે અનેક પ્રકારના ઔષધીય છોડથી લઈ મોટાં ઝાડ વાવી પક્ષીઓ માટે નાનો નેચરપાર્ક તૈયાર કર્યો છે. આજે આ નેચરપાર્ક ચકલી, પોપટ વગેરે સહિત દુર્લભ એવા ઘુવડ પક્ષીઓનું પણ આવાસ બન્યું છે. પર્યાવરણને કોઈ પણ પ્રકારે નુકસાન ન થાય એ માટે હંમેશાં પ્રયત્નશીલ રહેતા અને પ્રધાનમંત્રીશ્રીની પ્લાસ્ટિકમુક્ત તથા ફિટ ઇન્ડિયા મૂવમેન્ટને સહયોગ આપતાં કુસુમબહેન વાહન તરીકે પણ માત્ર સાઇકલનો જ ઉપયોગ કરે છે. તેઓ રોજબરોજના જીવનમાં પણ માટીનાં પાત્રો અને વસ્તુઓનો ઉપયોગ કરે છે, આ સાથે જ બાળકોને પણ પ્લાસ્ટિક ન વાપરવા માટે સમજાવે છે. હાલમાં તેમણે નર્મદા નદીના કિનારા આસપાસ માળાઓ બાંધી ચકલી અને અન્ય પક્ષીઓના સંરક્ષણ માટેના પ્રયાસો હાથ ધર્યા છે.

પર્યાવરણના સંરક્ષણ અંગે તેમણે કહ્યું હતું કે, આપણે પ્રકૃતિને બચાવીશું તો જ પ્રકૃતિ આપણને બચાવશે. આજે કમોસમી વરસાદ અને વાતાવરણમાં થતા ફેરફારોથી અનુભવાય છે કે, માણસે સૌથી વધુ પ્રકૃતિને નુકસાન કર્યું છે. આપણાં પ્રાકૃતિક સ્થળો, ધાર્મિક સ્થળોએ પણ આપણે ગંદકી ફેલાવી ધરતીને ગંદી કરી રહ્યા છીએ, ત્યારે આ તમામ પ્રવૃત્તિઓથી આપણે બચીએ અને પ્રકૃતિનું સંવર્ધન કરીએ તો જ ભવિષ્યની પેઢીનું જીવન ઉજ્જ્વળ બનશે." કુસુમબહેનના નિ:સ્વાર્થ સેવાભાવ સાથે તેમનો પ્રકૃતિ અને ઘરઆંગણે ચીં ચીં કરતી ચકલી પ્રત્યેનો પ્રેમ અન્યને પણ પ્રકૃતિ પ્રત્યે સંવેદના જગાવે તેવો છે.



# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. વડાપ્રધાનશ્રીએ 'મન કી બાત'ના એપિસોડમાં બેચરાજીના ........ ગામની community kitchen પરંપરાની પ્રશંસા કરી હતી.
(A) અજબપુરા (B) ગજબપુરા (C) સુખડકી (D) ચંદનકી

૨. 'મન કી બાત'ના એપિસોડમાં ભારત વિશ્વની ........ સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકૉ સિસ્ટમ બની છે તેવો ઉલ્લેખ કર્યો હતો.
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી

૩. વડાપ્રધાનશ્રીએ 'મન કી બાત'ના એપિસોડમાં નીચેનામાંથી કયા રાજ્યના જળાશય સંરક્ષણ પ્રોજેક્ટ અનંત નીરુ સંરક્ષણમ્ વિશે દેશને જણાવ્યું હતું?
(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) છત્તીસગઢ (D) કેરલા

૪. ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નીચેનામાંથી કયા જિલ્લામાં થઇ હતી?
(A) વાવ-થરાદ (B) તાપી (C) પાટણ (D) કચ્છ

૫. ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ગુજરાત રાજ્યના ટેબ્લોના અગ્રભાગે નીચેનામાંથી કયા સ્વાતંત્ર્ય સેનાનીની પ્રતિકૃતિ દર્શાવવામાં આવી હતી?
(A) મહાત્મા ગાંધીજી (B) શ્યામજી કૃષ્ણવર્મા
(C) મેડમ ભિખાઈજી કામા (D) સરદારસિંહ રાણા

૬. ભારતની બંધારણ સભાએ ત્રિરંગાને રાષ્ટ્રધ્વજ તરીકેની માન્યતા નીચેનામાંથી કયા દિવસે આપી હતી?
(A) ૧૩ એપ્રિલ, ૧૯૪૭ (B) ૨૨ જુલાઇ, ૧૯૪૭
(C) ૨૧ ડિસેમ્બર, ૧૯૪૭ (D) ૨૪ જાન્યુઆરી, ૧૯૪૭

૭. ૭૭મા પ્રજાસત્તાક પર્વની પરેડમાં સીઆરપીએફની પુરુષ ટીમનું નેતૃત્વ કરનાર ૨૬ વર્ષીય સહાયક કમાન્ડન્ટનું નામ શું હતું?
(A) રૂચિ મલ્હોત્રા (B) અંજલિ ખન્ના
(C) સીમરન બાલા (D) અંજુ મહેરા

૮. ગુજરાતના કયા પોર્ટ ખાતે ૧ મેગાવોટ ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ કાર્યાન્વિત થયો છે?
(A) સલાયા (B) વેરાવળ (C) મુન્દ્રા (D) કંડલા

૯. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નીચેનામાંથી કયા જિલ્લાના પ્રથમ ખાનગી એફએમ રેડિયો સ્ટેશનનો શુભારંભ કરાવ્યો હતો?
(A) સુરેન્દ્રનગર (B) જામનગર (C) કચ્છ (D) ભાવનગર

૧૦. કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે નીચેનામાંથી કયા જિલ્લા ખાતે દેશની પ્રથમ બી.એસ.એલ.-૪ લૅબનો શિલાન્યાસ કર્યો હતો?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) બનાસકાંઠા (D) મહેસાણા

૧૧. કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત કન્યાઓના લગ્ન પ્રસંગે ખર્ચમાં મદદરૂપ થવા માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે?
(A) રૂ. ૧૨૦૦૦/- (B) રૂ. ૧૦૦૦૦/-
(C) રૂ. ૮૦૦૦/- (D) રૂ. ૧૧૦૦૦/-

૧૨. રાજ્ય સરકારે નગરપાલિકાઓને કેટલા પ્રકારની પાયાની સુવિધાઓ માટે વિના મૂલ્યે સરકારી જમીન ફાળવવાની જાહેરાત કરી?
(A) ૧૧ (B) ૧૦ (C) ૯ (D) ૮

૧૩. નીચેનામાંથી કયા જિલ્લાને ઇનોવેટીવ વોટર અવેરનેસ શ્રેણી અંતર્ગત રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર પ્રાપ્ત થયો?
(A) ભાવનગર (B) બોટાદ (C) સુરત (D) પાટણ

૧૪. નીચેનામાંથી કયા મહાનુભાવે ૧૯૧૬માં એક થીસિસમાં જણાવેલું કે દેશમાં ચલણી નાણું અમુક સમયે બદલવું જોઇએ?
(A) જગદીશ ભગવતી (B) પી.સી. મહાલનોબિસ
(C) દાદાભાઇ નવરોજી (D) ડૉ. બાબાસાહેબ આંબેડકર

૧૫. ભારતની બંધારણ સભા દ્વારા બંધારણ ઘડવા માટે .... મોટી સમિતિઓ અને .... નાની સમિતિઓની રચના કરવામાં આવી હતી.
(A) ૮, ૧૪ (B) ૧૪, ૮ (C) ૧૦, ૧૮ (D) ૪, ૮

૧૬. સંવિધાનની મૂળ પ્રતમાં નીચેનામાંથી કોના દ્વારા સુંદર ચિત્રો તૈયાર કરવામાં આવ્યા હતાં?
(A) નંદલાલ બોઝ (B) તૈયબજી મહેતા
(C) વી.એસ.ગાયતોંડે (D) સુનયના દેવી

૧૭. આપણું બંધારણ આપણા રાષ્ટ્ર માટે મહાન ચાર્ટર ઓફ ફ્રિડમ છે, જે આપણને લાંબા સંઘર્ષ અને યાતનાઓ પછી મળ્યું છે – આ વાક્ય બંધારણ સભામાં નીચેનામાંથી કોણે કહ્યું હતું?
(A) ધરણીધર બાસુ (B) બિશ્વનાથ દાસ
(C) શ્રીમતી કમલા ચૌધરી (D) રામપ્રસાદ ગુપ્તા

૧૮. .......... ના દાવોસ ખાતે મળેલ વર્લ્ડ ઇકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભાગ લઇ ૫૮ થી વધુ મહત્ત્વપૂર્ણ બેઠકો યોજી હતી.
(A) નેધરલેન્ડ (B) બલ્ગેરિયા (C) ફ્રાન્સ (D) સ્વિટ્ઝર્લેન્ડ

૧૯) ગુજરાતના ખેલાડીઓને આગામી ઓલિમ્પિક્સ માટે સજ્જ કરવામાં નીચેનામાંથી કયો દેશ સહકાર આપશે?
(A) બ્રાઝીલ (B) ઇટલી (C) ઓસ્ટ્રેલિયા (D) જાપાન

૨૦) વડાપ્રધાનશ્રીએ નીચેનામાંથી કયા દેશના રાષ્ટ્રપ્રમુખને કાષ્ઠ કોતરણીવાળા હિંચકાની ભેટ આપી હતી?
(A) સોમાલિયા (B) યુ.એ.ઇ.
(C) ઓમાન (D) કુવૈત

જવાબ: 1 (D), 2 (C), 3 (A), 4 (A), 5 (C), 6 (B), 7 (C), 8 (D), 9 (C), 10 (B), 11 (A), 12 (A), 13 (B), 14 (D), 15 (A), 16 (A), 17 (D), 18 (D), 19 (C), 20 (B)

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*



# ડિજિટલ આરોગ્ય સાથી આયુષ્માન ઍપ

**હર્ષદ રૂપાપરા**

આપણે ત્યાં કહેવત છે 'પહેલું સુખ તે જાતે નર્યા'. આરોગ્ય - તંદુરસ્તીને સાચી સંપત્તિ અને સુખ માનવામાં આવે છે. આ માટે ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગથી લઈને આયુષ્માન સુધીની સુવિધા દેશવાસીઓને સુલભ બનાવી છે. છતા પણ કોઈ બિમાર પડે તો તેવા સમયે પરિવારોની પડખે ઉભા રહેવા માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) - આયુષ્માન ભારત અંતર્ગત રૂ.૫ લાખ સુધીની સારવાર કેશલેશ સારવાર આપવામાં આવે છે. ગુજરાત સરકાર રાજ્યના નાગરિકોને PMJAY - MA યોજના અંતર્ગત રૂ. ૧૦ લાખની કેશલેશ સારવાર આપી રહી છે. નાગરિકોને સારવાર માટેની તમામ જરૂરી માહિતી ડિજિટલ સ્વરૂપે સરળ રીતે આયુષ્માન ઍપ દ્વારા મેળવી શકે છે.

### એપનો ઉપયોગ કઈ રીત કરશો?

- સૌ પ્રથમ ગૂગલ પ્લે સ્ટોર પરથી 'Ayushman App' ડાઉનલોડ કરો.
- ઍપ ખોલીને 'Login' બટન પર ક્લિક કરો.ત્યાં બે ઓપ્શન દેખાશે. Beneficiary અને Operator. તમારે 'Beneficiary' પસંદ કરવું.
- તમારો ૧૦ આંકડાનો મોબાઈલ નંબર નાખો અને 'Verify' પર ક્લિક કરો.
- તમારા મોબાઈલ પર એક OTP આવશે, તે નાખો અને નીચે આપેલો કેપ્ચા કોડ (Captcha) ભરીને લોગિન કરો. ત્યાર બાદ ઍપના વિવિધ ફિચરનો ઉપયોગ કરી શકો છો.

### શું હું પાત્રતા ધરાવું છું?

આ ફીચર દ્વારા તમે તમારું નામ લિસ્ટમાં છે કે નહીં તે તપાસી શકો છો. જેમાં State:માં તમારું રાજ્ય (દા.ત. Gujarat) પસંદ કરો., સિલેક્ટ આઈ.ડી.માં આધાર નંબર, રાશન કાર્ડ, ABHA ID, PMJAY ID પરથી સર્ચ કરી શકાશે.

### e-KYC કરી શકાશે

- e-KYC કરવા માટે રાજ્ય અને આધાર નંબર એન્ટર કરીને પાત્રતા તપાસો.
- ત્યારબાદ ઓથેન્ટિકેશન માટે વિકલ્પો મળશે: Aadhaar OTP, Fingerprint, અથવા Face Auth.
- જો આધાર સાથે મોબાઈલ લિંક હોય તો Aadhaar OTP સૌથી સરળ છે.
- જો લિંક ન હોય તો Face Auth (ચહેરો સ્કેન કરીને) કરી શકાય છે.
- OTP નાખ્યા પછી તમારી આધારની વિગતો અને ફોટો દેખાશે.
- તમારે તમારો એક લાઈવ ફોટો (સેલ્ફી) પાડીને અપલોડ કરવાનો રહેશે.
- તમારી વધારાની વિગતો જેમકે મોબાઈલ નંબર, સંબંધ, પિનકોડ વગેરે ભરો અને Submit કરો.


**ઈ-કાર્ડ :** તમારું રાજ્ય, PMJAY ID અને આધાર નંબર એન્ટર કરવાથી કાર્ડ ડાઉનલોડ થશે.

**વોલેટ બૅલેન્સ :** તમારી સારવાર માટે કેટલી રકમ ઉપલબ્ધ છે તેની માહિતી અહીં મળે છે.

**હૉસ્પિટલ શોધો :** તમારી નજીકની કઈ હૉસ્પિટલમાં કઈ સ્પેશ્યાલિટીમાં આયુષ્માન કાર્ડ ચાલે છે તેની યાદી અહીંથી જોઈ શકાય છે. 'Find Hospitals' પર ક્લિક કરી તમારા શહેર અથવા જિલ્લાનું નામ નાખો જેથી સરકારી અને ખાનગી માન્ય હૉસ્પિટલોની લિસ્ટ મળી રહેશે.

**સારવાર હિસ્ટ્રી :** આ યોજના હેઠળ કઈ હૉસ્પિટલમાં અને કેટલી રકમની સારવાર લીધી છે તેની વિગત અહીં મળશે.

**ફરિયાદ નોંધાવા માટે :** જો તમને કોઈ મુશ્કેલી હોય અથવા સારવારમાં સમસ્યા આવી હોય, તો અહીં ફરિયાદ નોંધાવી શકાય છે. (ટોલ ફ્રી. નં. ૧૪૫૫૫)




# અસ્ત પામેલી સંસ્કૃતિ અને વિસ્મૃત થતી સામાજિકતાની કથા : આંગળિયાત

*વિરાગ સુતરિયા*

આપણી ભાષાના પ્રતિષ્ઠિત સર્જક, વાર્તા, નવલકથા, ચરિત્રનિબંધ વગેરે ક્ષેત્રે અવિસ્મરણીય કૃતિઓ આપનાર જૉસેફ મેકવાન કર્મશીલ તરીકે પણ એટલા જ જાણીતા હતા. એમની પ્રથમ વાર્તા 'ગેંગડીનાં ફૂલ' ૧૯૫૦માં સવિતા સામાયિકમાં પ્રસિદ્ધ થઈ હતી. પ્રથમ વાર્તા લેખન બાદ છેક પાંત્રીસ વર્ષે (૧૯૮૫માં) એમનો રેખાચિત્રોનો પ્રથમ સંગ્રહ 'વ્યથાનાં વીતક' પ્રગટ થાય છે અને ચરિત્ર લેખન ક્ષેત્રે હલચલ મચી જાય છે. આ સંગ્રહ ગુજરાતી ભાષાના 'ચરિત્ર લેખન' ક્ષેત્રે આજે પણ માઈલસ્ટોન છે. એના એક જ વર્ષબાદ જૉસેફ મેકવાનની પ્રથમ નવલકથા પ્રકાશિત થાય છે - 'આંગળિયાત'. આ કૃતિ સઘળા અર્થોમાં 'પ્રકાશિત' થાય છે અને લેખકની પ્રથમ નવલકથા જ સાહિત્ય અકાદમી, દિલ્હીનું શ્રેષ્ઠ નવલકથાનું પારિતોષિક જીતે છે.

'આંગળિયાત' પહેલાં ગ્રામ્યજીવનની કથાઓ અલગ હતી. ઝવેરચંદ મેઘાણીની કથાઓમાં ગ્રામ્યજીવન તો હતું જ સાથોસાથ એમાં કલ્પના, સાહસ અને ઊર્મિઓ પણ હતાં. ર.વ. દેસાઈની ગ્રામ્યકથાઓમાં આદર્શવાદ અને સુધારાવાદી દૃષ્ટિકોણ પ્રમુખ હતો. ત્યારબાદ ૧૯૪૭માં પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' ગ્રામ્યજીવન-ખેડૂત અને એનાં દુ:ખ, સુખ, રીતિ- રિવાજો તેમજ જીવનને સાચા અર્થમાં રજૂ કરે છે. આ બધી કૃતિઓમાં ગ્રામ્ય જીવન તો પ્રતિબિંબિત થાય છે પરંતુ તેમાં સમાજનો કચડાયેલો - છેવાડાનો અસ્પૃશ્ય ગણાતો વર્ગ તો હાંસિયામાં જ હતો. આ અસ્પૃશ્ય ગણાતા વર્ગનાં જ મુખ્યપાત્રો લઈને એમના જ જીવનની કથા પ્રથમવાર કદાચ જૉસેફ મેકવાને 'આંગળિયાત' રૂપે આલેખી છે.

ચરોતરના ગ્રામ્યપ્રદેશની આ કથા અસ્પૃશ્ય ગણાતી 'વણકર' જ્ઞાતિનાં પાત્રો ટીહો, વાલજી, વાલજીની વહુ કંકુ, ટીહાના મનમાં વસેલી મેઠી, વાલજીનો કાકાનો દીકરો દાનજી, વાલજીનો દીકરો જગો, મેઠીનો બાપ ખાંનો, મેઠીનો ભાઈ મોતી, મોતીની વહુ ઉજમ, મેઠીનો વર ચોથિયો, મેઠી અને ચોથિયાનો દીકરો ગોકળ અને મેઘજી પટેલ, એનો દીકરો નાનિયો, ધૂળસંગ ઠાકોર, ડેલાવાળા રણછોડ શેઠ વગેરે પાત્રોની સાથે રત્નાપરના વણકરવાસમાં રહેતા 'માસ્તર' અને ભવાન ભગતની આસપાસ આકાર લે છે.

આ કથા આપણા ગ્રામ્યજીવન અને જ્ઞાતિ વ્યવસ્થાને સુપેરે અને યથાતથ રજૂ કરે છે તો ક્યાંક કેટલાક પ્રશ્નો પણ ઊભા કરે છે. ક્યાંક ફિલ્મી દ્રશ્યો જેવી ઘટનાઓ પણ આકાર લે છે. ઘટનાપ્રચૂર લાગતી આ કથા 'શોષાતા, રિબાતા, રવરવતા, વલવલતા ને તોયે ખુમારી ન છોડતાં જીવતરોને આલેખવાની જૉસેફ મેકવાનની કુનેહ બતાવે છે. અસ્પૃશ્યો અને કચડાયેલાંઓની દુવિધા- દુ:ખ, દર્દ અને સંઘર્ષોની આ કથા આપણને સમતા - સમાનતા તરફ એક ડગલું ભરાવે છે.

અંતમાં પ્રકાશ ન. શાહના પ્રાણવાન શબ્દોમાં કહીએ તો, "વર્ગભાને, વર્ણભાને, દલિત ઉન્મેષે, નારીચેતનાએ જે પ્રેરક અને ઉદ્દીપક ચિંતનઆંચકા આપ્યા છે એને કથિત મુખ્યપ્રવાહ જો આત્મસાત્ નહીં કરી શકે તો તે ગુજરાતી ભાવકની ખોટ હશે; કેમકે તરેહવાર અંતરિયાળ-સબલ્ટર્ન - પ્રવાહોના સર્જનાત્મક સમાદર વગર આપણાં આકલન અને આલેખન ઊણાંઅલૂણાં રહેવાનાં છે. એટલું જ નહીં પણ મને ને તમને મળવો જોઈતો, સતત સંકોરાતો રહેવો જોઈતો, નવા ને ન્યાયી સમાજનો સંસ્કાર પણ વેગળો રહેવાનો છે."





# કુંવરબાઈનું મામેરૂં યોજના



આ યોજનાનો મુખ્ય હેતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટેનો છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તેમજ આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે ખર્ચમાં મદદરૂપ થવા માટે કન્યાને DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા રૂ. ૧૨,000ની સહાય ચૂકવવામાં આવે છે.

## પાત્રતા/શરતો

- આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્નપ્રસંગે આપવામાં આવે છે.
- આવક મર્યાદા રૂ. ૬.00 લાખ છે.



કુંવરબાઇનું મામેરૂં યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.

# વંદે માતરમ્...





**Published on Date : 1-2-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026

• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**64 + 4 Cover = Total 68 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad

• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.


**To,**


**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦